سورة المجادلة مدنية وهي اثنتان وعشرون اية وثلث ركوعات

بسم الله الرحمن الرحيم

قد سمع الله قول التي تجادلك في زوجها
وتشتكي الى الله والله يسمع تحاوركما ان الله
سميع بصير ① الذين يظهرون منكم من نسائهم
ما هن امهتهم ان امهتهم الا الـي ولدنهم وانهم
ليقولون منكرا من القول وزورا وان الله لعفو
غفور ② والذين يظهرون من نسائهم ثم يعودون
لما قالوا فتحرير رقبة من قبل ان يتماسا ذلكم
توعظون به والله بما تعملون خبير ③ فمن لم
يجد فصيام شهرين متتابعين من قبل ان

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[1]**

**બેશક! અલ્લાહે તે સ્ત્રીની વાત સાંભળી જે તમારી સાથે પોતાના પતિ બાબત વિવાદ કરે છે[2] અને અલ્લાહને ફરિયાદ કરે છે અને અલ્લાહ તમારી બન્નેની વાતચીત સાંભળી રહ્યો છે. બેશક અલ્લાહ સાંભળતો દેખતો છે (૧) તેઓ જે તમારામાં પોતાની પત્નીઓને પોતાની માં ના સ્થાને કહી બેસે છે,[3] (પણ) તેણીઓ તેમની માતાઓ નથી.[4] તેમની માતાઓ તો તે સ્ત્રીઓ જ છે જેમનાથી તેઓ જન્મ્યા.[5] અને બેશક તેઓ ઉચ્ચારે છે બુરી અને તદ્દન જૂઠી વાત.[6] અને બેશક અલ્લાહ અવશ્ય માફ કરનાર બખ્શિશ કરનાર છે (૨) અને તેઓ જે પોતાની પત્નીઓને પોતાની માં સમાન કહે[7] પછી તેવું જ કરવા માંગે જેના માટે આટલી મોટી વાત કહી નાંખી[8] તો તેમના માટે અનિર્વાય છે[9] એક ગુલામ સ્વતંત્ર કરવો[10] એક બીજાને અડે ત્યાર પહેલાં[11]. આ છે જે નસીહત તમને કરાય છે. અને અલ્લાહ તમારાં કાર્યોનો જાણકાર છે (૩) પછી જેને ગુલામ ન મળે તો[12] લગાતાર બે મહીનાના રોઝા[13] એકબીજાને હાથ લગાડતાં પહેલાં.[14]**

સૂરએ મુજાદલહ મદીનામાં ઉતરેલી છે એમાં ૩ રૂકૂઅ ૨૨ આયતો ૪૭૩ શબ્દો અને ૧૭૯૨ અક્ષરો છે.

૨. તેણીનું નામ ખૌલહ બિન્તે સઅલબ હતું ઔસ બિન સામિતનાં પત્ની.

**શાને નુઝૂલ** :- કોઇ બાબતમાં ઔસે તેણીને કહ્યું કે; તુ મારા માટે મારી માંની પીઠ સમાન છે. પણ એવું કહ્યા પછી તેમને પસ્તાવો થયો. અજ્ઞાનયુગમાં આ વાક્ય તલાક માટે વપરાતું હતું. તેથી ઔસે કહ્યું કે; મારા ખ્યાલ મુજબ તુ મારા માટે હરામ થઇ ગઇ. ખૌલાએ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સેવામાં હાજર થઇને સમગ્ર બનાવ કહી સંભળાવ્યો અને કહ્યું કે; મારી દોલત તો વપરાઇ ગઇ, માં-બાપ મૃત્યુ પામ્યાં છે, ઉંમર વધી ગઇ છે, બાળકો નાનાં છે તેમને જો તેમના બાપ પાસે રહેવા દંઉ તો તેઓ મરી પરવારશે, મારી સાથે રાખું તો ભૂખે મરશે તો હવે એવી કઇ રીત છે કે જેનાથી મારી અને મારા પતિની વચ્ચે જુદાઇ થાય નહીં. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ ફરમાવ્યું; તારી બાબતમાં મારી પાસે કોઈ હુકમ નથી અર્થાત ઝેહાર (પત્નીને માં બરાબર કહેવી) બાબતે કોઇ નવો હુક્મ ઉતર્યો નથી. જુનો નિયમ એવો જ છે કે એનાથી પત્ની હરામ થઇ જાય છે. ખૌલાએ કહ્યું કે; યા રસૂલલ્લાહ ! ઔસે તલાકનો શબ્દ ઉચ્ચાર્યો નથી. તે મારાં બાળકોનો પિતા છે અને મને બહું જ વ્હાલો છે. આ રીતે તેઓ વાર વાર વિનંતી કરતાં રહયાં પણ મરજી મુજબનો જવાબ તેમને મળ્યો નહિ ત્યારે આકાશ તરફ નજર ફેરવીને કહેવા લાગ્યાં કે; યા અલ્લાહ ! હું તને મારી મોહતાજી નિસહાયતા અને પરેશાનીની ફરિયાદ કરૂં છું, તુ તારા નબી પર મારી બાબતમાં કોઇ એવો હુક્મ ઉતાર જેનાથી મારી મુસીબત ટળે. ત્યારે હઝરત આઇશહ સિદ્દીકહ રદીયલ્લાહુ તઆલા અન્હાએ કહ્યું; ચુપ રહે જો હુઝૂર પર વહીનાં ચિન્હો દેખાવા માંડયાં છે. જ્યારે વહી પુરી

يَتَمَآسَّا ۚ فَمَن لَّمْ يَسْتَطِعْ فَإِطْعَامُ سِتِّينَ مِسْكِينًا ۚ ذَٰلِكَ
لِتُؤْمِنُوا بِاللَّهِ وَرَسُولِهِ ۚ وَتِلْكَ حُدُودُ اللَّهِ ۗ وَلِلْكَافِرِينَ
عَذَابٌ أَلِيمٌ ﴿٤﴾ إِنَّ الَّذِينَ يُحَادُّونَ اللَّهَ وَرَسُولَهُ
كُبِتُوا كَمَا كُبِتَ الَّذِينَ مِن قَبْلِهِمْ ۚ وَقَدْ أَنزَلْنَا آيَاتٍ
بَيِّنَاتٍ ۚ وَلِلْكَافِرِينَ عَذَابٌ مُّهِينٌ ﴿٥﴾ يَوْمَ يَبْعَثُهُمُ اللَّهُ
جَمِيعًا فَيُنَبِّئُهُم بِمَا عَمِلُوا ۚ أَحْصَاهُ اللَّهُ وَنَسُوهُ ۚ وَاللَّهُ
عَلَىٰ كُلِّ شَيْءٍ شَهِيدٌ ﴿٦﴾ أَلَمْ تَرَ أَنَّ اللَّهَ يَعْلَمُ مَا فِي
السَّمَاوَاتِ وَمَا فِي الْأَرْضِ ۖ مَا يَكُونُ مِن نَّجْوَىٰ ثَلَاثَةٍ
إِلَّا هُوَ رَابِعُهُمْ وَلَا خَمْسَةٍ إِلَّا هُوَ سَادِسُهُمْ وَلَا أَدْنَىٰ مِن
ذَٰلِكَ وَلَا أَكْثَرَ إِلَّا هُوَ مَعَهُمْ أَيْنَ مَا كَانُوا ۖ ثُمَّ يُنَبِّئُهُم
بِمَا عَمِلُوا يَوْمَ الْقِيَامَةِ ۚ إِنَّ اللَّهَ بِكُلِّ شَيْءٍ عَلِيمٌ ﴿٧﴾

**પછી જેનાથી રોઝા પણ બની શકે નહિ[૧૫] તો સાઇઠ મિસ્કીનો નું પેટ ભરવું.[૧૬] આ એટલા માટે કે તમે અલ્લાહ અને તેના રસૂલ પર ઇમાન રાખો[૧૭] અને આ અલ્લાહની સીમાઓ છે[૧૮]. અને કાફિરો માટે દુ:ખદાયક અઝાબ છે (૪) બેશક જેઓ અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ કરે છે (તેઓ) ઝલીલ (અપમાનિત) કરવામાં આવ્યા જેવી રીતે કે તેમના આગલાઓને અપમાનિત કરવામાં આવ્યા.[૧૯] અને બેશક અમે સ્પષ્ટ આયતો ઉતારી[૨૦] અને કાફિરો માટે અપમાનનો અઝાબ છે (૫) જે દિવસે અલ્લાહ એ તમામને ઉઠાડશે[૨૧] પછી એમને એમનાં કરતુતોની ખબર આપશે,[૨૨] અલ્લાહે એ બધાં ગણી રાખ્યા છે અને તેઓ વિસરી ગયા છે.[૨૩] અને દરેક વસ્તુ અલ્લાહની સામે છે (૬) અય સાંભળનાર ! શું તેં જોયું કે અલ્લાહ જે કંઇ આકાશોમાં છે અને જે કંઇ પૃથ્વીમાં છે[૨૪] તે બધું જાણે છે. જ્યાં ક્યાંયે ત્રણ વ્યક્તિઓની ગુસપુસ હોય[૨૫] તો (ત્યાં) તો ચોથો તે ઉપસ્થિત છે[૨૬] અને પાંચની (હોય)[૨૭] તો છટ્ઠો તે,[૨૮] અને એનાથી વધારે (લોકો) કે એનાથી ઓછા[૨૯] (લોકો)ની (કોઇ છૂપી વાત એવી થતી) નથી પણ તે (અલ્લાહ) તેમની સાથે (હોય) છે[૩૦] (તેઓ) ગમે ત્યાં હોય. પછી તેમણે જે કંઇ કર્યું તે તેમને કયામતના દિવસે જણાવી દેશે. બેશક અલ્લાહ સર્વ કંઇ જાણે છે (૭)**

થઇ ત્યારે ફરમાવ્યું; તારા પતિને બોલાવ. ઔસ હાજર થયા ત્યારે હુઝૂરે આ આયતો પઢી સંભળાવી.

૩. અર્થાત ઝેહાર કરે છે. ''ઝેહાર'' તેને કહે છે કે પોતાની પત્નીને વંશના કારણે અથવા ધાવણ ના કારણે હરામ હોય તેવી સ્ત્રીના શરીરના કોઇ એવા ભાગ સાથે સરખાવવામાં આવે જેનું જોવું હરામ હોય. દા. ત. પત્નીને કહ્યું કે; તું મારા માટે મારી માંની પીઠ સમાન છે. અથવા પત્નીના એવા અવયવને જેનાથી આખી પત્ની સમજાતી હોય અથવા તેના શરીરના કોઇ મહત્વના અવયવને હરામ સ્ત્રીના એવા અવયવ સાથે સરખાવે જેનું જોવું હરામ હોય. દા. ત. એવું કહે કે; તારૂ માથું અથવા તારૂં અડધું શરીર મારી માંની પીઠ અથવા મારી માંના પેટ સમાન છે અથવા તેણીની જાંઘ સમાન છે અથવા મારી બહેન અથવા ફોઇ અથવા દૂધ માંની પીઠ અથવા પેટ સમાન છે. તો એવું કહેવું 'ઝેહાર' કહેવાય છે.

૪. એવું કહેવાથી તેણીઓંઓ (પત્નીઓ)માં બની જતી નથી.

૫. **મસઅલો** :- અને દૂધ માં દૂધ પીવાડવાના કારણે માં ના હુકમમાં છે. અને નબીએ કરીમ સલ્લ-લ્લાહુ અલયહિ વસલ્લમની પત્નીઓ સન્માનના કારણે માં બલ્કે માં થી પણ વધારે બુલંદ છે.

૬. કે પત્નીને માં સાથે સરખાવે છે પત્નીને માં સાથે સરખાવવી કોઇ રીતે પણ ઉચિત નથી.

૭. અર્થાત તેણીઓ સાથે ઝેહાર કરે.

**મસઅલો** :- આ આયતથી જણાયું કે લોંડી સાથે ઝેહાર નથી, જો લોંડીને હરામ સ્ત્રી સાથે સરખાવશે તો ઝેહાર નહિ ગણાય.

૮. અર્થાત તે ઝેહારને તોડી નાખવું અને હુરમતને ઉઠાવી લેવી.

**શું તમે તેમને જોયા નહિ જેમને ખરાબ મસ્લત કરવાની મનાઇ કરવામાં આવી હતી (છતાં) ફરી તેવું જ કરે છે[૩૧] જેની મનાઇ થઇ હતી અને પરસ્પર ગુન્હાની અને હદનું ઉલ્લઘંન કરવાની[૩૨] અને રસૂલના હુકમોનું પાલન નહિ કરવાની મસલત કરે છે,[૩૩] અને જ્યારે તમારી સમક્ષ હાજર થાય છે ત્યારે એવા શબ્દો વડે તમને સલામી આપે છે જે શબ્દો અલ્લાહે તમારા સન્માનમાં કહ્યા નથી[૩૪] અને પોતાના મનોમાં કહે છે ; અમારા આ કહેવા બદલ[૩૫] અલ્લાહ અમને શિક્ષા કેમ આપતો નથી ? તેમના માટે જહન્નમ પુરતી છે, તેમાં ફસકાય પડશે તો કેટલો ખરાબ અંત (૮) અય ઇમાનવાળાઓ ! તમે જ્યારે પરસ્પર સલાહ મશ્વેરો કરો ત્યારે ગુનાહ નો અને હદનું ઉલ્લંઘન કરવાનો અને રસૂલના હુકમનું પાલન નહિ કરવાનો સલાહ મશવરો કરો નહિ,[૩૬] અને નેકી તેમ જ પરહેઝગારીનો મશ્વરો કરો, અને અલ્લાહથી ડરો જેની તરફ ઉઠાડવામાં આવશે (૯) તે મસ્લત તો શયતાન તરફથી જ છે[૩૭] એટલા માટે કે ઇમાનવાળાઓને તકલીફ આપે અને તે એમનું કશું બગાડી શકતો નથી અલ્લાહના હુકમ વગર, અને મુસલા માનોને અલ્લાહ પર જ વિશ્વાસ જોઇએ[૩૮] (૧૦) અય ઇમાનવાળાઓ ! જ્યારે તમને કહેવામાં આવે કે ; મજલિસોમાં જગ્યા (કરી) આપો તો જગ્યા (કરી)**

قد سمع الله ٢٨ المجادلة ٥٨

أَلَمْ تَرَ إِلَى الَّذِينَ نُهُوا عَنِ النَّجْوَىٰ ثُمَّ يَعُودُونَ لِمَا
نُهُوا عَنْهُ وَيَتَنَاجَوْنَ بِالْإِثْمِ وَالْعُدْوَانِ وَمَعْصِيَتِ
الرَّسُولِ وَإِذَا جَاءُوكَ حَيَّوْكَ بِمَا لَمْ يُحَيِّكَ بِهِ اللَّهُ
وَيَقُولُونَ فِي أَنْفُسِهِمْ لَوْلَا يُعَذِّبُنَا اللَّهُ بِمَا نَقُولُ
حَسْبُهُمْ جَهَنَّمُ يَصْلَوْنَهَا فَبِئْسَ الْمَصِيرُ ﴿٨﴾ يَا أَيُّهَا
الَّذِينَ آمَنُوا إِذَا تَنَاجَيْتُمْ فَلَا تَتَنَاجَوْا بِالْإِثْمِ
وَالْعُدْوَانِ وَمَعْصِيَتِ الرَّسُولِ وَتَنَاجَوْا بِالْبِرِّ وَالتَّقْوَىٰ
وَاتَّقُوا اللَّهَ الَّذِي إِلَيْهِ تُحْشَرُونَ ﴿٩﴾ إِنَّمَا النَّجْوَىٰ
مِنَ الشَّيْطَانِ لِيَحْزُنَ الَّذِينَ آمَنُوا وَلَيْسَ بِضَارِّهِمْ
شَيْئًا إِلَّا بِإِذْنِ اللَّهِ وَعَلَى اللَّهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُونَ ﴿١٠﴾
يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِذَا قِيلَ لَكُمْ تَفَسَّحُوا فِي الْمَجَالِسِ

૯. ઝેહારનો કફ્ફારો. તો તેમના માટે જરૂરી છે...

૧૦. તે મુઅમિન હોય કે કાફિર, નાનો હોય કે મોટો, પુરૂષ હોય કે સ્ત્રી. હા મુદબ્બર, ઉમ્મે વલદ અને એવો મુકાતબ ન હોવો જોઇએ જેણે પોતાની સ્વતંત્રા મેળવવા કંઇક આપી દીધેલું હોય.

૧૧. **મસઅલો** :- આથી જણાયું કે એ કફ્ફારો આપતાં પહેલાં સંભોગ અને તેના તરફ દોરતાં કામો હરામ છે.

૧૨. તેનો કફ્ફારો......

૧૩. એક પછી એક. એ રીતે કે એ બે મહીનાઓ દરમ્યાન રમઝાન આવે નહિ અને ન તો તે પાંચ દિવસો આવે જેમાં રોઝો રાખવો મના છે. અને કોઇ કારણસર કે વગર કારણે વચમાંથી રોઝો છોડી દેવાય નહિ. જો એવું થશે તો નવેસરથી રોઝા રાખવા પડશે.

૧૪. **મસાઇલ** :- અર્થાત રોઝા વડે જે કફ્ફારો અપાય તે પણ સંભોગ અને એ તરફ દોરતી વસ્તુઓ કરતાં પહેલો હોવો જોઇએ અને જ્યાં સુધી તે રોઝા પુરા થઇ જાય નહિ ત્યાં સુધી પતિ-પત્નીમાંથી કોઇ એકબીજાને હાથ લગાડે નહિ.

૧૫. અર્થાત તેને રોઝા રાખવાની શક્તિ જ ન હોય વૃધ્ધાવસ્થા અથવા બીમારીના કારણે. અથવા રોઝા તો રાખી શકે છે પણ લગાતાર રાખી શકતો ન હોય.

૧૬. અર્થાત ૬૦ મિસ્કીનોને જમણ આપવું અને એ એવી રીતે કે દરેક મિસ્કીનને અડધો સાઅ (માપ) ઘંઉ અથવા એક સાઅ જવ અથવા ખજૂર આપે. અને જો મિસ્કીનોને તેની કિંમત આપી અથવા સવાર સાંજે

બન્ને સમય તેમને પેટ ભરીને ખવડાવ્યું તો પણ જાઇઝ છે.

**મસઅલો** :- એ કફ્ફારામાં એવી શરત નથી કે એ એકબીજાને હાથ લગાડતાં પહેલાં હોવો જોઇએ એટલે સુધી કે ખાવા ખવડાવતી વખતે પતિ-પત્નીએ સંભોગ કર્યો તો નવો કફ્ફારો લાગુ પડશે નહિ.

૧૭. અને અલ્લાહ તેમ જ રસૂલનું કહ્યું માનો અને જાહેલિયતના રીત રિવાજો છોડો.

૧૮. એને તોડવી અને એનું ઉલ્લંઘન કરવું જાઇઝ નથી.

૧૯. રસૂલોનો વિરોધ કરવાના કારણે.

૨૦. રસૂલોની સત્યતા દર્શાવતી.

૨૧. કોઇ એકને પણ રહેવા દેશે નહિ.

૨૨. ફજેત અને શરમિંદા કરવા માટે.

૨૩. પોતાનાં કર્મો જે દુનિયામાં કરતા હતા.

૨૪. તેનાથી કશું જ છુપું નથી.

૨૫. અને પોતાના ભેદની વાતો એકમેકના કાનમાં કહે અને પોતાની મસ્લત વિષે કોઇને કશું જણાવે નહિ.

૨૬. અર્થાત અલ્લાહ તઆલા તેમનું નિરિક્ષણ કરે છે, અને તેમના ભેદોને જાણે છે.

૨૭. છાની વાત હોય.

૨૮. અર્થાત અલ્લાહ તઆલા.

૨૯. અર્થાત પાંચ અને ત્રણથી.

૩૦. પોતાના ઇલ્મ અને કુદરત વડે.

૩૧. **શાને નુઝૂલ** :- આ આયત યહૂદીઓ અને મુનાફિકો વિષે ઉતરી જેઓ પરસ્પર ગુસપુસ કરતા અને મુસલમાનો તરફ જોતા જતા અને આંખોથી તેમની તરફ ઇશારાઓ કરતા જતા હતા જેથી મુસલ-માનો એવું સમજે કે એમના વિરૂધ્ધમાં કોઇ છુપો મશ્વરો થઇ રહ્યો છે અને તેથી તેમને દુ:ખ થાય. તેઓના આવા કાર્યથી મુસલમાનોને ગમ થતો હતો અને કહેતા કે; કદાચ આ લોકોને અમારા જિહાદમાં ગએલા ભાઇઓ વિષે તેમના મરાય જવાની અથવા હારી જવાની ખબર મળી છે અને તેના વિષે જ આ લોકો વાતો કરે છે અને ઇશારા કરે છે. જ્યારે મુનાફિકોના આવા ચેનચાળા ખૂબ વધી ગયા અને મુસલમાનોએ હુઝૂરના દરબારમાં એની ફરિયાદ કરી ત્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ગુસપુસ કરનારાઓને (તેવું કરવાની) મનાઇ કરી પરંતુ તેઓ અટક્યા નહિ અને એવું કરતા જ રહ્યા ત્યારે આ આયત ઉતરી.

૩૨. ગુન્હાઓ અને હદનું ઉલ્લંઘન કરવાનું એ છે કે મક્કારી સાથે ગુસપુસ કરીને મુસલમાનોને ફિકર અને ચિંતામાં નાખે છે.

૩૩. અને રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નાફરમાની એ કે મનાઇ કરવા છતાં અટકતા નથી અને એવું પણ કહેવાયુ છે કે એકબીજાને રસૂલનું કહ્યું નહિ માનવાનો મશ્વરો આપતા હતા.

૩૪. યહૂદીઓ જ્યારે હુઝૂરની સેવામાં ઉપસ્થિત થતા ત્યારે અસ્સામુ અલૈક કહેતા હતા ''સામ'' મૃત્યુ ને કહે છે. હુઝૂર તેમના જવાબમાં ''અલૈકુમ'' કહી આપતા.

૩૫. તેમનો હેતુ એવું કહેવામાં એ હતો કે જો હુઝૂર નબી હોત તો અમારી આ ગુસ્તાખી બદલ અલ્લાહ અમને અઝાબ કરત, અલ્લાહ ફરમાવે છે.....

૩૬. અને જે રીતે યહૂદીઓ અને મુનાફિકોની છે તેનાથી વેગળા રહો.

**આપો, અલ્લાહ તમને જગ્યા આપશે.[૩૯] અને જ્યારે કહેવામાં આવે કે ; ઉભા થઇ જાવ[૪૦] તો ઉભા થઇ જાવ, અલ્લાહ તમારા ઇમાનવાળાઓના અને જેમને ઇલ્મ આપવામાં આવ્યું છે[૪૧] તેમના દરજ્જાઓ બુલંદ કરશે. અને અલ્લાહને તમારાં કર્મોની ખબર છે (૧૧) અય ઇમાનવાળાઓ ! જ્યારે તમે રસૂલને કોઇ વાત ચુપકીદીથી કહેવા માંગો તો પોતાની વિનંતીથી પહેલાં કંઇક સદકો આપી દો.[૪૨] એ તમારા માટે ઉત્તમ અને ખૂબ સ્વચ્છ છે. પછી જો તમારી શક્તિ ન હોય તો અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૨) શું તમે એનાથી બ્હી ગયા કે પોતાની વિનંતીથી પહેલાં તમે કંઇક સદકાઓ આપો ?[૪૩] પછી જ્યારે તમે એવું કર્યું નહિ અને અલ્લાહે પોતાની મહેરબાનીથી તમારા પરથી પાછુ ખેંચી લીધું[૪૪] તો નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો અને અલ્લાહ તેમ જ તેના રસૂલના આજ્ઞાંકિત રહો. અને અલ્લાહ તમારાં કામોને જાણે છે (૧૩) શું તમે તેઓને જોયા નહિ જેઓ એવાઓ ના મિત્રો બન્યા જેમની ઉપર અલ્લાહનો કોપ છે,[૪૫] તેઓ ન તો તમારી અંદરના ન તો તેમની માંહેના,[૪૬] તેઓ (તો) જાણી બુઝીને જૂઠી કસમ ખાય છે[૪૭] (૧૪)**

قد سمع الله ٢٨ المجادلة ٥٨

فَافْسَحُوا يَفْسَحِ اللَّهُ لَكُمْ ۖ وَإِذَا قِيلَ انشُزُوا فَانشُزُوا
يَرْفَعِ اللَّهُ الَّذِينَ آمَنُوا مِنكُمْ وَالَّذِينَ أُوتُوا الْعِلْمَ
دَرَجَاتٍ ۚ وَاللَّهُ بِمَا تَعْمَلُونَ خَبِيرٌ ﴿١١﴾ يَا أَيُّهَا الَّذِينَ
آمَنُوا إِذَا نَاجَيْتُمُ الرَّسُولَ فَقَدِّمُوا بَيْنَ يَدَيْ نَجْوَاكُمْ
صَدَقَةً ۚ ذَٰلِكَ خَيْرٌ لَّكُمْ وَأَطْهَرُ ۚ فَإِن لَّمْ تَجِدُوا
فَإِنَّ اللَّهَ غَفُورٌ رَّحِيمٌ ﴿١٢﴾ أَأَشْفَقْتُمْ أَن تُقَدِّمُوا
بَيْنَ يَدَيْ نَجْوَاكُمْ صَدَقَاتٍ ۚ فَإِذْ لَمْ تَفْعَلُوا وَتَابَ
اللَّهُ عَلَيْكُمْ فَأَقِيمُوا الصَّلَاةَ وَآتُوا الزَّكَاةَ وَأَطِيعُوا
اللَّهَ وَرَسُولَهُ ۚ وَاللَّهُ خَبِيرٌ بِمَا تَعْمَلُونَ ﴿١٣﴾ أَلَمْ تَرَ إِلَى
الَّذِينَ تَوَلَّوْا قَوْمًا غَضِبَ اللَّهُ عَلَيْهِم مَّا هُم مِّنكُمْ
وَلَا مِنْهُمْ وَيَحْلِفُونَ عَلَى الْكَذِبِ وَهُمْ يَعْلَمُونَ ﴿١٤﴾

૩૭. જેમાં ગુન્હો અને હદનું ઉલ્લંઘન અને રસૂલની નાફરમાની હોય, અને શયતાન પોતાનાં સૈન્યો ને એવું કરવા ઉશ્કેરે છે.

૩૮. કે વિશ્વાસ કરનાર ખોટમાં રહેતો નથી.

૩૯. **શાને નુઝૂલ** :- નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ બદ્રમાં ભાગ લેનાર સહાબીઓની ઇજ્જત કરતા હતા. એક સમયે અમુક બદરી સહાબા એવા સમયે આવ્યા કે મજલિસ ભરાઇ ચૂકી હતી તેમણે હુઝૂરની સ્હામે ઉભા રહીને સલામ કરી, હુઝૂરે જવાબ આપ્યો પછી તેઓએ શ્રોતાઓને સલામ કરી તેમણે જવાબ આપ્યો પછી તેઓ એવી રાહ જોઇને ઉભા રહ્યા કે તેમના માટે મજલિસમાં જગ્યા કરવામાં આવશે પણ કોઇએ જગ્યા આપી નહિ. હુઝૂરને એ ગમ્યું નહિ તેથી પોતાના નજીકવાળાઓને ઉઠાડીને આપે તેમના માટે જગ્યા કરી આપી. ઉઠનારાઓને ઉઠવાનું ગમ્યું નહિ. તે બાબત આ આયત ઉતરી.

૪૦. નમાઝ માટે અથવા જિહાદ માટે અથવા બીજા કોઇ નેક કામ માટે. અને ઝિક્રે રસૂલની તાઝીમ માટે ઉભું થવું પણ એમાં સામેલ છે.

૪૧. અલ્લાહ અને તેના રસૂલની આજ્ઞાનું પાલન કરવા બદલ.

૪૨. કે એમાં હુઝૂરની બારગાહમાં હાજરીનો અદબ અને તાઝીમ તેમ જ ગરીબોનો લાભ છે.

**શાને નુઝૂલ** :- સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના દરબારમાં જ્યારે માલદાર લોકોએ વાતચીત ખૂબ લંબાવવા માંડી અને વાત એટલી હદે પહોંચી ગઇ કે ગરીબ લોકોને પોતાની વાત કહેવાનો સમય ઓછો મળવા લાગ્યો ત્યારે અરજ કરનારાઓને અરજ કરતાં પહેલાં સદકો આપવાનો હુકમ આપવામાં

أَعَدَّ اللّٰهُ لَهُمْ عَذَابًا شَدِيدًا ۖ إِنَّهُمْ سَاءَ مَا كَانُوا
يَعْمَلُونَ ﴿١٥﴾ اتَّخَذُوا أَيْمَانَهُمْ جُنَّةً فَصَدُّوا عَنْ
سَبِيلِ اللّٰهِ فَلَهُمْ عَذَابٌ مُهِينٌ ﴿١٦﴾ لَنْ تُغْنِيَ عَنْهُمْ
أَمْوَالُهُمْ وَلَا أَوْلَادُهُمْ مِنَ اللّٰهِ شَيْئًا ۚ أُولٰئِكَ
أَصْحٰبُ النَّارِ ۖ هُمْ فِيهَا خٰلِدُونَ ﴿١٧﴾ يَوْمَ يَبْعَثُهُمُ اللّٰهُ
جَمِيعًا فَيَحْلِفُونَ لَهُ كَمَا يَحْلِفُونَ لَكُمْ وَيَحْسَبُونَ
أَنَّهُمْ عَلٰى شَيْءٍ ۚ أَلَا إِنَّهُمْ هُمُ الْكٰذِبُونَ ﴿١٨﴾ اسْتَحْوَذَ
عَلَيْهِمُ الشَّيْطٰنُ فَأَنْسٰهُمْ ذِكْرَ اللّٰهِ ۚ أُولٰئِكَ حِزْبُ
الشَّيْطٰنِ ۚ أَلَا إِنَّ حِزْبَ الشَّيْطٰنِ هُمُ الْخٰسِرُونَ ﴿١٩﴾
إِنَّ الَّذِينَ يُحَادُّونَ اللّٰهَ وَرَسُولَهُ أُولٰئِكَ فِي
الْأَذَلِّينَ ﴿٢٠﴾ كَتَبَ اللّٰهُ لَأَغْلِبَنَّ أَنَا وَرُسُلِي ۚ إِنَّ اللّٰهَ

منزل ٧

**અલ્લાહે તેમના માટે તૈયાર કરી રાખ્યો છે અઝાબ સખત. બેશક તેઓ ઘણાં જ ખરાબ કામો કરી રહ્યા છે (૧૫) તેમણે પોતાની કસમોને[૪૮] ઢાલ બનાવી લીધી છે[૪૯]. તો અલ્લાહના માર્ગથી (લોકોને) રોકયા[૫૦] તો તેમના માટે અપમાનનો અઝાબ છે[૫૧] (૧૬) તેમનો માલ અને તેમની ઔલાદ અલ્લાહની સ્હામે તેમને કશા કામ આવવાની નથી[૫૨] તેઓ દોઝખી છે તેમને એમાં હમેશાં રહેવાનું (૧૭) જે દિવસે અલ્લાહ એ સર્વને ઉઠાડશે ત્યારે તેની સમક્ષ પણ આવી જ કસમો ખાશે જેવી તમારી રૂબરૂ ખાય છે[૫૩] અને તેઓ એવું સમજે છે કે તેમણે કંઇક કરી દેખાડયું.[૫૪] સાંભળો છો ! બેશક તેઓ જ જૂઠા છે[૫૫] (૧૮) તેમની ઉપર શૈતાન છવાઇ ગયો તો તેમણે અલ્લાહની યાદ ભૂલાવી દીધી તેઓ શયતાનનું ટોળું છે. સાંભળો છો ! બેશક શયતાનનું ટોળું જ પરાજ્ય માં છે[૫૬] (૧૯) બેશક તેઓ વિરોધ કરે છે અલ્લાહનો અને તેના રસૂલનો તેઓ બધાંથી વધારે તુચ્છ લોકોમાં છે (૨૦) અલ્લાહ લખી ચૂકયો છે[૫૭] કે અવશ્ય હું જ**

આવ્યો અને એ હુકમ પર હઝરત અલી રદીયલ્લાહુ અન્હુએ અમલ કર્યો, એક દીનાર સદકો કાઢીને દસ મસ્અલાઓ પૂછ્યા, પૂછયું; યા રસૂલલ્લાહ ! વફા શું છે ? ફરમાવ્યું; તૌહીદ અને તૌહીદની ગવાહી આપવી. પૂછયું, ફસાદ શું છે ? ફરમાવ્યું; કુફ્ર અને શિર્ક. પૂછયું; હક શું છે ? ફરમાવ્યું; ઇસ્લામ, કુરઆન અને વિલાયત જ્યારે કે તને મળે. પૂછયું; હીલો શું છે ? અર્થાત તદબીર (પ્રયત્ન અથવા યુક્તિ) ફરમાવ્યું; હીલાને તિલાંજલી. પૂછયું; મારા માટે શું અનિર્વાય છે ? ફરમાવ્યું; અલ્લાહ તઆલા અને તેના રસૂલની આજ્ઞાઓનું પાલન. પૂછ્યું; અલ્લાહ તઆલા પાસે કેવી રીતે દુઆ માંગુ ? ફરમાવ્યું; સત્યતા અને શ્રધ્ધાપૂર્વક. પૂછ્યું; શું માંગુ ? ફરમાવ્યું; આકેબત. પૂછ્યું; મારી નજાત (મોક્ષ-છુટકારો) માટે શું કરૂં ? ફરમાવ્યું; હલાલ ખા અને સાચું બોલ. પૂછ્યું; સુરૂર (હર્ષ) શું છે ? ફરમાવ્યું; જન્નત. પૂછ્યું; રાહત શું છે ? ફરમાવ્યું; અલ્લાહ તઆલાનો દીદાર. જ્યારે હઝરત અલી આ સવાલો પૂછીને પરવારી ગયા ત્યારે એ હુકમ મન્સૂખ થઇ ગયો અને છુટ આપવામાં આવી અને હઝરત અલી સિવાય કોઇને એના પર અમલ કરવાનો સમય મળ્યો નહિ. (મદારિક, ખાઝિન) હઝરત મુતરજિમે (આલા હઝરત) ફરમાવ્યું કે; અવલિયા અલ્લાહના મઝારો પર લોકો સદકો કરવા જે મીઠાઇ વિગેરે લઇ જાય છે આ તેનો આધાર છે.

૪૩. પોતાની ગરીબી અને નાદારીના કારણે.

૪૪. અને પહેલાં સદકો નહિ કાઢવા બદલની પકડ તમારા પરથી ઉઠાવી લેવામાં આવી અને તમને અધિકાર આપવામાં આવ્યો.

૪૫. જે લોકો પર અલ્લાહ તઆલાનો કોપ (ગઝબ) છે તેઓ યહૂદીઓ છે અને તેમની સાથે મૈત્રી

قَوِيٌّ عَزِيزٌ ﴿٢١﴾ لَا تَجِدُ قَوْمًا يُؤْمِنُونَ بِاللَّهِ وَالْيَوْمِ
الْآخِرِ يُوَادُّونَ مَنْ حَادَّ اللَّهَ وَرَسُولَهُ وَلَوْ كَانُوا
آبَاءَهُمْ أَوْ أَبْنَاءَهُمْ أَوْ إِخْوَانَهُمْ أَوْ عَشِيرَتَهُمْ أُولَٰئِكَ
كَتَبَ فِي قُلُوبِهِمُ الْإِيمَانَ وَأَيَّدَهُمْ بِرُوحٍ مِنْهُ
وَيُدْخِلُهُمْ جَنَّاتٍ تَجْرِي مِنْ تَحْتِهَا الْأَنْهَارُ خَالِدِينَ
فِيهَا رَضِيَ اللَّهُ عَنْهُمْ وَرَضُوا عَنْهُ أُولَٰئِكَ حِزْبُ
اللَّهِ أَلَا إِنَّ حِزْبَ اللَّهِ هُمُ الْمُفْلِحُونَ ﴿٢٢﴾
سُورَةُ الْحَشْرِ بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
سَبَّحَ لِلَّهِ مَا فِي السَّمَاوَاتِ وَمَا فِي الْأَرْضِ وَهُوَ الْعَزِيزُ
الْحَكِيمُ ﴿١﴾ هُوَ الَّذِي أَخْرَجَ الَّذِينَ كَفَرُوا مِنْ أَهْلِ
الْكِتَابِ مِنْ دِيَارِهِمْ لِأَوَّلِ الْحَشْرِ مَا ظَنَنْتُمْ أَنْ يَخْرُجُوا

**વિજેતા થઇશ અને મારા રસૂલ.[૫૮] બેશક અલ્લાહ શક્તિશાળી ઇજ્જતવાળો છે (૨૧) જે લોકો અલ્લાહ પર અને પાછલા દિવસ પર યકીન ધરાવે છે તેમને તમે એવા લોકો સાથે મૈત્રી ધરાવતા દેખશો નહિ જેમણે અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ કર્યો[૫૯] ભલેને તે તેમના બાપ અથવા દીકરાઓ અથવા ભાઇઓ અથવા કુટુંબીઓ હોય.[૬૦] આ છે તે લોકો જેમના હૃદયોમાં અલ્લાહે ઇમાન કોતરી દીધું અને પોતાના તરફની રૂહ વડે તેમની સહાય કરી,[૬૧] અને તેમને બગીચાઓમાં લઇ જશે જેમની નીચે નહેરો વહે તેમાં હમેશાં રહેશે, અલ્લાહ તેમનાથી ખુશ[૬૨] અને તેઓ અલ્લાહથી ખુશ,[૬૩] તેઓ અલ્લાહનું જુથ છે. સાંભળો છો ! અલ્લાહનું જુથ જ સફળ છે (૨૨)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૬૪]**

**જે કંઇ આકાશોમાં અને જે કંઇ પૃથ્વીમાં છે તે અલ્લાહની પવિત્રતા બોલે છે અને તે જ ઇજ્જતવાળો અને હિકમતવાળો છે[૬૫] (૧) તે જ છે જેણે આ કાફિર કિતાબ વાળાઓને[૬૬] તેમના ઘરોમાંથી કાઢયા[૬૭] તેમના પ્રથમ**

ધરાવનાર મુનાફિકો (હતા).

૪૬. અર્થાત મુનાફિક છે. મુસલમાન પણ નહિ અને યહૂદી પણ નહિ.

**શાને નુઝૂલ** :- આ આયત અબ્દુલ્લાહ બિન બન્તલ મુનાફિક વિષે ઉતરી જે હુઝૂરની મજલિસમાં હાજર રહેતો હતો અને અહીંની વાત યહૂદીઓને પહોંચાડતો હતો. એક દિવસ હુઝૂર ઘરમાં હાજર હતા ત્યારે હુઝૂરે ફરમાવ્યું કે; હમણાં એક માણસ આવશે જેનું હૃદય ઘણું જ સખત છે અને તે શયતાનની આંખે જુએ છે. થોડીવારમાં જ અબ્દુલ્લાહ બિન બન્તલ આવ્યો, તેની આંખો લીલી હતી. હુઝૂરે તેને કહ્યું કે; તુ અને તારા સાથીદારો શા માટે અમને ગાળો ભાંડો છો ? તેણે કસમ ખાધી કે તે એવું કરતો નથી. અને પોતાના સાથીદારોને પણ તેડી લાવ્યો તેમણે પણ કસમો ખાધી કે; અમે આપને ગાળો ભાંડી નથી. તે બાબત આ આયત ઉતરી.

૪૭. જે જૂઠી છે.

૪૮. જે જૂઠી છે.

૪૯. કે જેથી તેમના જાન-માલને આંચ આવે નહિ.

૫૦. અર્થાત મુનાફિકોએ આવી મકકારીઓ દ્વારા લોકોને જેહાદથી અટકાવ્યા. અને અમુક તફસીર-કારોએ એવો અર્થ કહ્યો છે કે લોકોને ઇસ્લામ સ્વીકારવાથી અટકાવ્યા.

૫૧. આખેરતમાં.

૫૨. અને કયામતના દિવસે તેઓને અલ્લાહના અઝાબથી બચાવી શકશે નહિ.

૫૩. કે દુનિયામાં નિખાલસ મુઅમિન હતા.

૫૪. અર્થાત તેઓ પોતાની એ જૂઠી કસમોને લાભદાયક સમજે છે.

૫૫. પોતાની કસમોમાં અને એવા જૂઠા છે કે દુનિયામાં પણ જૂઠ બોલતા રહ્યા છે અને આખેરતમાં પણ, રસૂલની સ્હામે પણ અને અલ્લાહની સ્હામે પણ.

૫૬. કે તેઓ જન્નતની કાયમી નેઅમતોથી વંચિત અને જહન્નમના કાયમી અઝાબમાં સપડાએલા છે.

૫૭. લવહે મહફૂઝમાં.

૫૮. દલીલો અને સાબિતીઓ વડે અથવા તલ્વાર વડે.

૫૯. અર્થાત મુઅમિનોથી એવું થઇ શકતું જ નથી અને એ તેમને છાજતું જ નથી અને ઇમાન એને ચલાવી લઇ શકતું જ નથી કે અલ્લાહ અને રસૂલના દુશ્મન સાથે મૈત્રી કરે.

**મસઅલો** :- આ આયતથી જણાયું કે બદ દીન લોકો અને બદમઝહબો અને અલ્લાહ તેમ જ રસૂલની શાનમાં ગુસ્તાખી કરનારાઓ અને બેઅદબી કરનારાઓ સાથે મોહબ્બત અને મેળમિલાપ રાખવો જાઇઝ નથી.

૬૦. જેમકે હઝરત અબૂ ઉબેદા જર્રાહ રદીયલ્લાહુ અન્હુએ ઉહદની લડાઇમાં પોતાના બાપ જર્રાહને કતલ કર્યો અને હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હુએ બદ્રની લડાઇમાં પોતાના દીકરા અબ્દુર્રહમાનને મુકાબલા માટે લલકાર્યા પણ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમને એ મુકાબલાની પરવાનગી આપી નહિ (અબ્દુર્રહમાન પછી મુસલમાન બની ગયા) અને મુસઅબ બિન ઉમૈરે પોતાના ભાઇ અબ્દુલ્લાહ બિન ઉમૈરને કતલ કર્યો અને હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુએ પોતાના મામા આસ બિન હિશામને બદ્રની લડાઇમાં કતલ કર્યા અને હઝરત અલી બિન અબી તાલિબ અને હઝરત હમઝા અને અબૂ ઉબેદાએ રબીઆના પુત્રો ઉત્બા અને શયબાને તેમજ વલીદ બિન ઉતબાને બદ્રમાં કતલ કર્યા જેમની સાથે તેઓના સગાઇ સંબંધો હતા. અલ્લાહ અને રસૂલ પર ઇમાન લાવનારાઓને સગાઇ સંબંધોની શું શરમ ?

૬૧. એ રૂહ એટલે યા તો અલ્લાહની મદદ યા ઇમાન યા કુરઆન અથવા જિબ્રઇલ અથવા અલ્લાહની રહમત અથવા નૂર.

૬૨. તેમના ઇમાન નિખાલસતા અને આજ્ઞા પાલનના કારણે.

૬૩. તેની મહેરબાની અને કરમથી.

૬૪. સૂરએ હશ્ર મદીનામાં ઉતરેલી છે. એમાં ત્રણ રૂકૂઅ ૨૪ આયતો ૪૪૫ શબ્દો અને ૧૯૧૩ અક્ષરો છે.

૬૫. **શાને નુઝૂલ** :- આ સૂરત બની નુદેર કબીલા વિષે ઉતરી. એ લોકો યહૂદી હતા. જ્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ મદીનામાં પધાર્યા ત્યારે તેમણે હુઝૂર સાથે એવી શરતે સુલેહ કરી કે આપની સ્હામે લડશે નહિ અને આપનો સાથ આપવા કોઇ બીજા સાથે પણ નહિ લડે. જ્યારે બદ્રની લડાઇમાં ઇસ્લામનો વિજય થયો ત્યારે બની નુદેરવાળા બોલ્યા; આ તે નબી જ છે જેમનું વર્ણન તવરાતમાં છે. પછી જ્યારે ઉહદની લડાઇમાં મુસલમાનોને પરાજ્યની પરિસ્થિતિનો સામનો થયો ત્યારે તેઓ શંકામાં પડી ગયા અને તેમણે હુઝૂર અને હુઝૂરના ગુલામો (મુસલમાનો) સાથે અદાવત જાહેર કરી અને જે કરાર કર્યો હતો તેનો ભંગ કર્યો અને તેમનો એક આગેવાન કઅબ બિન અશરફ યહૂદી ચાલીસ યહૂદી આગેવાનોને સાથે લઇને મક્કા મુકર્રમા ગયો અને કઅબા મુઅઝ્ઝમાના પરદાઓ પકડીને કુરેશના સરદારો સાથે હુઝૂર

**હશ્ર માટે,[૬૮] તમારી ધારણા ન હતી કે તેઓ નીકળશે,[૬૯] અને તેઓ (પણ એવું) સમજતા હતા કે તેમના કિલ્લાઓ તેમને અલ્લાહથી ઉગારી લેશે, તો અલ્લાહનો હુક્મ તેમની પાસે આવ્યો જ્યાંથી (આવવાની) કોઇ કલ્પના પણ તેમને હતી નહિ,[૭૦] અને તેણે તેમના હૃદયોમાં રૂઆબ ભરી દીધો[૭૧] કે પોતાનાં જ ઘરો પોતાના[૭૨] અને મુસલમાનોના હાથોએ[૭૩] વેરાન કરે છે. તો અય દ્રષ્ટિ ધરાવનારાઓ ! બોધગ્રહણ કરો (૨) અને જો અલ્લાહ તેમના માટે ઘરોમાંથી રખડી પડવાનું લખી દીધું ન હોત તો તેમની ઉપર દુનિયામાં જ અઝાબ મોકલત[૭૪]. અને તેમના માટે આખેરતમાં આગનો અઝાબ છે[૭૫] (૩) આ એટલા માટે કે તેઓ અલ્લાહથી અને તેના રસૂલથી ફંટાએલા રહ્યા.[૭૬] અને જે અલ્લાહથી અને તેના રસૂલથી ફંટાએલો રહે તો બેશક અલ્લાહનો અઝાબ સખત છે (૪) જે વૃક્ષો તમે કાપ્યાં અથવા તેમનાં મૂળો પર ઉભેલા છોડયા એ બધું અલ્લાહની પરવાનગીથી હતું[૭૭] અને એટલા માટે (હતુ) કે ફાસિકોને ફજેત કરે[૭૮] (૫) અને અલ્લાહે પોતાના રસૂલને જે ગનીમત અપાવી તેમની પાસેથી,[૭૯] તો તમે તેના પર ન તો તમારા ઘોડાઓ દોડાવ્યા હતા ન ઊંટ,[૮૦] હા ! અલ્લાહ જેને ઇચ્છે તેને પોતાના રસૂલોના કબ્જામાં સોંપી આપે છે.[૮૧] અને અલ્લાહ સર્વ કંઇ કરી શકે છે**

قد سمع الله ٢٨ — الحشر ٥٩

وَظَنُّوا أَنَّهُم مَّانِعَتُهُمْ حُصُونُهُم مِّنَ اللَّهِ فَأَتَاهُمُ
اللَّهُ مِنْ حَيْثُ لَمْ يَحْتَسِبُوا وَقَذَفَ فِي قُلُوبِهِمُ
الرُّعْبَ يُخْرِبُونَ بُيُوتَهُم بِأَيْدِيهِمْ وَأَيْدِي
الْمُؤْمِنِينَ فَاعْتَبِرُوا يَا أُولِي الْأَبْصَارِ ﴿٢﴾ وَلَوْلَا أَن
كَتَبَ اللَّهُ عَلَيْهِمُ الْجَلَاءَ لَعَذَّبَهُمْ فِي الدُّنْيَا وَلَهُمْ
فِي الْآخِرَةِ عَذَابُ النَّارِ ﴿٣﴾ ذَٰلِكَ بِأَنَّهُمْ شَاقُّوا اللَّهَ وَ
رَسُولَهُ وَمَن يُشَاقِّ اللَّهَ فَإِنَّ اللَّهَ شَدِيدُ الْعِقَابِ ﴿٤﴾
مَا قَطَعْتُم مِّن لِّينَةٍ أَوْ تَرَكْتُمُوهَا قَائِمَةً عَلَىٰ أُصُولِهَا
فَبِإِذْنِ اللَّهِ وَلِيُخْزِيَ الْفَاسِقِينَ ﴿٥﴾ وَمَا أَفَاءَ اللَّهُ عَلَىٰ رَسُولِهِ
مِنْهُمْ فَمَا أَوْجَفْتُمْ عَلَيْهِ مِنْ خَيْلٍ وَلَا رِكَابٍ وَلَٰكِنَّ
اللَّهَ يُسَلِّطُ رُسُلَهُ عَلَىٰ مَن يَشَاءُ وَاللَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ

વિરોધી કરાર કર્યો. અલ્લાહ તઆલાના ખબર આપવાથી હુઝૂર આ વાત જાણતા હતા. અને બની નુદેરથી એક બીજી ખયાનત (કરાર ભંગ) પણ એવી થઇ હતી કે તેમણે કિલ્લા પરથી ખરાબ ઇરાદે હુઝૂર પર પથ્થર ગબડાવ્યો હતો. અલ્લાહ તઆલાએ હુઝૂરને હોશિયાર કરી આપ્યા અને તેની કૃપાથી આપ બચી ગયા. મતલબ કે જ્યારે બની નુદેરના યહૂદીઓએ કરારભંગ કર્યો અને કુરેશના કાફિરો સાથે હુઝૂરની વિરોધમાં કરાર કર્યો ત્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મોહંમદ બિન મુસ્લેમા અન્સારીને હુક્મ કર્યો તેથી તેમણે કઅબ બિન અશરફ યહૂદીને કતલ કરી નાખ્યો પછી હુઝૂર સૈન્ય લઇને બની નુદેર તરફ રવાના થયા અને તેમનો ઘેરો ઘાલ્યો. એ ઘેરો એકવીસ દિવસ રહ્યો. એ દરમ્યાન મુનાફિકોએ યહૂદીઓ સાથે મૈત્રી સહાય અને હમદર્દીના ઘણા કરારો કર્યા પરંતુ અલ્લાહ તઆલાએ એ તમામ નિષ્ફળ બનાવ્યા. યહૂદીઓના દિલોમાં રોફ ઘુસાડી દીધો. અંતે હુઝૂરના હુક્મથી તેઓને દેશ નિકાલ થવું પડયું અને તેઓ સિરિયા અરીહા અને ખેબરમાં જઇ વસ્યા.

૬૬. અર્થાત બની નુદેરના યહૂદીઓને.

૬૭. જેઓ મદીના તય્યેબામાં હતા.

૬૮. આ હદપારી તેમનો પ્રથમ હશ્ર છે અને બીજો હશ્ર એ કે તેઓને હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુએ પોતાની ખિલાફતના સમયમાં ખૈબરમાંથી સિરિયા તરફ તગડી મૂક્યા અને છેલ્લો હશ્ર કયામતના દિવસનો હશ્ર છે કે આગ બધા જ લોકોને સિરિયાની ધરતી તરફ હાંકી જશે અને ત્યાં જ કયામત રચાશે ત્યાર પછી મુસલમાનોને સંબોધન થાય છે.....

(૬) અલ્લાહે પોતાના રસૂલને શહેરવાળાઓ પાસેથી જે ગનીમત અપાવી[૬૨] તે અલ્લાહની અને રસૂલની છે અને સગાંઓ[૬૩] અને યતીમો અને મિસ્કીનો અને મુસાફરો માટે કે (જેથી એ) તમારા માલદારોનો માલ બની જાય નહિ.[૬૪] અને તમને રસૂલ જે કંઇ આપ તે લો[૬૫] અને જેનાથી અટકાવે (તેનાથી) અટકી જાવ, અને અલ્લાહથી ડરો[૬૬] બેશક અલ્લાહનો અઝાબ સખત છે[૬૭] (૭) (અને) તે ગરીબ હિજરત કરનારાઓ માટે જેમને પોતાનાં ઘરો અને માલ (મિલ્કત)માંથી કાઢી મૂકવામાં આવ્યા,[૬૮] અલ્લાહની કૃપા[૬૯] ની ઇચ્છા કરતા અને અલ્લાહ તેમ જ રસૂલની મદદ કરતા,[૯૦] તેઓ જ સાચા છે[૯૧] (૮) અને પ્રથમથી જ[૯૨] જેમણે આ શહેર[૯૩] અને ઇમાનમાં ઘર બનાવ્યું[૯૪] (તેઓ) મિત્ર રાખે છે તેઓને જેઓ તેમની તરફ હિજરત કરીને ગયા[૯૫] અને પોતાના હૃદયોમાં પામતા નથી કોઇ હાજત તેની જે (તેઓને) આપવામાં આવ્યું છે[૯૬] અને પોતાના પ્રાણો કરતાં (પણ) તેમને પ્રથમ પસંદગી આપે છે[૯૭] ભલેને તેમને સખત મોહતાજી હોય.[૯૮] અને જે પોતાના નફસની લાલચથી બચાવવામાં આવ્યો[૯૯] તો તે જ સફળ છે (૯)



قَدِيرٌ ٦ مَآ أَفَآءَ ٱللَّهُ عَلَىٰ رَسُولِهِۦ مِنْ أَهْلِ ٱلْقُرَىٰ
فَلِلَّهِ وَلِلرَّسُولِ وَلِذِى ٱلْقُرْبَىٰ وَٱلْيَتَٰمَىٰ وَٱلْمَسَٰكِينِ
وَٱبْنِ ٱلسَّبِيلِ كَىْ لَا يَكُونَ دُولَةًۢ بَيْنَ ٱلْأَغْنِيَآءِ مِنكُمْ
وَمَآ ءَاتَىٰكُمُ ٱلرَّسُولُ فَخُذُوهُ وَمَا نَهَىٰكُمْ عَنْهُ فَٱنتَهُوا۟
وَٱتَّقُوا۟ ٱللَّهَ إِنَّ ٱللَّهَ شَدِيدُ ٱلْعِقَابِ ٧ لِلْفُقَرَآءِ ٱلْمُهَٰجِرِينَ
ٱلَّذِينَ أُخْرِجُوا۟ مِن دِيَٰرِهِمْ وَأَمْوَٰلِهِمْ يَبْتَغُونَ فَضْلًا
مِّنَ ٱللَّهِ وَرِضْوَٰنًا وَيَنصُرُونَ ٱللَّهَ وَرَسُولَهُۥٓ أُو۟لَٰٓئِكَ
هُمُ ٱلصَّٰدِقُونَ ٨ وَٱلَّذِينَ تَبَوَّءُو ٱلدَّارَ وَٱلْإِيمَٰنَ مِن
قَبْلِهِمْ يُحِبُّونَ مَنْ هَاجَرَ إِلَيْهِمْ وَلَا يَجِدُونَ فِى صُدُورِهِمْ
حَاجَةً مِّمَّآ أُوتُوا۟ وَيُؤْثِرُونَ عَلَىٰٓ أَنفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ
خَصَاصَةٌ وَمَن يُوقَ شُحَّ نَفْسِهِۦ فَأُو۟لَٰٓئِكَ هُمُ ٱلْمُفْلِحُونَ ٩

૬૯. મદીનામાંથી. કારણ કે તેઓ તાકાતવાન અને સૈન્યધારી હતા મજબુત કિલ્લાઓ ધરાવતા હતા તેમની સંખ્યા ઘણી વધારે હતી જાગીરદાર અને તવંગર હતા.

૭૦. અર્થાત મુસલમાનો તેમની ઉપર હુમલો કરી શકે છે એવી કોઇ કલ્પના પણ તેમને હતી નહિ.

૭૧. તેમના આગેવાન કઅબ બિન અશરફની કતલ વડે.

૭૨. તેમને પોતાના હાથોથી પાડે છે કે જેથી તેમાંથી જે લાકડાં વિગેરે સારો સામાન નીકળે તેને દેશ નિકાલ વખતે પોતાની સાથે લઇ જાય.

૭૩. કે તેમનાં ઘરોના જે ભાગો બાકી રહી જતા હતા તેને મુસલમાનો પાડી નાખતા હતા. કે જેથી લડાઇ માટે મેદાન સાફ થાય.

૭૪. અને તેમને કતલ અને કેદમાં સપડાવત જેવું કે બની કુરેઝાના યહૂદીઓ સાથે કર્યું.

૭૫. દરેક હાલતમાં દેશ નિકાલ કરવામાં આવે કે કતલ કરવામાં આવે.

૭૬. અર્થાત વિરોધ જ કરતા રહ્યા.

૭૭. **શાને નુઝૂલ** :- જ્યારે બની નુદેર પોતાના કિલ્લાઓમાં આશરો લઇ બેસી પડયા ત્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમનાં વૃક્ષો કાપી નાખવાનો અને સળગાવી દેવાનો હુક્મ આપ્યો ત્યારે તે અલ્લાહના દુશ્મનો ખૂબ ગભરાયા અને પૂછવા માંડયા કે; શું તમારી કિતાબમાં આવો હુક્મ છે ? મુસલમાનોમાં એ બાબતે મતભેદ થયો. અમુકે કહ્યું કે વૃક્ષો કાપો નહિ એ તો અલ્લાહે આપણને આપેલી ગનીમત છે. અમુકે કહ્યું કે આનો મતલબ કાફિરોને અપમાનિત કરવાનો અને તેમને ક્રોધ અપાવવાનો છે. તે બાબત આ

આયત ઉતરી અને કહેવામાં આવ્યું કે; મુસલમાનોમાં જેણે વૃક્ષો કાપ્યાં તેણે પણ ઠીક કર્યું અને જેઓ કાપવા માંગતા નથી તેઓ પણ ઠીક કહે છે કારણ કે વૃક્ષોનું કાપવું અને તેમને બાકી રાખવાં એ બન્ને અલ્લાહની પરવાનગીથી છે.

૭૮. અર્થાત વૃક્ષો કાપવાની પરવાનગી આપીને યહૂદીઓને અપમાનિત કરે.

૭૯. અર્થાત બની નુદેરના યહૂદીઓ પાસેથી.

૮૦. અર્થાત એના માટે તમારે કોઇ તકલીફ ઉઠાવવી પડી નથી. માત્ર બે માઇલનું અંતર હતું બધા જ લોકો પગપાળા ચાલી નીકળ્યા હતા માત્ર હુઝૂર જ અસ્વાર થએલા હતા.

૮૧. પોતાના દુશ્મનોમાંથી. મતલબ એ છે કે બની નુદેર પાસેથી જે ગનીમતો પ્રાપ્ત થઇ તેના માટે મુસલમાનોને યુધ્ધ લડવું પડયું નથી, અલ્લાહ તઆલાએ પોતાના રસૂલને તેમના માથે સવાર કરાવી દીધા તેથી એ માલ હુઝૂરની મરજી પર આધાર રાખે છે જ્યાં ઇચ્છે ત્યાં વાપરે. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે એ માલ મુહાજિરોમાં વહેંચી આપ્યો અને અન્સારમાંથી માત્ર ત્રણ હાજતમંદ માણસોને આપ્યો અને તેઓ અબૂદજાના સિમાક બિન ખરશા અને સહલ બિન હનીફ તેમ જ હારિસ બિન સુમ્મા છે.

૮૨. પહેલી આયતમાં ગનીમતનો જે હુક્મ આપવામાં આવ્યો છે. અહીં તેની વિગત વર્ણવવામાં આવે છે. અને અમુક તફસીરકારોએ એ વાતનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે પહેલી આયત બની નુદેરની ગનીમતો વિષે હતી તેને અલ્લાહે ખાસ પોતાના રસૂલ માટે જ ઠેરવી અને આ આયત દરેક તે શહેરની ગનીમતો વિષે છે જેને મુસલમાનો પોતાની તાકાતથી જીતે. (મદારિક)

૮૩. સગાંઓનો મતલબ અહીં હુઝૂરના સગાંઓ છે એટલે કે બનૂ હાશિમ અને બનૂ અબ્દુલ મુત્તલિબ. (હાશિમ અને અબ્દુલ મુત્તલિબના વંશજો)

૮૪. અને ગરીબો તેમ જ નાદારો ખોટમાં રહે જેવો કે જહાલતના સમયમાં નિયમ હતો કે ગનીમતની મિલ્કતમાંથી ચોથો ભાગ તો સરદાર લઇ લેતો હતો અને બાકીનું કોમ માટે રહેવા દેતો હતો અને પછી તેમાંથી પણ માલદાર માણસો ઘણું વધારે લઇ લેતા હતા અને ગરીબો માટે બહું જ થોડું વધતું હતુ. તે જ નિયમ મુજબ લોકોએ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહ્યું; હુઝૂર ગનીમતમાંથી ચોથો ભાગ કાઢી લે અને બાકીનું અમે પરસ્પર વહેંચી લઇશું. અલ્લાહ તઆલાએ એ વાતને રદિયો આપ્યો અને વહેંચણીનો અખત્યાર હુઝૂરને આપ્યો અને તેની રીત પણ વર્ણવી દીધી.

૮૫. ગનીમતમાંથી. કારણ કે તે તમારા માટે હલાલ છે. અથવા એવો અર્થ છે કે રસૂલે કરીમ સલ્લ-લ્લાહુ અલયહિ વસલ્લમ જે વાતનો હુક્મ આપે તેનું પાલન કરો કારણ કે નબીના હુક્મનું પાલન કરવું દરેક વાતમાં વાજિબ છે.

૮૬. નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો વિરોધ કરો નહિ અને આપના હુક્મનું પાલન કરવામાં સુસ્તી કરો નહિ.

૮૭. તેમના માટે જેઓ રસૂલનું કહ્યું માને નહિ. અને ગનીમતના માલમાં ઉપર વર્ણવાએલા લોકોનો જે રીતે હક્ક છે તે જ રીતે.....

૮૮. અને તેમનાં ઘરો તેમજ માલ મિલ્કત પર મક્કાના કાફિરોએ કબ્જો કરી લીધો.

**મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે મુસલમાનોની મિલ્કત પર તાકાત વડે કબ્જો જમાવી લેવાથી કાફિરો તેના માલિક બની જાય છે.

والذين جاءو من بعدهم يقولون ربنا اغفر لنا
ولإخواننا الذين سبقونا بالإيمان ولا تجعل في
قلوبنا غلا للذين امنوا ربنا إنك رءوف رحيم ۝١٠
ألم تر إلى الذين نافقوا يقولون لإخوانهم الذين
كفروا من أهل الكتب لئن أخرجتم لنخرجن
معكم ولا نطيع فيكم أحدا أبدا وإن قوتلتم
لننصرنكم والله يشهد إنهم لكذبون ۝١١ لئن
أخرجوا لا يخرجون معهم ولئن قوتلوا لا ينصرونهم
ولئن نصروهم ليولن الأدبر ثم لا ينصرون ۝١٢ لأنتم
أشد رهبة في صدورهم من الله ذلك بأنهم
قوم لا يفقهون ۝١٣ لا يقتلونكم جميعا إلا في

**અને તેઓ જે તેમની પાછળ આવ્યા[૧૦૦] (તેઓ) વિનંતી કરે છે ; અય અમારા પરવરદિગાર ! અમને માફ કરી દે અને અમારા ભાઇઓને જેઓ અમારાથી પહેલાં ઇમાન લાવ્યા (તેમને પણ માફ કરી દે) અને અમારા દિલોમાં ઇમાનવાળાઓ માટે કશો કીનો રાખ નહિ[૧૦૧]. અય અમારા રબ ! બેશક તું જ ઘણો મહેરબાન રહેમવાળો છે (૧૦) શું તમે મુનાફિકોને જોયા નહિ[૧૦૨] કે (જેઓ) પોતાના ભાઇ કિતાબવાળા કાફિરો[૧૦૩] ને કહે છે કે ; જો તમે કાઢી મૂકવામાં આવશો[૧૦૪] તો અમે અવશ્ય તમારી સાથે નીકળી જઇશું અને તમારા વિષે કદાપી કોઇનું માનીશું નહિ[૧૦૫] અને જો તમારી સાથે લડાઇ થશે તો અમે જરૂર તમારી મદદ કરીશું. અને અલ્લાહ ગવાહ છે કે તેઓ જૂઠા છે[૧૦૬] (૧૧) જો તેઓને કાઢી મૂકવામાં આવે[૧૦૭] તો આ લોકો તેમની સાથે નીકળી જશે નહિ અને જો તેમની સાથે લડાઇ થાય તો આ લોકો તેમની મદદ નહિ કરે[૧૦૮] અને જો તેમની મદદ કરે તો જરૂર પીઠ ફેરવીને નાસી છૂટશે પછી[૧૦૯] મદદ પામશે નહિ (૧૨) બેશક[૧૧૦] તેમનાં દિલોમાં અલ્લાહથી વધારે તમારી બ્હીક છે[૧૧૧] આવું એટલા માટે કે તેઓ નાસમજ લોકો છે[૧૧૨] (૧૩) આ બધા એકત્ર થઇને પણ તમારી સાથે લડી શકશે નહિ**

૮૯. અર્થાત સવાબ આખેરતનો.

૯૦. પોતાના જીવ અને પોતાના માલ દ્વારા દીનની તરફેણ કરવા.

૯૧. ઇમાન અને નિખાલસતામાં. કતાદાએ કહ્યું છે કે; એ હિજરત કરનારાઓએ ઘરો અને માલ મિલ્કત અને કુટુંબ કબીલાઓ અલ્લાહ તઆલા અને તેના રસૂલની મહોબ્બત ખાતર છોડી દીધાં અને ઇસ્લામ સ્વીકાર્યો અને તે તમામ કષ્ટોને સહન કર્યાં જે ઇમાન સ્વીકારવાને કારણે તેમને વેઠવાં પડયાં, તેમની હાલત એટલે સુધી પહોંચી ગઇ કે ભૂખની સખ્તીના કારણે પેટ પર પથ્થરો બાંધતા હતા અને શિયાળામાં કપડાં ન હોવાથી ખાડાઓ અને ગુફાઓમાં સમય પસાર કરતા હતા. હદીષ શરીફમાં છે કે હિજરત કરનાર નાદાર લોકો માલદારો કરતાં ચાળીસ વરસ પહેલાં જન્નતમાં જશે.

૯૨. અર્થાત હિજરત કરનારાઓથી પહેલાં અથવા તેમની હિજરતથી પહેલાં અથવા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પધરામણીથી પહેલાં.

૯૩. મદીના શરીફ.

૯૪. અર્થાત મદીના શરીફને વતન અને ઇમાનને પોતાનું ઠેકાણું બનાવી લીધું અને ઇસ્લામ સ્વીકાર્યો અને હુઝૂરની પધરામણી થતાં પહેલાં બે વરસ અગાઉ મસ્જિદો બનાવી તેમની આ હાલત છે કે...

૯૫. તેમને પોતાના ઘરોમાં વસાવે છે અને પોતાની મિલ્કતોમાં તેમને અડધા હિસ્સે ભાગીદાર બનાવે છે.

૯૬. અર્થાત મુહાજિરીનને જે ગનીમતનો માલ આપવામાં આવ્યો અન્સારના દિલોમાં તેની કોઇ ખ્વાહેશ જન્મી નહિ પછી અદેખાઇનો તો સવાલ જ ક્યાં રહ્યો ? સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ

વસલ્લમની બરકતે હૃદયોને એવાં સ્વચ્છ બનાવી દીધાં કે અન્સાર તેના કારણે મુહાજિરીન સાથે આવો વર્તાવ કરે છે.

૯૭. અર્થાત મુહાજિરીનને.

૯૮. **શાને નુઝૂલ** :- હદીષ શરીફમાં છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સેવામાં એક ભૂખ્યો માણસ આવ્યો. હુઝૂરે આપની બીબીઓના હુજરાઓમાં તપાસ કરાવી કે ખાવાની કોઇ વસ્તુ છે કે નહિ ? જાણવા મળ્યું કે કોઇ પણ બીબી સાહેબાને ત્યાં કશું જ નથી, ત્યારે હુઝૂરે સહાબાને કહ્યું; જે કોઇ આ માણસને મહેમાન બનાવે અલ્લાહ તઆલા તેના પર રહમત કરશે. હઝરત અબૂ તલ્હા અન્સારી ઉભા થયા અને હુઝૂર પાસેથી પરવાનગી મેળવીને મહેમાનને પોતાના ઘેર લઇ ગયા. ઘેર જઇને બીબીને પૂછ્યું કે; કંઇક છે ? તેણીએ કહ્યું કે; કશું નથી માત્ર બાળકો માટે થોડું ખાવાનું છે. હઝરત અબૂ તલ્હાએ કહ્યું; બાળકોને ફોસલાવીને સૂવાડી દો અને જ્યારે મહેમાન ખાવા બેસે ત્યારે દીવો સીધો કરવાના બહાને ઉભાં થઇને દીવો હોલવી નાંખો જેથી મેહમાન સારી રીતે ખાય લે. આવું એટલા માટે ઠેરવ્યું કે જેથી મહેમાનને એવી ખબર પડે નહિ કે ઘરવાળાઓ તેમની સાથે ખાતા નથી કારણ કે જો તેને એવી ખબર પડશે તો તે (સાથે ખાવા માટે) આગ્રહ કરશે અને ખાવાનું ઓછું છે તેથી ભૂખ્યો રહશે. એ રીતે મહેમાનને ખવડાવ્યું અને તે લોકોએ ભૂખ્યાં રહીને રાત પસાર કરી દીધી. જ્યારે સવાર થઇ ત્યારે હુઝૂરની સેવામાં હાજર થયા ત્યારે હુઝૂરે ફરમાવ્યું; રાત્રે ફલાણા ફલાણા માણસો સાથે અજબ મામલો થયો અલ્લાહ તઆલા તેમનાથી બહું ખુશ છે અને આ આયત ઉતારી છે.

૯૯. અર્થાત જેના નફસને લાલચથી પાક કરવામાં આવ્યો.

૧૦૦. અર્થાત મુહાજિરીન અને અન્સાર પછી. એમાં કયામત સુધી પેદા થનાર મુસલમાનોનો સમાવેશ થાય છે.

૧૦૧. અર્થાત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના સહાબા માટે.

**મસઅલો** :- જેના દિલમાં કોઇ સહાબી તરફથી મેલ કે કદુરત હોય અને તે તેમના માટે રહમત અને મગફેરતની દુઆ કરે નહિ તે મુઅમિનના પ્રકારોમાંથી નીકળી ગએલો છે. કારણ કે અહીં મુઅમિનના ત્રણ પ્રકારો વર્ણવવામાં આવ્યા (૧) મુહાજિરીન (૨) અન્સાર (૩) તેમની પાછળના જેઓ તેમના અનુયાયીઓ છે અને તેમના તરફથી દિલમાં કશો મેલ રાખતા નથી અને તેમના માટે મગફેરતની દુઆ કરે છે. તો જે સહાબા સાથે કદુરત રાખે રાફઝી હોય કે ખારજી તે મુસલમાનોના આ ત્રણે પ્રકાણમાંથી નીકળેલો છે. હઝરત ઉમ્મુલ મુઅમિનીન આઇશહ સિદ્દીકહ રદીયલ્લાહુ તઆલા અન્હાએ ફરમાવ્યું છે કે; લોકોને હુક્મ તો એવો આપવામાં આવ્યો છે કે સહાબા માટે મગફેરતની દુઆ કરે પણ તેઓ કરે છે ત્યારે એવું કે ગાળો ભાંડે છે.

૧૦૨. અબ્દુલ્લાહ બિન ઉબૈ બિન સલૂલ મુનાફિક અને તેના સાથીદારોને.

૧૦૩. અર્થાત બનુ કુરેઝા અને બનુ નુદેરના યહૂદીઓ.

૧૦૪. મદીના શરીફમાંથી.

૧૦૫. અર્થાત તમારી વિરૂધ્ધ કોઇનું કહેલું માનીશું નહિ ન તો મુસલમાનોનું ન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનું.

૧૦૬. અર્થાત યહૂદીઓ સાથેના મુનાફિકોના આ તમામ વાયદાઓ જૂઠા છે. ત્યાર પછી અલ્લાહ તઆલા મુનાફિકોની હાલત વિષે ખબર આપે છે.....

قُرًى مُّحَصَّنَةٍ اَوْ مِنْ وَّرَآءِ جُدُرٍ ؕ بَاْسُهُمْ بَيْنَهُمْ
شَدِيْدٌ ؕ تَحْسَبُهُمْ جَمِيْعًا وَّقُلُوْبُهُمْ شَتّٰى ؕ ذٰلِكَ
بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَعْقِلُوْنَ ﴿۱۴﴾ كَمَثَلِ الَّذِيْنَ مِنْ
قَبْلِهِمْ قَرِيْبًا ذَاقُوْا وَبَالَ اَمْرِهِمْ ۚ وَلَهُمْ عَذَابٌ
اَلِيْمٌ ﴿۱۵﴾ كَمَثَلِ الشَّيْطٰنِ اِذْ قَالَ لِلْاِنْسَانِ اكْفُرْ ۚ فَلَمَّا
كَفَرَ قَالَ اِنِّيْ بَرِيْٓءٌ مِّنْكَ اِنِّيْٓ اَخَافُ اللّٰهَ رَبَّ
الْعٰلَمِيْنَ ﴿۱۶﴾ فَكَانَ عَاقِبَتَهُمَآ اَنَّهُمَا فِي النَّارِ خَالِدَيْنِ
فِيْهَا ؕ وَذٰلِكَ جَزٰٓؤُا الظّٰلِمِيْنَ ﴿۱۷﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا
اللّٰهَ وَلْتَنْظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ ۚ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ
اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ﴿۱۸﴾ وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ نَسُوا
اللّٰهَ فَاَنْسٰىهُمْ اَنْفُسَهُمْ ؕ اُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ﴿۱۹﴾

**પરંતુ કિલ્લેબંધ શહેરોમાં અથવા મોરચાઓની પાછળથી, અંદરોઅંદર તેમની આંચ સખત છે[૧૧૩] તમે તેમને એક જથ્થે સમજશો અને તેમનાં હૃદયો અલગ અલગ છે. આવુ એટલા માટે કે તેઓ બુધ્ધિહિન લોકો છે[૧૧૪] (૧૪) તેમના જેવું દ્રષ્ટાંત જેઓ હજુ નજીકના સમયમાં જ એમની આગળ હતા[૧૧૫] તેમણે પોતાના કામનો વબાલ ચાખ્યો છે[૧૧૬] અને તેમના માટે દુ:ખદાયક અઝાબ છે[૧૧૭] (૧૫) શયતાનનું દ્રષ્ટાંત, જ્યારે તેણે માનવીને કહ્યું; કુફ્ર કર. પછી જ્યારે તેણે કુફ્ર કર્યું (ત્યારે) બોલ્યો; હું તારાથી અલિપ્ત છું હું (તો) અલ્લાહથી ડરૂં છું જે સારાય જહાનનો પરવરદિગાર છે[૧૧૮] (૧૬) તો એ બન્નેનું[૧૧૯] પરિણામ એ આવ્યું કે તેઓ બન્ને આગમાં છે હમેશાં તેમાં રહેવાના અને જુલ્મીઓની સજા એ જ છે (૧૭) અય ઇમાનવાળાઓ ! અલ્લાહથી ડરો[૧૨૦] અને દરેક જીવે જોવું જોઇએ કે કાલ માટે શું આગળ મોકલ્યું ?[૧૨૧] અને અલ્લાહથી ડરો[૧૨૨] બેશક ! અલ્લાહને તમારા કામોની ખબર છે (૧૮) અને તેમની જેવા બની જાવ નહિ જેઓ અલ્લાહને વિસરી બેઠા[૧૨૩] તો અલ્લાહે તેમને બલામાં નાખ્યા કે (જેથી) પોતાના જીવો યાદ રહ્યા નહિ.[૧૨૪] તેઓ જ ફાસિક છે (૧૯)**

૧૦૭. અર્થાત યહૂદીઓને.

૧૦૮. જેમકે એવું જ બન્યું, યહૂદીઓને કાઢી મૂકવામાં આવ્યા અને મુનાફિકો નીકળી ગયા નહિ અને યહૂદીઓ સાથે જંગ થઇ પણ મુનાફિકોએ તેમની મદદ કરી નહિ.

૧૦૯. જ્યારે એ મદદગારો નાસી છુટશે તો મુનાફિકો.....

૧૧૦. અય મુસલમાનો !.....

૧૧૧. કે તમારી સ્હામે તો કુફ્ર જાહેર થઇ જવાનો ભય ધરાવે છે અને એવું જાણતા હોવા છતાં કે અલ્લાહ તઆલા દિલોની છુપી વાતોને જાણે છે દિલમાં કુફ્ર રાખે છે.

૧૧૨. અલ્લાહ તઆલાની મહાનતાને પિછાણતા નથી નહિતર તેનાથી જે રીતે ડરવું જોઇએ તે રીતે ડરત.

૧૧૩. અર્થાત જ્યારે તેઓ અંદર અંદર લડે ત્યારે ખૂબ સખ્તાઇ અને તાકાતવાળા છે પણ મુસલમાનો સ્હામે બુઝદિલ અને બાયલા પુરવાર થશે.

૧૧૪. એ પછી યહૂદીઓનું એક દ્રષ્ટાંત વર્ણવ્યું.....

૧૧૫. અર્થાત એમની હાલત મક્કાના મુશરિકો જેવી છે કે બદ્રમાં.....

૧૧૬. અર્થાત રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે અદાવત રાખવાનો અને કુફ્ર કરવાનો કે અપમાન અને ફજેતી સાથે નાશ કરવામાં આવ્યા.

૧૧૭. અને મુનાફિકોનું વર્તન બની નુદેરના યહૂદીઓ સાથે એવું છે જાણે કે.....

**દોઝખવાળાઓ[૧૨૫] અને જન્નતવાળાઓ[૧૨૬] સરખા નથી. જન્નતવાળાઓ જ ધ્યેયને વર્યા (૨૦) જો અમે આ કુરઆન કોઇ પર્વત પર ઉતારત[૧૨૭] તો તુ જરૂર તેને નમી પડેલો જુઅત, અલ્લાહના ખોફથી ટુકડે ટુકડા થએલો.[૧૨૮] અને આ મિસાલો અમે લોકો માટે વર્ણવીએ છીએ તે જ અલ્લાહ છે જેના સિવાય કોઇ મઅબૂદ નથી દરેક છુપા-જાહેરને જાણકાર[૧૨૯] તે જ છે મહા મહેરબાન રહેમવાળો (૨૧) બાદશાહ[૧૩૦] અતિશય પવિત્ર[૧૩૧] સલામતી આપનાર[૧૩૨] શરણાગતિ આપનાર[૧૩૩] રક્ષા કરનાર ઇજ્જતવાળો મહાનતાવાળો મોટાઇવાળો.[૧૩૪] અલ્લાહને એમનાં શિર્કથી પવિત્રતા છે (૨૩) તે જ છે અલ્લાહ સર્જનહાર પેદા કરનાર[૧૩૫] દરેકને મુખાકૃતિ આપનાર[૧૩૫] તેનાં જ છે બધાં સારાં નામો[૧૩૭] જે કંઇ આસ્માનો અને જમીનમાં છે તે તેની પવિત્રતા બોલે છે અને તે જ ઇજ્જત અને હિકમતવાળો છે (૨૪)**

قد سمع الله ٢٨   الحشر ٥٩

لَا يَسْتَوِيٓ اَصْحٰبُ النَّارِ وَاَصْحٰبُ الْجَنَّةِ ۚ اَصْحٰبُ
الْجَنَّةِ هُمُ الْفَآئِزُوْنَ ﴿٢٠﴾ لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى
جَبَلٍ لَّرَاَيْتَهٗ خَاشِعًا مُّتَصَدِّعًا مِّنْ خَشْيَةِ اللّٰهِ ؕ
وَتِلْكَ الْاَمْثَالُ نَضْرِبُهَا لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَفَكَّرُوْنَ ﴿٢١﴾
هُوَ اللّٰهُ الَّذِيْ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ عٰلِمُ الْغَيْبِ وَ
الشَّهَادَةِ ۚ هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ﴿٢٢﴾ هُوَ اللّٰهُ الَّذِيْ
لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ اَلْمَلِكُ الْقُدُّوْسُ السَّلٰمُ الْمُؤْمِنُ
الْمُهَيْمِنُ الْعَزِيْزُ الْجَبَّارُ الْمُتَكَبِّرُ ؕ سُبْحٰنَ اللّٰهِ عَمَّا
يُشْرِكُوْنَ ﴿٢٣﴾ هُوَ اللّٰهُ الْخَالِقُ الْبَارِئُ الْمُصَوِّرُ لَهُ
الْاَسْمَآءُ الْحُسْنٰى ؕ يُسَبِّحُ لَهٗ مَا فِي السَّمٰوٰتِ
وَالْاَرْضِ ۚ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٢٤﴾

૧૧૮. એવી રીતે જ મુનાફિકોએ બની નુદેરના યહૂદીઓને મુસલમાનો વિરૂધ્ધ લડાઇ કરવા ઉશ્કેર્યા તેમની મદદ કરવાના વાયદાઓ કર્યા અને જ્યાર એમના કહેવાથી તેઓએ મુસલમાનો સ્હામે જંગ જાહેર કર્યો ત્યારે મુનાફિકો બેસી રહયા અને તેમનો સાથ આપ્યો નહિ.

૧૧૯. અર્થાત તે શયતાન અને માનવીનું.

૧૨૦. અને તેના હુક્મનો વિરોધ કરો નહિ.

૧૨૧. અર્થાત કયામતના દિવસ માટે કેવાં કર્મો કર્યાં ?

૧૨૨. તેની ઇબાદત અને આજ્ઞાપાલન ઉમળકાભેર કરો.

૧૨૩. અને તેની ફરમાંબરદારી છોડી દીધી.

૧૨૪. કે તેમના માટે લાભકારક અને ઉપયોગી કામો કરી લેત.

૧૨૫. જેમના માટે કાયમી અઝાબ છે.

૧૨૬. જેમના માટે કાયમી આરામ અને હમેશાંની રાહત છે.

૧૨૭. અને (જો) તેને મનુષ્ય જેવી સમજદારી આપત.

૧૨૮. અર્થાત કુરઆનની અઝમત અને શાન એવી છે કે જો પર્વતને સમજદારી હોત તો તે એટલો મજબૂત હોવા છતાં ટૂકડે ટૂકડા થઇ જાત એનાથી જણાય છે કે કાફિકોનાં હૃદયો કેટલાં સખત છે કે આવી મહાનતાવાળા કલામથી (પણ) પીગળતાં નથી.

૧૨૯. જે અસ્તિત્વ ધરાવે છે તેને પણ અને (હજુ) જે અસ્તિત્વમાં આવ્યું નથી તેને પણ દુનિયાને પણ


قد سمع الله ٢٨ الممتحنة ٦٠
بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَتَّخِذُوا عَدُوِّي وَعَدُوَّكُمْ
أَوْلِيَاءَ تُلْقُونَ إِلَيْهِم بِالْمَوَدَّةِ وَقَدْ كَفَرُوا بِمَا
جَاءَكُم مِّنَ الْحَقِّ يُخْرِجُونَ الرَّسُولَ وَإِيَّاكُمْ أَن
تُؤْمِنُوا بِاللَّهِ رَبِّكُمْ إِن كُنتُمْ خَرَجْتُمْ جِهَادًا فِي سَبِيلِي
وَابْتِغَاءَ مَرْضَاتِي تُسِرُّونَ إِلَيْهِم بِالْمَوَدَّةِ وَأَنَا أَعْلَمُ
بِمَا أَخْفَيْتُمْ وَمَا أَعْلَنتُمْ وَمَن يَفْعَلْهُ مِنكُمْ فَقَدْ ضَلَّ
سَوَاءَ السَّبِيلِ ① إِن يَثْقَفُوكُمْ يَكُونُوا لَكُمْ أَعْدَاءً
وَيَبْسُطُوا إِلَيْكُمْ أَيْدِيَهُمْ وَأَلْسِنَتَهُم بِالسُّوءِ وَوَدُّوا
لَوْ تَكْفُرُونَ ② لَن تَنفَعَكُمْ أَرْحَامُكُمْ وَلَا أَوْلَادُكُمْ يَوْمَ
الْقِيَامَةِ يَفْصِلُ بَيْنَكُمْ وَاللَّهُ بِمَا تَعْمَلُونَ بَصِيرٌ ③

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૩૮]**

**અય ઇમાનવાળાઓ ! મારા અને તમારા દુશ્મનોને દોસ્ત બનાવો નહિ[૧૩૯] તમે તેમને મૈત્રીના લીધે માહિતી પુરી પાડો છો અને તેમની હાલત એ છે કે જે સત્ય તમારી પાસે આવ્યું[૧૪૦] તેને નકારે છે (અને) રસૂલને તેમ જ તમને ઘરોમાંથી કાઢે છે[૧૪૧] એટલા માટે કે તમે પોતાના રબ અલ્લાહ પર ઇમાન લાવ્યા. જો તમે મારા માર્ગમાં જિહાદ કરવા નીકળ્યા હોય અને મારી ખુશી પામવા તો તેમની સાથે મૈત્રી કરો નહિ. તમે તેમને છૂપી રીતે મહોબ્બતનો પૈગામ પહોંચાડો છો ? અને તમે જે છૂપાવો કે જાહેર કરો તેને હું ખૂબ જાણું છું. અને તમારામાં જે કોઇ એવું કરે તો બેશક તે સીધા રસ્તેથી ભટકયો (૧) જો (તેઓ) તમને મેળવી લે[૧૪૨] તો તમારા શત્રુ (જ) હશે અને તમારા પ્રતિ પોતાના હાથ[૧૪૩] અને પોતાની જીભો[૧૪૪] બુરાઇથી લંબાવશે; અને તેમની અભિલાષા છે કે કોઇ રીતે તમે કાફિર બની જાવ[૧૪૫] (૨) તમને તમારાં સગપણો કદાપી કામ લાગશે નહિ અને ન તમારી ઔલાદ[૧૪૬] (કામ લાગશે) કયામતના દિવસે તમને તેમનાથી જુદા પાડી દેશે.[૧૪૭] અલ્લાહ તમારાં કામો જોઇ રહ્યો છે (૩)**

અને આખેરત ને પણ.

૧૩૦. દેશ અને રાજ્યનો સાચો માલિક કે સમગ્ર સૃષ્ટિ તેના દેશ અને રાજ્યના તાબે છે અને તેની માલેકી અને સત્તા કાયમની છે જેનો અંત નથી.

૧૩૧. દરેક એબ અને તમામ બુરાઇઓથી.

૧૩૨. પોતાની મખ્લૂકને.

૧૩૩. પોતાના અઝાબથી પોતાના કહ્યાગરા બંદાઓને.

૧૩૪. અર્થાત મહાનતા અને મોટાઇવાળો પોતાની ઝાત અને તમામ ગુણોમાં અને પોતાની મોટાઇનું પ્રદર્શન એ તેને જ છાજે છે કારણ કે તેનો દરેક કમાલ મહાન છે અને દરેક ગુણ ઊંચો મખ્લૂકમાં કોઇને હક્ક પહોંચતો નથી કે પોતાની મોટાઇનું પ્રદર્શન કરે બંદા માટે આજેજી અને નરમાશ શોભા આપે છે.

૧૩૫. શૂન્યમાંથી સર્જનાર.

૧૩૬. જેવી ઇચ્છે તેવી.

૧૩૭. નવ્વાણું જે હદીષમાં વર્ણવાએલાં છે.

૧૩૮. સૂરએ મુમ્તહિના મક્કામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૧૩ આયતો ૩૪૮ શબ્દો ૧૫૧૦ અક્ષરો છે.

૧૩૯. અર્થાત કાફિરોને.

**શાને નુઝૂલ** :- બની હાશિમ કુટુંબની એક લોંડી સારા હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સેવામાં

મદીના શરીફમાં હાજર થઇ. તે સમયે હુઝૂર મક્કા ફતેહ કરવાની તૈયારીઓ કરી રહ્યા હતા. હુઝૂરે તેણીને પૂછયું કે; શું તુ મુસલમાન બનીને આવી છે ? તેણીએ કહ્યું કે; નહિ. પૂછયું; પછી શા માટે આવી છો ? તેણીએ કહ્યું કે; નાદારીથી કંટાળીને. (એટલે) અબ્દુલ મુત્તલિબના કુટુંબીજનોએ તેણીને મદદ કરી કપડાં અને બીજો સરસામાન આપ્યો. હાતિબ બિન બલ્તઆ રદીયલ્લાહુ અન્હુની તેણી સાથે મુલાકાત થઇ તેમણે તેણીને દસ દીનાર (નાણાનું નામ) આપ્યા અને એક ચાદર આપી અને તેણી મારફતે એક પત્ર મક્કાવાસીઓને પહોંચાડવા આપ્યો જેમાં લખ્યું હતું કે સૈયદે આલમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ મક્કા પર હુમલો કરવાનો ઇરાદો ધરાવે છે તમારાથી પોતાના બચાવના જે પ્રયાસો બની શકતા હોય તે કરો. સારા તે પત્ર લઇને રવાના થઇ ગઇ. અલ્લાહ તઆલાએ પોતાના હબીબને એ વાતની ખબર આપી દીધી. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે પોતાના અમુક સહાબાને જેમાં હઝરત અલી પણ હતા તેમને ઘોડાઓ પર રવાના કર્યા અને કહ્યું કે; રોઝએ ખાખ જગ્યાએ તમને એક મુસાફર સ્ત્રી મળશે તેણી પાસે હાતિબ બિન અબી બલ્તઆનો એક પત્ર છે જે મક્કાવાસીઓના નામે લખાએલો છે, તે પત્ર તેણી પાસેથી લઇ લો અને તેણીને છોડી મૂકશો અને જો તેણી ઇન્કાર કરે તો તેની ગરદન ઉડાવી દેશો. તે સહાબા રવાના થયા અને સ્ત્રીને તે જ જગ્યાએ દેખી જ્યાં હુઝૂરે કહ્યું હતું. તેણી પાસે પેલા પત્ર માંગ્યો પણ તેણીએ ઇન્કાર કરી દીધો અને કસમ ખાઇ લીધી. સહાબાએ પાછા વળવાનો ઇરાદો કર્યો પણ હઝરત અલીએ કહ્યું કે; હુઝૂરે આપેલી ખબર ખોટી હોય શકે જ નહિ અને તલ્વાર ખેંચીને સ્ત્રીને કહ્યું, યા તો પત્ર કાઢ યા ગરદન આપ. જ્યારે તેણીએ જોયું કે આપ તો તદ્દન કતલ કરવા માટે તૈયાર છે ત્યારે પોતાના અંબોડામાંથી પત્ર કાઢયો.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે હઝરત હાતિબને બોલાવીને આનું કારણ પૂછયું ત્યારે તેમણે કહ્યું કે; યા રસૂલલ્લાહ ! હું જ્યારથી મુસલમાન થયો છું ત્યારથી (કદી) કુફ્ર કર્યું નથી અને જ્યારથી હુઝૂરની ગુલામી પ્રાપ્ત થઇ છે ત્યારથી (કદી) હુઝૂરની ખયાનત કરી નથી અને જ્યારથી મક્કાવાસીઓને છોડયા ત્યારથી તેમની મહોબ્બત (યાદ) આવી નથી. પરંતુ હકીકત એ છે કે હું કુરેશમાં રહેતો હતો અને હું તેમનો કુટુંબી ન હતો. મારા સિવાય બીજા જે લોકો હિજરત કરીને આવ્યા છે તેમના સગાંવહાલાંઓ મક્કામાં છે જેઓ તેમના ઘરબારની સંભાળ રાખે છે. મને મારા ઘરવાળાંઓની ચિંતા હતી તેથી મેં વિચાર્યું કે મક્કાવાળાઓ પર એક એહસાન મૂકી આપુ જેથી તેઓ મારા ઘરવાળાઓને સતાવે નહિ અને એ વાત તો હું ખાત્રી પુર્વક જાણું છુ કે અલ્લાહ તઆલા મકકાવાળાઓ પર અઝબ ઉતારનાર છે મારો પત્ર તેમને બચાવી શકવાનો નથી. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમનું એ કારણ મંજૂર રાખ્યું અને તેમની વાત માની લીધી. હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુએ કહ્યું કે; યા રસૂલલ્લાહ ! મને પરવાનગી આપો કે હું આ મુનાફિકની ગરદન કાપી નાખું. હુઝૂરે ફરમાવ્યું કે; અય ઉમર ! અલ્લાહ તઆલા જાણે છે તેથી જ તો તેણે બદ્રવાળાઓ (બદ્રની લડાઇમાં ભાગ લેનાર) માટે ફરમાવ્યું છે કે; જે ચાહો તે કરો મેં તમને માફ કરી દીધા. એ સાંભળીને હઝરત ઉમરનાં અશ્રુઓ વહી પડયાં અને આ આયતો ઉતરી.

૧૪૦. અર્થાત ઇસ્લામ અને કુરઆન.

૧૪૧. અર્થાત મક્કા મુકર્રમાથી.

૧૪૨. અર્થાત જો કાફિરોને તમારી ઉપર લાગ મળી જાય...

૧૪૩. લડાઇ અને કતલ વડે.

૧૪૪. ગાળગલુચ અને.....

**બેશક તમારા માટે હતું સારૂં અનુકરણ[૧૪૮] ઇબ્રાહીમ અને તેમના સાથીદારોમાં,[૧૪૯] જ્યારે તેમણે પોતાની કોમને કહ્યું ;[૧૫૦] બેશક ! અમે તમારાથી અને જેમને અલ્લાહ સિવાય પૂજો છો તેમનાથી બેઝાર છીએ અમે તમારા ઇન્કારી થયા[૧૫૧] અને અમારી તમારી વચ્ચે અદાવત અને દુશ્મની જાહેર થઇ ગઇ હમેશાં માટે, જ્યાં સુધી કે તમે એક અલ્લાહ પર ઇમાન લાવો નહિ. પરંતુ ઇબ્રાહીમનું તેના બાપને કહેવું કે ; હું અવશ્ય તારી મગફેરત માંગીશ[૧૫૨] અને હું અલ્લાહ સ્હામે તારા કશા લાભનો માલિક નથી.[૧૫૩] અય અમારા પરવરદિગાર અમે તારા પર જ વિશ્વાસ મૂક્યો અને તારી તરફ જ કેન્દ્રિત થયા અને તારી તરફ જ પરત થવાનું છે[૧૫૪] (૪) અય અમારા પરવરદિગાર ! અમને કાફિરોની કસોટીમાં નાખ નહિ[૧૫૫] અને અમને માફ કર અય અમારા રબ ! બેશક ! તું જ ઇજ્જતવાળો અને હિકમતવાળો છે (૫) બેશક ! તમારા માટે[૧૫૬] આમાં સારૂં અનુકરણ હતું[૧૫૭] તેના માટે જે અલ્લાહ અને પાછલા દિવસનો આશાવાદી હોય,[૧૫૮] અને જે મોઢું ફેરવે[૧૫૯] તો બેશક અલ્લાહ જ બેનિયાઝ છે બધી ખૂબીઓથી વખણાએલો (૬) નજીક છે કે અલ્લાહ તમારી અને તેમની વચ્ચે જેઓ તેમનામાંથી[૧૬૦] તમારા દુશ્મનો છે મૈત્રી કરાવી આપે,[૧૬૧] અને અલ્લાહ શક્તિશાળી છે[૧૬૨] અને માફ કરનાર મહેરબાન છે (૭)**



قَدْ كَانَتْ لَكُمْ أُسْوَةٌ حَسَنَةٌ فِيٓ إِبْرٰهِيمَ وَالَّذِينَ مَعَهُۥٓ
إِذْ قَالُوا لِقَوْمِهِمْ إِنَّا بُرَءٰٓؤُا مِنكُمْ وَمِمَّا تَعْبُدُونَ مِن
دُونِ اللّٰهِ كَفَرْنَا بِكُمْ وَبَدَا بَيْنَنَا وَبَيْنَكُمُ الْعَدٰوَةُ وَالْبَغْضَآءُ
أَبَدًا حَتّٰى تُؤْمِنُوا بِاللّٰهِ وَحْدَهُۥٓ إِلَّا قَوْلَ إِبْرٰهِيمَ لِأَبِيهِ
لَأَسْتَغْفِرَنَّ لَكَ وَمَآ أَمْلِكُ لَكَ مِنَ اللّٰهِ مِن شَىْءٍ
نصف رَّبَّنَا عَلَيْكَ تَوَكَّلْنَا وَإِلَيْكَ أَنَبْنَا وَإِلَيْكَ الْمَصِيرُ ﴿٤﴾ رَبَّنَا لَا
تَجْعَلْنَا فِتْنَةً لِّلَّذِينَ كَفَرُوا وَاغْفِرْ لَنَا رَبَّنَآ إِنَّكَ أَنتَ
الْعَزِيزُ الْحَكِيمُ ﴿٥﴾ لَقَدْ كَانَ لَكُمْ فِيهِمْ أُسْوَةٌ حَسَنَةٌ لِّمَن
كَانَ يَرْجُوا اللّٰهَ وَالْيَوْمَ الْءَاخِرَ وَمَن يَتَوَلَّ فَإِنَّ اللّٰهَ
ع هُوَ الْغَنِىُّ الْحَمِيدُ ﴿٦﴾ عَسَى اللّٰهُ أَن يَجْعَلَ بَيْنَكُمْ وَبَيْنَ الَّذِينَ
عَادَيْتُم مِّنْهُم مَّوَدَّةً وَاللّٰهُ قَدِيرٌ وَاللّٰهُ غَفُورٌ رَّحِيمٌ ﴿٧﴾

૧૪૫. તો એવા લોકોને મિત્ર બનાવવા અને તેમની પાસેથી ભલાઇની આશા રાખવી અને તેમની અદાવતથી બેદરકાર રહેવું સારૂં નથી.

૧૪૬. જેના કારણે તમે કાફિરો સાથે મૈત્રી અને મહોબ્બત કરો છો.

૧૪૭. કે ફરમાંબરદારો જન્નતમાં હશે અને કાફિર નાફરમાન જહન્નમમાં.

૧૪૮. હઝરત હાતિબ રદીયલ્લાહુ અન્હુ અને બીજા મુઅમિનોને સંબોધન છે અને બધાંને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામનું અનુકરણ કરવાનો હકુમ થાય છે કે દીનની બાબતમાં સગાં વહાલાંઓ સાથે તેમની જે રીત હતી તે ધારણ કરો.

૧૪૯. સાથીદારોનો મતલબ ઇમાનવાળાઓ છે.

૧૫૦. જે મુશરિક હતી.

૧૫૧. અને અમે તમારા ધર્મનો વિરોધ કર્યો.

૧૫૨. (હઝરત ઇબ્રાહીમનું એવું કહેવું) અનુકરણ કરવા યોગ્ય નથી કારણ કે તે એક વાયદાના કારણે હતું. અને જ્યારે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ પર જાહેર થઇ ગયું કે તે કુફ્ર પર મક્કમ છે ત્યારે આપે તેનાથી પોતાની બેઝારીનું એલાન કરી દીધું તેથી એવુ કોઇના માટે જાઇઝ નથી કે પોતાના કાફિર સગા સંબંધી માટે મગફેરતની દુઆ કરે.

૧૫૩. જો તું તેની નાફરમાની કરે અને કુફ્ર પર અટલ રહે તો. (ખાઝિન)

૧૫૪. આ પણ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ અને તે મુઅમિનોની દુઆ છે જે આપની સાથે

لَا يَنْهٰىكُمُ اللّٰهُ عَنِ الَّذِيْنَ لَمْ يُقَاتِلُوْكُمْ فِي الدِّيْنِ
وَلَمْ يُخْرِجُوْكُمْ مِّنْ دِيَارِكُمْ اَنْ تَبَرُّوْهُمْ وَتُقْسِطُوْٓا اِلَيْهِمْ
اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ ﴿۸﴾ اِنَّمَا يَنْهٰىكُمُ اللّٰهُ عَنِ
الَّذِيْنَ قٰتَلُوْكُمْ فِي الدِّيْنِ وَاَخْرَجُوْكُمْ مِّنْ دِيَارِكُمْ
وَظٰهَرُوْا عَلٰٓى اِخْرَاجِكُمْ اَنْ تَوَلَّوْهُمْ وَمَنْ يَّتَوَلَّهُمْ
فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿۹﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا جَآءَكُمُ
الْمُؤْمِنٰتُ مُهٰجِرٰتٍ فَامْتَحِنُوْهُنَّ اَللّٰهُ اَعْلَمُ بِاِيْمَانِهِنَّ
فَاِنْ عَلِمْتُمُوْهُنَّ مُؤْمِنٰتٍ فَلَا تَرْجِعُوْهُنَّ اِلَى الْكُفَّارِ
لَا هُنَّ حِلٌّ لَّهُمْ وَلَا هُمْ يَحِلُّوْنَ لَهُنَّ وَاٰتُوْهُمْ مَّآ اَنْفَقُوْا وَلَا
جُنَاحَ عَلَيْكُمْ اَنْ تَنْكِحُوْهُنَّ اِذَآ اٰتَيْتُمُوْهُنَّ اُجُوْرَهُنَّ وَ
لَا تُمْسِكُوْا بِعِصَمِ الْكَوَافِرِ وَسْـَٔلُوْا مَآ اَنْفَقْتُمْ وَلْيَسْـَٔلُوْا مَا

**અલ્લાહ તમને તેમનાથી[૧૬૩] અટકાવતો નથી જેઓ તમારી સાથે દીન(ના મામલા)માં લડયા નહિ અને તમને તમારા ઘરોમાંથી કાઢયા નહિ કે તેમની સાથે એહસાન કરો અને તેમની સાથે ન્યાયી વર્તન રાખો બેશક! ન્યાયવાળાઓ અલ્લાહને ગમે છે (૮) અલ્લાહ તમને તેમના વિષે જ મનાઇ કરે છે જેઓ દીનના મામલામાં તમારી સાથે લડયા અથવા તમને તમારા ઘરોમાંથી કાઢયા અથવા તમને કાઢવામાં મદદ કરી કે તેમની સાથે મૈત્રી કરે તો તે જ સિતમગાર છે (૯) અય ઇમાનવાળાઓ ! જ્યારે તમારી પાસે મુસલમાન સ્ત્રીઓ કુફ્રસ્તાનમાંથી પોતાના ઘરો છોડીને આવે તો તેમની પરિક્ષા કરો,[૧૬૫] અલ્લાહ તેણીઓના ઇમાનની હાલતને ખૂબ સારી રીતે જાણે છે પછી જો તમને ઇમાનવાળીઓ જણાય તો તેણીઓને કાફિરો પાસે પરત કરો નહિ, ન આ[૧૬૬] (સ્ત્રીઓ) તેમને (કાફિરોને) હલાલ[૧૬૭] ન તેઓ (કાફિરો) આ (સ્ત્રીઓ)ને હલાલ[૧૬૮], અને તેમના કાફિર પતિઓને જે તેમને ખર્ચ થયો હોય તે આપી દો,[૧૬૯] જ્યારે કે તેણીઓને તેમના મહેર આપી દો.[૧૭૧] અને કાફિર સ્ત્રીઓના નિકાહ પર અડેલા રહો નહિ[૧૭૨] અને તમારો જે ખર્ચ થયો હોય તે માંગી લો[૧૭૩] અને કાફિરોનો જે ખર્ચ થયો હોય તે**

હતા, તેથી મુઅમિનોએ આ દુઆમાં હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામનું અનુકરણ કરવું જોઇએ.

૧૫૫. તેઓને અમારી ઉપર વિજય આપીશ નહિ કે જેથી તેઓ પોતાને સત્ય પર સમજવા માંડે.

૧૫૬. અય અલ્લાહના હબીબ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઉમ્મત !

૧૫૭. અર્થાત હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ અને આપના સાથીદારોમાં.

૧૫૮. અલ્લાહ તઆલાની રહમત અને સવાબ તેમ જ આખેરતની રાહતનો તલબગાર બને અને અલ્લાહના અઝાબથી ડરે.

૧૫૯. ઇમાનથી અને કાફિરો સાથે દોસ્તી કરે...

૧૬૦. અર્થાત મક્કાના કાફિરોમાંથી.

૧૬૧. એવી રીતે કે તેમને ઇમાનની તૌફીક આપે જેમકે અલ્લાહ તઆલાએ એવું કર્યું અને મક્કાના વિજય પછી તેમનામાંથી મોટી સંખ્યાના લોકો ઇમાન લાવ્યા અને મુઅમિનોના મિત્ર ભાઇ બની ગયા અને પરસ્પર મહોબ્બત વધી.

**શાને નુઝૂલ** :- જ્યારે ઉપરની આયતો ઉતરી ત્યારે મો'મિનોએ પોતાના કાફિર સગાંઓ સાથે અદાવતમાં અતિશયોક્તિ કરી તેમનાથી બેઝાર બની ગયા અને એ વિશે બહું સખત બની ગયા ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી અને તેમને આશા અપાવી કે તે કાફિરોની હાલત બદલનાર છે અને આ આયત ઉતરી.

૧૬૨. હૃદય અને પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટે.

انفقوا ذلكم حكم الله يحكم بينكم والله عليم حكيم ﴿١٠﴾
وان فاتكم شيء من ازواجكم الى الكفار فعاقبتم
فاتوا الذين ذهبت ازواجهم مثل ما انفقوا واتقوا
الله الذي انتم به مؤمنون ﴿١١﴾ يايها النبي اذا جاءك
المؤمنت يبايعنك على ان لا يشركن بالله شيئا
ولا يسرقن ولا يزنين ولا يقتلن اولادهن ولا ياتين
ببهتان يفترينه بين ايديهن وارجلهن ولا
يعصينك في معروف فبايعهن واستغفر لهن
الله ان الله غفور رحيم ﴿١٢﴾ يايها الذين امنوا لا
تتولوا قوما غضب الله عليهم قد يئسوا من الاخرة
كما يئس الكفار من اصحب القبور ﴿١٣﴾

**તેઓ માંગી લે.[૧૭૪] આ અલ્લાહનો હુકમ છે, તે તમારી વચ્ચે ફેંસલો કરે છે અને અલ્લાહ ઇલ્મ અને હિકમતવાળો છે (૧૦) અને જો મુસલમાનોના હાથમાંથી અમુક સ્ત્રીઓ કાફિરો તરફ નીકળી નાસે[૧૭૫] પછી જો તમે કાફિરો ને સજા કરો[૧૭૬] તો જેમની સ્ત્રીઓ જતી રહી હતી[૧૭૭] ગનીમતમાંથી તેમને તેમનો જેટલો ખર્ચ થયો હોય તેટલો આપી દો[૧૭૮] અને અલ્લાહથી ડરો જેના પર તમને ઇમાન છે (૧૧) અય નબી ! જ્યારે તમારી પાસે મુસલમાન સ્ત્રીઓ હાજર થાય એ વાતની બૈઅત કરવા કે (તેણીઓ) કોઇ વસ્તુને અલ્લાહનો શરીક નહિ બનાવે અને ચોરી નહીં કરે અને વ્યભિચાર નહિ કરે અને પોતાની ઔલાદને કતલ નહિ કરે[૧૭૯] અને એવું બોહતાન નહિ લાવે જેને પોતાના હાથો અને પગો વચ્ચે અર્થાત જન્મની જગ્યાએ ઉપજાવી કાઢયું હોય[૧૮૦] અને કોઇ નેક કામમાં તમારા હુકમને નહિ ઉવેખે[૧૮૧] તો તેણીઓની બૈઅત લઇ લો અને અલ્લાહ પાસે તેણીઓ માટે મગફેરત માંગો.[૧૮૨] બેશક અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૨) અય ઇમાનવાળાઓ ! તે લોકો સાથે દોસ્તી કરો નહિ. જેમની ઉપર અલ્લાહનો ગઝબ છે.[૧૮૩] તેઓ આખેરત તરફથી આશા તોડી બેઠા છે[૧૮૪] જેવી રીતે કે કાફિરો આશા તોડી બેઠા છે કબરવાળાઓ પાસેથી[૧૮૫] (૧૩)**

૧૬૩. અર્થાત તે કાફિરોથી.

**શાને નુઝૂલ** :- હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; આ આયત ખિઝાઆ વિષે ઉતરી જેમણે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે એવી શરતે સુલેહ કરી હતી કે આપની સાથે લડશે નહિ અને આપના વિરોધીઓને મદદ પણ નહિ કરે. અલ્લાહ તઆલાએ તેમની સાથે (નેક) સુલૂક કરવાની રજા આપી. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું કે; આ આયત તેમનાં અમ્માં અસ્મા બિન્તે અબીબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હુ વિષે ઉતરી. તેણીની માં તેણી માટે ભેટો લઇને મદીના શરીફ આવ્યાં હતાં અને હતાં મુશરિકા તેથી હઝરત અસ્માએ ભેટો સ્વીકારવાની ના પાડી અને તેણીને પોતાના ઘરમાં પ્રવેશવાની રજા આપી નહિ અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પૂછયું કે; શું હુકમ છે ? ત્યારે આ આયતે કરીમા ઉતરી અને હુઝૂરે પરવાનગી આપી કે તેણીને ઘરમાં બોલાવે તેમની ભેટો કબૂલ કરે તેમની સાથે સારો વર્તાવ કરે વિગેરે.

૧૬૪. અર્થાત એવા કાફિરો સાથે દોસ્તી કરવાની મનાઇ છે.

૧૬૫. કે શું તેણીઓની હિજરત માત્ર દીન ખાતર જ છે ? એવું તો નથી કે તેમણે પતિઓની અદાવત ના કારણે ઘર છોડયું હોય ? હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; તે સ્ત્રીઓને કસમ આપવામાં આવે કે તેઓ ન તો પતિઓની અદાવતના કારણે નીકળી નાસેલી છે ન તો બીજા કોઇ દુનિયાના કારણસર, તેણીઓએ માત્ર પોતાના દીન અને ઇમાન ખાતર હિજરત કરી છે.

૧૬૬. મુસલમાન સ્ત્રીઓ.

૧૬૭. અર્થાત કાફિરોને.

૧૬૮. અર્થાત ન તો કાફિર પુરૂષ મુસલમાન સ્ત્રીને હલાલ.

**મસઅલો** :- મુસલમાન થયા પછી સ્ત્રી કાફિર પતિના લગ્નમાંથી નીકળી જાય છે.

૧૬૯. અર્થાત જે મહેર તેમણે એ સ્ત્રીઓને આપ્યા હતા તે તેમને પાછા આપી દો. આ હુક્મ ઝિમ્મી કાફિરો (ઇસ્લામી રાજ્યમાં જિઝયો આપી રહેતા કાફિરો) માટે છે જેમના વિષે આ આયત ઉતરી, અને હર્બી કાફિરોના મહેર પાછા આપવા ન તો વાજિબ છે ન સુન્નત.

**મસઅલો** :- અને આ મહેર ત્યારે આપવાનો છે જ્યારે કે સ્ત્રીનો કાફિર પતિ એની માંગણી કરે અને જો માંગણી ન કરે તો તેને કશું આપવામાં આવશે નહિ.

**મસઅલો** :- એ જ રીતે કાફિર પતિએ પેલી હિજરત કરી જનાર સ્ત્રીને મહેર આપ્યો હતો. નહિ તો તેને કશું મળશે નહિ.

**શાને નુઝૂલ** :- આ આયત હુદેબિયહની સુલેહ પછી ઉતરી સુલેહમાં એક શરત એવી હતી કે મક્કાવાસીઓમાંથી જો કોઇ માણસ ઇમાન સ્વીકારીને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સેવામાં હાજર થાય તેને મક્કાવાસીઓ પાછો મેળવી શકે છે. આ આયતમાં એની સ્પષ્ટતા કરી દેવામાં આવી કે એ શરત માત્ર પુરૂષોને લાગુ પડે છે સ્ત્રીઓની ચોખવટ કરારનામામાં નથી અને સ્ત્રીઓને એ શરત લાગુ પાડી શકાય એવું પણ નથી કારણ કે મુસલમાન સ્ત્રી કાફિર માટે હલાલ નથી.

અમુક તફસીરકારોએ કહ્યું છે કે; આ આયત આગલા હુક્મને મન્સૂખ કરે છે. આ ત્યારે બની શકે છે જ્યારે કે સ્ત્રીઓ કરારનામામાં સામેલ કરી લેવાએલી હોય. પણ કરારનામામાં સ્ત્રીઓનું સામેલ હોવું સાબિત નથી કારણ કે હઝરત અલી રદીયલ્લાહુ તઆલા અન્હુએ કરારનામાના આ શબ્દો નકલ કર્યા છે ''લા યઅતીનક મિન્ના રજુલુન વઇન કાન અલા દીનેક ઇલ્લા રદદતહૂ'' એટલે કે અમારામાંથી જો કોઇ ''પુરૂષ'' તમારી પાસે આવે ભલે તે તમારા દીન પર હોય તમારે તેને પરત કરી દેવો.

૧૭૦. અર્થાત તે હિજરત કરી આવનાર સ્ત્રીઓ સાથે ભલે કુફ્રસ્તાનમાં તેમના પતિઓ હોય કારણ કે ઇસ્લામ સ્વીકાર્યા પછી તેણીઓ તેમના માટે હરામ થઇ ગઇ અને તેમના લગ્નમાં રહી નહિ.

**મસઅલો** :- ઇમામ અબૂ હનીફાએ આનાથી એવી દલીલ પકડી છે કે હિજરત કરીને આવનાર (આવી) સ્ત્રી માટે ઇદ્દત નથી તેણી ઇદ્દત ગુજાર્યા વગર પણ નિકાહ કરી શકે છે. પણ ઇમામ મોહંમદ અને ઇમામ અબૂ યૂસુફના મંતવ્ય મુજબ તેણી માટે ઇદ્દત છે.

૧૭૧. મહેર આપવાનો મતલબ મહેરને પોતાના માથે સ્વીકારવો ભલે પછી તરત આપે નહિ.

**મસઅલો** :- આનાથી એ પણ સાબિત થયું કે આવી સ્ત્રીઓ સાથે નિકાહ કરવામાં નવો મહેર આપવો પડશે તેમના પતિઓને જે ભરપાઇ કરવામાં આવ્યું તે ગણત્રીમાં લેવાશે નહિ.

૧૭૨. અર્થાત જે સ્ત્રીઓ દારૂલ હર્બ (કાફિર રાજ્ય)માં રહી ગઇ અથવા મુરતદ બનીને ત્યાં નાસી ગઇ તેમની સાથે લગ્નગ્રંથીના સંબંધો રાખો નહિ. જેમકે આ આયતના ઉતરાણ પછી હુઝૂરના સહાબાએ તેવી કાફિર સ્ત્રીઓને તલાકો આપી દીધી જે મક્કા મુકર્રમામાં હતી.

**મસઅલો** :- જો મુસલમાનની પત્ની મુઆઝલ્લાહ મુરતદ બની જાય તો તેના નિકાહની કેદમાંથી નીકળી જશે નહિ.

૧૭૩. અર્થાત એ સ્ત્રીઓને તમે જે મહેર આપ્યા હોય તે તેણીઓ સાથે લગ્ન કરનાર કાફિરો પાસેથી

વસૂલ કરી લો.

૧૭૪. અર્થાત તે સ્ત્રીઓ પાછળ જે હિજરત કરીને દારૂલ ઇસ્લામમાં આવી ગઇ હોય તેમના મુસલમાન પતિઓ પાસેથી જેમણે તેણીઓ સાથે નિકાહ કર્યા હોય.

૧૭૫. **શાને નુઝૂલ** :- ઉપલી આયત ઉતર્યા પછી મુસલમાનોએ તો મુહાજિર સ્ત્રીઓના મહેર તેણીઓના કાફિર પતિઓને આપી દીધા અને કાફિરોએ મુરતદ સ્ત્રીઓના મહેર આપવાનો ઇન્કાર કર્યો ત્યારે આ આયત ઉતરી.

૧૭૬. જિહાદમાં અને તેમની પાસેથી ગનીમત પ્રાપ્ત કરો.

૧૭૭. અર્થાત મુરતદ બનીને દારૂલ હર્બમાં નાસી ગઇ હતી.

૧૭૮. એ સ્ત્રીઓના મહેર આપવા બાબત હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; મુહાજિર મુઅમિનોની સ્ત્રીઓમાંથી ૬ સ્ત્રીઓ એવી હતી જેમણે દારૂલ હર્બમાં રહેવાનું પસંદ કર્યું અને મુશરિકો સાથે ભળી ગઇ અને મુરતદ બની ગઇ. રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે માલે ગનીમતમાંથી તેમના પતિઓને તેમના મહેરો આપી દીધા.

ફાયદો :- આ આયતોમાં હિજરત કરી આવનાર સ્ત્રીઓની પરિક્ષા કરવાનું તેમ જ કાફિરોએ પોતાની સ્ત્રીઓ પર જે ખર્ચ કર્યો હોય તે તેણીઓની હિજરત પછી તેમને પાછો આપવાનું અને મુસલમાનોએ પોતાની બીબીઓ પાછળ જે ખર્ચ કર્યો હોય તે તેણીઓના મુરતદ થયા પછી કાફિરો સાથે ભળી ગયા પછી તેમની પાસે માંગવો અને જેમની બીબીઓ મુરતદ થઇ નાસી ગઇ હોય અને તેમણે જે તેણીઓ પાછળ ખર્ચ કર્યો હોય તે તેમને ગનીમતના માલમાંથી પાછો આપવો વિગેરે તમામ હુક્મો મન્સૂખ થએલા છે. (એના પર અમલ બંધ કરી દેવાયો છે) આયત સૈફ (જેહાદનો હુક્મ) અથવા આયતે ગનીમત અથવા સુન્નત વડે. કારણ કે એ હુક્મો ત્યાં સુધી જ રહ્યા જ્યાં સુધી તે કરાર રહ્યો અને જ્યારે કરાર ફોક થયો તો હુક્મો પણ ઉઠાવી લેવાયા.

૧૭૯. જેમકે અજ્ઞાનયુગમાં રૂઢી હતી કે છોકરીઓને લજ્જાના કારણે અથવા નાદારીની બ્હીકે જીવતી જ દાટી દેતા હતા એવું કરવાથી અને દરેક નાહકની હત્યાથી અટકવું આ બૈઅત (વચન આપવું) માં સામેલ છે.

૧૮૦. અર્થાત પારકું બાળક ધારણ કરીને પતિને છેતરે કે તેને પોતાના પેટે જન્મેલું જણાવે જેવો કે અજ્ઞાનયુગમાં (એક) રીવાજ હતો.

૧૮૧. નેક વાત અલ્લાહ અને તેના રસૂલની ફરમાંબરદારી છે.

૧૮૨. બયાન કરવામાં આવ્યું છે કે જ્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ મક્કાના વિજયના દિવસે પુરૂષોની બૈઅત લઇને પરવાર્યા ત્યારે સફા પર્વત પર સ્ત્રીઓની બૈઅત લેવાનું શરૂ કર્યું, હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુ નીચે ઉભા રહ્યા, હુઝૂરના શબ્દો સ્ત્રીઓને સંભળાવતા જતા હતા. હિન્દ બિન્તે અતબહ અબૂ સુફયાનની પત્ની ભયભીત હાલતમાં બુરખો પહેરીને એવી રીતે હાજર થઇ કે કોઇ ઓળખી શકે નહિ. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; હું તમારી પાસેથી એ વાતનું વચન લઉં છું કે તમે અલ્લાહ તઆલા સાથે કોઇ વસ્તુને શરીક નહિ કરો. ત્યારે હિન્દે માથું ઊંચકીને કહ્યું કે; તમે અમારી પાસેથી એવું વચન લો છો જે અમે પુરૂષો પાસેથી લેતાં તમને જોયા નથી. અને તે દિવસે પુરૂષો પાસેથી માત્ર ઇસ્લામ અને જેહાદનું વચન લેવાયું હતું. પછી હુઝૂરે ફરમાવ્યું; અને ચોરી નહિ કરો.

سُورَةُ الصَّفِّ بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

سَبَّحَ لِلَّهِ مَا فِي السَّمَاوَاتِ وَمَا فِي الْأَرْضِ ۖ وَهُوَ الْعَزِيزُ الْحَكِيمُ ①
يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لِمَ تَقُولُونَ مَا لَا تَفْعَلُونَ ② كَبُرَ مَقْتًا
عِنْدَ اللَّهِ أَنْ تَقُولُوا مَا لَا تَفْعَلُونَ ③ إِنَّ اللَّهَ يُحِبُّ
الَّذِينَ يُقَاتِلُونَ فِي سَبِيلِهِ صَفًّا كَأَنَّهُمْ بُنْيَانٌ مَرْصُوصٌ ④
وَإِذْ قَالَ مُوسَىٰ لِقَوْمِهِ يَا قَوْمِ لِمَ تُؤْذُونَنِي وَقَدْ تَعْلَمُونَ
أَنِّي رَسُولُ اللَّهِ إِلَيْكُمْ ۖ فَلَمَّا زَاغُوا أَزَاغَ اللَّهُ قُلُوبَهُمْ ۚ
وَاللَّهُ لَا يَهْدِي الْقَوْمَ الْفَاسِقِينَ ⑤ وَإِذْ قَالَ عِيسَى
ابْنُ مَرْيَمَ يَا بَنِي إِسْرَائِيلَ إِنِّي رَسُولُ اللَّهِ إِلَيْكُمْ مُصَدِّقًا
لِمَا بَيْنَ يَدَيَّ مِنَ التَّوْرَاةِ وَمُبَشِّرًا بِرَسُولٍ يَأْتِي مِنْ
بَعْدِي اسْمُهُ أَحْمَدُ ۖ فَلَمَّا جَاءَهُمْ بِالْبَيِّنَاتِ قَالُوا هَٰذَا سِحْرٌ مُبِينٌ ⑥

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૮૬]**

**અલ્લાહની પવિત્રતા બોલે છે જે કંઇ આકાશોમાં છે અને જે કંઇ પૃથ્વીમાં છે તે અને તે જ ઇજ્જત અને હિકમતવાળો છે (૧) અય ઇમાનવાળાઓ ! જે કરતા નથી તે કહો છો શા માટે ?[૧૮૭] (૨) અલ્લાહને એ વાત કેવી અણગમતી છે કે જે કરો નહિ તે કહો (૩) બેશક અલ્લાહ તેમને મિત્ર રાખે છે જેઓ તેના માર્ગમાં લડે છે લાઇનસર જાણે કે તેઓ સીસુ પાએલી દીવાલ છે[૧૮૮] (૪) અને યાદ કરો જ્યારે કહ્યું મૂસાએ પોતાની કોમને; અય મારી કોમ ! મને શા માટે સતાવો છો ?[૧૮૯] અને તમે જાણો છો[૧૯૦] કે હું તમારી તરફ અલ્લાહનો રસૂલ છું.[૧૯૧] પછી જ્યારે તેઓ[૧૯૨] વંકાયા (તો) અલ્લાહે તેમનાં દિલો વાંકા કરી નાખ્યાં.[૧૯૩] અને અલ્લાહ ફાસિક માણસોને માર્ગ આપતો નથી[૧૯૪] (૫) અને યાદ કરો જ્યારે મરયમના પુત્ર ઇસાએ કહ્યું; અય બની ઇસરાઇલ ! હું તમારી તરફ અલ્લાહનો રસૂલ છું મારાથી આગલી કિતાબ તવરાતને ટેકો આપતો[૧૯૫] અને તે રસૂલની ખુશખબર સંભળાવતો જે મારા પછી પધારશે તેમનુ નામ અહમદ છે.[૧૯૬] જ્યારે અહમદ તેમની પાસે સ્પષ્ટ નિશાનીઓ લઇને પધાર્યા (ત્યારે) બોલ્યા; આ તો ખુલ્લો જાદૂ છે (૬)**

ત્યારે હિન્દ (ફરી) બોલી; અબૂ સુફયાન બખીલ માણસ છે અને મેં તેમનો માલ જરૂર લીધો છે મને ખબર નથી કે તે મારા માટે હલાલ થયો કે નહિ. અબૂ સુફયાન હાજર હતા તેમણે કહ્યું; જે તેં પહેલાં લીધું અને જે હવે પછી લઇશ તે બધું તને હલાલ છે. ત્યારે હુઝૂર હસ્યા અને ફરમાવ્યું; તુ હિન્દ બિન્તે અતબા છે ? તેણીએ કહ્યું; હા ! જે ભૂલો મારાથી થઇ છે તે માફ કરો. પછી હુઝૂરે (સંબોધન આગળ ચલાવતાં) ફરમાવ્યું; અને વ્યભિચાર નહિ કરો. હિન્દે કહ્યું; શું કોઇ સ્વતંત્ર (બિન ગુલામ) સ્ત્રી વ્યભિચાર કરે છે ? હુઝૂરે આગળ ફરમાવ્યું; પોતાની ઔલાદને કતલ નહિ કરો. હિન્દ પાછી બોલી; અમે નાનાં નાનાંને ઉછેર્યાં જ્યારે તે મોટાં થયાં ત્યારે તમે તેમને કતલ કરી દીધાં હવે તમે જાણો અને તે. (તેનો દીકરો હઝલા બિન અબી સુફયાન બદ્રમાં માર્યો ગયો હતો) હિન્દની આ વાત સાંભળીને હઝરત ઉમર ખૂબ હસ્યા. પછી હુઝૂરે ફરમાવ્યું; પોતાના હાથ પગોની વચમાં કોઇ બોહતાન ઉપજાવી કાઢશો નહિ. હિન્દે કહ્યું; ખુદાની કસમ ! બોહતાન ખૂબ ખરાબ વસ્તુ છે અને હુઝૂર આપણને નેક વાતો અને સારી આદતોનો ઉપદેશ આપે છે. પછી હુઝૂરે ફરમાવ્યુ; કોઇ નેક વાતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના હુક્મને ઉવેખશો નહિ. ત્યારે હિન્દે કહ્યું; આ મજલિસમાં એટલા માટે આવ્યાં જ નથી કે પોતાના દિલમાં આપના હુક્મને ઉવેખવાનો ખયાલ પણ આવવા દઇએ. સ્ત્રીઓએ આ બધી વાતો સ્વીકારી અને ૪૫૭ સ્ત્રીઓએ બૈઅત કરી, આ બૈઅતમાં હુઝૂરે હાથમાં હાથ લીધો નહિ અને સ્ત્રીઓને હાથ મુબારક પકડવા દીધો નહિ. બૈઅત વિષે એવું પણ કહેવાયું છે કે પાણીના એક વાસણમાં હુઝૂરે પોતાનો હાથ મુબારક મૂક્યો પછી તેમાં જ સ્ત્રીઓએ પોતાના હાથો મૂક્યા અને એવું પણ કહેવાયું છે કે બૈઅત કપડા વડે લેવામાં આવી હતી અને કોઇ મુશ્કેલ

قد سمع الله ٢٨ — الصف ٦١

وَمَنْ أَظْلَمُ مِمَّنِ افْتَرَىٰ عَلَى اللَّهِ الْكَذِبَ وَهُوَ يُدْعَىٰ
إِلَى الْإِسْلَامِ ۚ وَاللَّهُ لَا يَهْدِي الْقَوْمَ الظَّالِمِينَ ﴿٧﴾ يُرِيدُونَ
لِيُطْفِئُوا نُورَ اللَّهِ بِأَفْوَاهِهِمْ وَاللَّهُ مُتِمُّ نُورِهِ وَلَوْ كَرِهَ الْكَافِرُونَ ﴿٨﴾
هُوَ الَّذِي أَرْسَلَ رَسُولَهُ بِالْهُدَىٰ وَدِينِ الْحَقِّ
لِيُظْهِرَهُ عَلَى الدِّينِ كُلِّهِ وَلَوْ كَرِهَ الْمُشْرِكُونَ ﴿٩﴾ يَا أَيُّهَا
الَّذِينَ آمَنُوا هَلْ أَدُلُّكُمْ عَلَىٰ تِجَارَةٍ تُنْجِيكُمْ مِنْ
عَذَابٍ أَلِيمٍ ﴿١٠﴾ تُؤْمِنُونَ بِاللَّهِ وَرَسُولِهِ وَتُجَاهِدُونَ
فِي سَبِيلِ اللَّهِ بِأَمْوَالِكُمْ وَأَنْفُسِكُمْ ۚ ذَٰلِكُمْ خَيْرٌ لَكُمْ
إِنْ كُنْتُمْ تَعْلَمُونَ ﴿١١﴾ يَغْفِرْ لَكُمْ ذُنُوبَكُمْ وَيُدْخِلْكُمْ جَنَّاتٍ
تَجْرِي مِنْ تَحْتِهَا الْأَنْهَارُ وَمَسَاكِنَ طَيِّبَةً فِي جَنَّاتِ
عَدْنٍ ۚ ذَٰلِكَ الْفَوْزُ الْعَظِيمُ ﴿١٢﴾ وَأُخْرَىٰ تُحِبُّونَهَا ۖ نَصْرٌ مِنَ

**અને તેનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડે ?[૧૯૭] અને હાલત એ છે કે તેને ઇસ્લામ તરફ બોલાવવામાં આવતો હોય.[૧૯૮] અને જાલિમ લોકોને અલ્લાહ માર્ગ નથી આપતો (૭) ઇચ્છે છે કે અલ્લાહનું નૂર[૧૯૯] પોતાના મોઢાંઓથી હોલવી નાખે[૨૦૦] અને અલ્લાહ પોતાનું નૂર સંપૂર્ણ કરનાર છે ભલે કાફિરોને ગમે નહિ (૮) તે જ છે જેણે પોતાના રસૂલને હિદાયત અને સાચા દીન સાથે મોકલ્યા કે જેથી એને બધા ધર્મો પર વિજેતા કરે[૨૦૧] ભલે મુશરિકોને બુરૂં લાગે (૯) અય ઇમાનવાળાઓ ?[૨૦૨] શું હું તમને એવો વેપાર દેખાડું જે તમને દુ:ખદાયક અઝાબથી બચાવે ?[૨૦૩] (૧૦) અલ્લાહ અને તેના રસૂલ પર ઇમાન રાખો અને અલ્લાહના માર્ગમાં પોતાની દોલત અને જીવથી જેહાદ કરો, એ તમારા માટે ઉત્તમ છે[૨૦૪] જો તમે જાણો તો[૨૦૫] (૧૧) તે તમારા ગુન્હાઓ માફ કરી દેશે અને તમને બગીચાઓમાં લઇ જશે જેમની નીચે વહે નહેરો અને સ્વચ્છ મહેલોમાં જે વસવાના બગીચાઓમાં છે, એ જ મહાન સફળતા છે (૧૨) અને તમને બીજી (પણ) એક નેઅમત આપશે[૨૦૬]**

વાત નથી કે બન્ને હાલતો થઇ હોય.

**મસાઇલ** :- બૈઅત સમયે મિકરાઝ(કાતર)નો ઉપયોગ કરવો મશાઇખનો તરીકો છે, એવું પણ કહેવાયું છે કે એ હઝરત અલી રદીઅલ્લાહુ અન્હુની સુન્નત છે. ખિલાફત સાથે ટોપી આપવી મશાઇખનો તરીકો છે અને એવું પણ કહેવાયું છે કે એ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી નકલ થએલું છે. સ્ત્રીઓ ની બૈઅતમાં તેણીઓનો હાથ પકડવો હરામ છે બૈઅત જીભ અથવા કપડા વિગેરે મારફત હોવી જોઇએ.

૧૮૩. તે લોકો એટલે યહૂદીઓ.

૧૮૪. કારણ કે તેમને આગલી કિતાબોથી જણાએલું હતું અને તેઓ ખાત્રીપૂર્વક જાણતા હતા કે હુઝૂર અલ્લાહના રસૂલ છે અને યહૂદીઓએ એનો ઇન્કાર કર્યો છે એટલે તેમને એમની માફીની આશા નથી.

૧૮૫. ફરી દુનિયામાં આવવા બાબતે અથવા એવો અર્થ છે કે યહૂદીઓ આખેરતના સવાબથી એવા નિરાશ થઇ ગયા છે જેવી રીતે કે મરી ગએલા કાફિરો કબરમાં પોતાની હાલતની ખબર પડી ગયા પછી આખેરતના સવાબથી તદ્દન નિરાશ બની ગયા છે.

૧૮૬. સૂરએ સફ્ફ મક્કામાં ઉતરેલી છે અને હઝરત ઇબ્ને અબ્બાસ તેમ જ બીજા ઘણા તફસીરકારો ના મંતવ્યાનુસાર મદીનામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૧૪ આયતો ૨૨૧ શબ્દો અને ૯૦૦ અક્ષરો છે.

૧૮૭. **શાને નુઝૂલ** :- સહાબાનું એક જુથ વાતચીત કરી રહ્યું હતું આ તે સમય હતો કે ત્યાર સુધી જેહાદનો હુક્મ ઉતર્યો હતો નહિ. તે જુથની વાતચીતનો વિષય એ હતો કે અલ્લાહને ક્યો અમલ બધાંથી વધારે પ્યારો છે ? જો આપણને ખબર હોત તો આપણે તે જ કરત ભલે પછી તેમાં આપણી દોલત અને

આપણા પ્રાણો હોમાઇ જાત. તે બાબતે આ આયત ઉતરી. આ આયતના શાને નુઝૂલ વિષે બીજાં મંતવ્યો પણ છે તેમાંથી એક એ કે આ આયત મુનાફિકો વિષે ઉતરી જેઓ મુસલમાનોને મદદના જૂઠા વાયદાઓ કરતા હતા.

૧૮૮. એક સાથે બીજો જોડાએલો દરેક પોતાના સ્થાને અડગ દુશ્મનના મુકાબલામાં બધા જાણે કે એક જ વસ્તુ.

૧૮૯. આયતોનો ઇન્કાર કરીને અને મારા પર જૂઠો આક્ષેપ મૂકીને.

૧૯૦. ખાત્રી પુર્વક.

૧૯૧. અને રસૂલોનું માન જાળવવું વાજિબ હોય છે તેમની ઇજ્જત અને સન્માન જરૂરી છે તેમને કષ્ટ આપવું સખત હરામ અને અંતિમ કક્ષાનું અભાગીપણું છે.

૧૯૨. હઝરત મૂસા અલયહિસ્સલામને કષ્ટો આપીને સાચા માર્ગથી.....

૧૯૩. તેમને સત્યની પાછળ ચાલવાની તૌફીકથી વંચિત કરીને.

૧૯૪. જેઓ તેની જાણમાં નાફરમાન છે. આ આયતમાં ચેતવણી છે કે રસૂલોને ઇજા આપવી સખત માં સખત ગુન્હો છે અને તેના માઠા પરિણામથી દિલો વાંકા થઇ જાય છે અને માનવી હિદાયતથી વંચિત થઇ જાય છે.

૧૯૫. અને તવરાત તેમ જ બીજી ખુદાઇ કિતાબોને સ્વીકારતો અને બધા આગલા નબીઓને માનતો.

૧૯૬. **હદીષ** :- રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના હુકમથી સહાબએ કિરામ નજાશી બાદશાહ પાસે ગયા ત્યારે નજાશી બાદશાહે કહ્યું; હું ગવાહી આપુ છું કે મોહંમદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અલ્લાહના રસૂલ છે અને તે રસૂલ જ છે. જેમની બશારત હઝરત ઇસા અલયહિસ્સલામે આપી હતી જો રાજ્યના કામોની પાબંદી હોત નહિ તો હું આપની સેવામાં હાજર થઇને પગરખાં ઊંચકવાની સેવા કરત. (અબૂ દાવૂદ) હઝરત અબ્દુલ્લાહ બિન સલામે બયાન કર્યું છે કે તવરાતમાં સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ગુણોનું બયાન મૌજૂદ છે અને એવું પણ છે કે હઝરત ઇસા અલયહિસ્સલામ આપની પાસે દફન થશે. અબૂ દાવૂદ મદનીએ કહ્યું છે કે; રોઝા મુબારકમાં એક કબરની જગ્યા બાકી છે. (તિરમિઝી)

હઝરત કઅબ અહબારે બયાન કર્યું છે કે; હવારીઓએ હઝરત ઇસા અલયહિસ્સલામને પૂછયું; યા રૂહુલ્લાહ ! શું અમારા પછી પણ કોઇ ઉમ્મત છે ? ફરમાવ્યું; હા ! અહમદ મુજતબા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઉમ્મત, તે લોકો અક્કલમંદ, ઇલ્મવાળા અને પરહેઝગાર છે અને દીનની સમજદારીમાં નબી-ઓના નાયબ છે, અલ્લાહ તઆલાથી થોડી રોજી બદલ રાજી અને અલ્લાહ તઆલા તેમના થોડા અમલથી રાજી.

૧૯૭. તેની સાથે શિર્ક અને દીકરાનો સંબંધ જોડીને અને તેની આયતોને જાદુ કહીને.

૧૯૮. જેમાં ઉભય જગતની ભલાઇઓ છે.

૧૯૯. અર્થાત સત્ય ધર્મ ઇસ્લામ.

૨૦૦. કુરઆન મજીદને શાયરી, જાદુ અને જ્યોતિષ વિદ્યા કહીને.

૨૦૧. જેમકે દરેક ધર્મ અલ્લાહની મહેરબાનીથી ઇસ્લામ સામે ઝાંખો પડી ગયો. મુજાહિદે કહ્યું છે કે; જ્યારે હઝરત ઇસા અલયહિસ્સલામ ઉતરશે ત્યારે સમગ્ર વિશ્વ પર ઇસ્લામ સિવાય બીજો ધર્મ નહિ હોય.

૨૦૨. **શાને નુઝૂલ** :- મુઅમિનોએ કહ્યું હતું કે જો અમને ખબર પડત કે અલ્લાહ તઆલાને ક્યો અમલ

**જે તમને વ્હાલી છે; અલ્લાહની મદદ અને જલ્દી આવનારી ફત્તેહ.[૨૦૭] અને અય મહબૂબ ! મુસલમાનોને ખુશખબર સંભળાવી દો[૨૦૮] (૧૩) અય ઇમાનવાળાઓ ! અલ્લાહના મદદગાર બનો,[૨૦૯] જેવું કે મરયમના પુત્ર ઇસાએ હવારીઓને કહ્યું હતું કે; કોણ છે જે અલ્લાહ તરફ થઇને મારી મદદ કરે ? હવારીઓ બોલ્યા;[૨૧૦] અમે અલ્લાહના દીનના મદદગાર છીએ. તો બની ઇસરાઇલ માંથી એક જુથ ઇમાન લાવ્યું[૨૧૧] અને એક જુથ કાફિર બન્યું.[૨૧૨] તો અમે ઇમાનવાળાઓને તેમના દુશ્મનો પર વિજય આપ્યો તો (તેઓ) વિજેતા થયા[૨૧૩] (૧૪)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૧૪]**

**અલ્લાહની પવિત્રતા બોલે છે જે કંઇ આકાશોમાં છે અને જે કંઇ પૃથ્વીમાં છે તે.[૨૧૫] બાદશાહ અતિશય પવિત્રતાવાળો ઇજ્જતવાળો હિકમતવાળો (૧) તે જ છે જેણે અજ્ઞાનીઓમાં તેમનામાંથી જ એક રસૂલ મોકલ્યો[૨૧૬] કે તેમની સમક્ષ તેની આયતો પઢે છે[૨૧૭] અને તેમને પાક કરે છે[૨૧૮] અને તેમને કિતાબ તેમ જ હિકમતનું જ્ઞાન આપે છે.[૨૧૯] અને બેશક તેઓ આથી પહેલાં[૨૨૦] અવશ્ય ખુલ્લી ગુમરાહીમાં હતા[૨૨૧] (૨)**



اللّٰهِ وَفَتْحٌ قَرِيبٌ ۗ وَبَشِّرِ الْمُؤْمِنِينَ ﴿١٣﴾ يٰٓاَيُّهَا الَّذِينَ
اٰمَنُوْا كُوْنُوْٓا اَنْصَارَ اللّٰهِ كَمَا قَالَ عِيسَى ابْنُ مَرْيَمَ
لِلْحَوَارِيّٖنَ مَنْ اَنْصَارِيْٓ اِلَى اللّٰهِ ۗ قَالَ الْحَوَارِيُّوْنَ
نَحْنُ اَنْصَارُ اللّٰهِ فَاٰمَنَتْ طَّآئِفَةٌ مِّنْ بَنِيْٓ اِسْرَآءِيْلَ
وَكَفَرَتْ طَّآئِفَةٌ ۚ فَاَيَّدْنَا الَّذِيْنَ اٰمَنُوْا عَلٰى عَدُوِّهِمْ
فَاَصْبَحُوْا ظٰهِرِيْنَ ﴿١٤﴾

سورة الجمعة مدنية — بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ — آياتها ١١ ركوعها ٢

يُسَبِّحُ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ الْمَلِكِ الْقُدُّوْسِ
الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿١﴾ هُوَ الَّذِيْ بَعَثَ فِي الْاُمِّيّٖنَ رَسُوْلًا
مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ
وَالْحِكْمَةَ ۗ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿٢﴾

منزل ٧

બહું પસંદ છે તો અમે તે જ કરત. તે બાબત આ આયત ઉતરી અને આ આયતને તે અમલને વેપાર સાથે સરખાવવામાં આવ્યો કારણ કે વેપારમાં નફાની આશા હોય છે એવી જ રીતે આ અમલોથી ઉત્તમ નફો અલ્લાહની ખુશી અને જન્નત અને નજાત મળે છે.

૨૦૩. હવે તે તિજારત (વેપાર) શું છે તે કહેવામાં આવે છે.

૨૦૪. જાન માલ અને દરેક વસ્તુથી.

૨૦૫. અને એવું કરશો તો.....

૨૦૬. આ નેઅમત સિવાયની જે જલ્દી મળવાની છે.

૨૦૭. એ ફતેહનો ઇશારો યા તો મક્કાની ફતેહ તરફ છે યા ફારસ અને રોમના દેશોની ફતેહ તરફ.

૨૦૮. દુનિયામાં ફતેહની અને આખેરતમાં જન્નતની.

૨૦૯. હવારીઓએ દીનની મદદ કરી હતી.....

૨૧૦. ''હવારી'' હઝરત ઇસા અલયહિસ્સલામના નિખાલસ અનુયાયીઓને કહે છે. એ ૧૨ વ્યક્તિઓ હતી જેઓ હઝરત ઇસા પર સર્વ પ્રથમ ઇમાન લાવી હતી તેમણે કહ્યું.....

૨૧૧. હઝરત ઇસા અલયહિસ્સલામ પર.

૨૧૨. એ બન્ને જુથોમાં લડાઇ થઇ...

૨૧૩. ઇમાનવાળાઓ. આ આયતની તફસીરમાં એવું પણ કહેવાયું છે કે; જ્યારે હઝરત ઇસા અલયહિસ્સલામ આસ્માનમાં ઉઠાવી લેવામાં આવ્યા તો તેમની કોમ ત્રણ જુથોમાં વહેંચાઇ ગઇ. એક જુથે

وَآخَرِينَ مِنْهُمْ لَمَّا يَلْحَقُوا بِهِمْ ۚ وَهُوَ الْعَزِيزُ
الْحَكِيمُ ﴿٣﴾ ذَٰلِكَ فَضْلُ اللَّهِ يُؤْتِيهِ مَنْ يَشَاءُ ۚ
وَاللَّهُ ذُو الْفَضْلِ الْعَظِيمِ ﴿٤﴾ مَثَلُ الَّذِينَ حُمِّلُوا
التَّوْرَاةَ ثُمَّ لَمْ يَحْمِلُوهَا كَمَثَلِ الْحِمَارِ يَحْمِلُ أَسْفَارًا ۚ
بِئْسَ مَثَلُ الْقَوْمِ الَّذِينَ كَذَّبُوا بِآيَاتِ اللَّهِ ۚ وَاللَّهُ
لَا يَهْدِي الْقَوْمَ الظَّالِمِينَ ﴿٥﴾ قُلْ يَا أَيُّهَا الَّذِينَ
هَادُوا إِنْ زَعَمْتُمْ أَنَّكُمْ أَوْلِيَاءُ لِلَّهِ مِنْ دُونِ
النَّاسِ فَتَمَنَّوُا الْمَوْتَ إِنْ كُنْتُمْ صَادِقِينَ ﴿٦﴾ وَلَا
يَتَمَنَّوْنَهُ أَبَدًا بِمَا قَدَّمَتْ أَيْدِيهِمْ ۚ وَاللَّهُ عَلِيمٌ
بِالظَّالِمِينَ ﴿٧﴾ قُلْ إِنَّ الْمَوْتَ الَّذِي تَفِرُّونَ
مِنْهُ فَإِنَّهُ مُلَاقِيكُمْ ۖ ثُمَّ تُرَدُّونَ إِلَىٰ عَالِمِ الْغَيْبِ وَ

**અને તેમનામાંથી[222] બીજાઓને[223] પાક કરે છે અને ઇલ્મ આપે છે જે તે આગલાઓ ને મલ્યા નહિ.[224] અને તે જ ઇજ્જતવાળો અને હિકમતવાળો છે (૩) આ અલ્લાહનો ફઝલ છે જેને ઇચ્છે તેને આપે અને અલ્લાહ મહાન કૃપાળુ છે[225] (૪) તેમનું દ્રષ્ટાંત જેમની ઉપર તવરાત લાદવામાં આવી હતી[226] ફરી તેમણે તેની આજ્ઞાઓનું પાલન કર્યું નહિ[227] ગધેડાના દ્રષ્ટાંત જેવું છે જે પીઠ પર કિતાબો લાદે.[228] જેમણે અલ્લાહની આયતો જૂઠાડી તેમનું દ્રષ્ટાંત કેટલું ખરાબ છે. અને અલ્લાહ જાલિમોને માર્ગ આપતો નથી (૫) તમે ફરમાવો; અય યહૂદીઓ; જો તમને એવું ગુમાન હોય કે તમે જ અલ્લાહના દોસ્ત છો બીજા લોકો નહિ[229], તો મૃત્યુનો હરખ કરો[230] જો તમે સાચા હોવ તો[231] (૬) અને તેઓ કદી એ (મૃત્યુ) ની તમન્ના નહિ કરે તે કરતુતોના કારણે જે તેમના હાથો આગળ મોકલી ચૂક્યા છે.[232] અને અલ્લાહ જાલિમોને જાણે છે (૭) તમે ફરમાવો; તે મૃત્યુ જેનાથી તમે નાસો છો તે તો અવશ્ય તમને મળવાનું જ છે.[233] પછી તેની તરફ પાછા ફેરવવામાં આવશો જે છુપું અને જાહેર બધું**

હઝરત ઇસા અલયહિસ્સલામ વિષે કહ્યું કે; તેઓ અલ્લાહ હતા અને આકાશમાં જતા રહ્યા. બીજુ જુથ બોલ્યું કે; તે અલ્લાહના પુત્ર હતા અલ્લાહે તેમને પોતાની પાસે બોલાવી લીધા. ત્રીજા જુથે કહ્યું કે; તેઓ અલ્લાહના બંદા અને તેના રસૂલ હતા અલ્લાહે તેમને ઉપાડી લીધા. આ ત્રીજું જુથ મુઅમિનોનું હતું તેમની પેલા બન્ને જુથો સાથે લડાઇ રહેતી અને કાફિર જુથો તેમને દબાવતાં રહ્યાં એટલે સુધી કે સય્યિદે અમ્બિયા મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પધરામણી થઇ ત્યારે ઇમાનદારોનું જુથ પેલા કાફિર જુથો પર ગાલિબ આવ્યું. એ રીતે મતલબ એ થયો કે હઝરત ઇસા અલયહિસ્સલામ પર ઇમાન લાવનારાઓની અમે મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સત્યતા સ્વીકારવાના કારણે મદદ કરી.

૨૧૪. સૂરએ જુમ્અહ મદીનામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૧૧ આયતો ૧૮૦ શબ્દો અને ૭૨૦ અક્ષરો છે.

૨૧૫. પવિત્રતા (તસ્બીહ) ત્રણ જાતની છે. એક તસ્બીહે ખિલ્કત (સૃષ્ટિ તરફથી બોલાતી પવિત્રતા) એટલે કે દરેક વસ્તુની જાત (તે સ્વંય પોતાની આકૃતિ સાથે) અને તેનુ સર્જન, અલ્લાહ સર્જનહારની કુદરત અને હિક્મત તેમ જ તેના એક હોવા અને પવિત્ર હોવા બાબત નિર્દેશ કરે છે. બીજી તસ્બીહે મઅરેફત (પિછાણ પછી બોલાતી પવિત્રતા) એટલે કે અલ્લાહ તઆલા પોતાની કૃપા અને મહેરબાનીથી મખ્લૂકમાં પોતાની પિછાણ જન્માવે (અને પછી તે અલ્લાહને ઓળખીને તેની પવિત્રતા બોલે). ત્રીજી તસ્બીહે ઝરૂરી (અલ્લાહની પ્રેરણા વડે બોલાતી પવિત્રતા) એટલે કે અલ્લાહ તઆલા પ્રત્યેક પ્રાણ (માત્ર સજીવ વસ્તુનો જ નહિ બલ્કે સમગ્ર સૃષ્ટિની દરેક વસ્તુનો) માં પોતાની તસ્બીહ સ્ફૂરાવી આપે છે, આ તસ્બીહ પિછાણ પર

અવલંબિત નથી.

૨૧૬. જેમની વંશાવળી અને ખાનદાનીને તેઓ સારી રીતે જાણે છે જેમનું પાક નામ મોહંમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) છે. હુઝૂરની સિફત નબીએ ઉમ્મી છે તેનાં ઘણાં કારણો છે એક તેમાંથી એ છે કે આપ ઉમ્મી ઉમ્મત (નિરક્ષર ઉમ્મત) તરફ મોકલાયા. 'કિતાબ શઅયાઅ' માં છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે; હું ઉમ્મીઓમાં એક ઉમ્મી મોકલીશ અને તેના પર નબુવ્વતને સમાપ્ત કરી દઇશ. અને એક કારણ એ છે કે આપનો જન્મ ''ઉમ્મુલ કુરા'' એટલે કે મક્કા મુકર્રમામાં થયો. અને એક કારણ એ છે કે હુઝૂર કશું લખતા ન હતા અને કિતાબમાં જોઇને કશું વાંચતા ન હતા અને એ આપની શ્રેષ્ઠતા હતી કે ઇલ્મની વિપુલતાના કારણે એની જરૂર જ ન હતી. લખાણ એ મગજની એક કારીગરી છે જે શરીરના ઓજાર વડે પ્રસ્તુત થાય છે. તો જે હસ્તી એવી હોય કે કલમે આલા (જે લવહે મહફૂઝમાં લખે છે) જેના ફરમાનના તાબે હોય તેને આ લખાણની શું આવશ્યકતા ? અને હુઝૂર લખતા નહિ હોવા છતાં લખાણ ની વિદ્યામાં આપનું પ્રવિણ હોવું એક મહાન મુઅજિઝો છે. કાતિબો (લહિયાઓ)ને લખાણ વિદ્યા અને અક્ષર મરોડની તાલીમ આપતા હતા અને હુન્નરવાળાઓને હુન્નર શિખવાડતા હતા. તેમ જ દુનિયા અને આખેરતના દરેક કમાલમાં અલ્લાહ તઆલાએ આપને તમામ મખ્લૂક કરતાં વધારે વિધ્વાન બનાવ્યા હતા.

૨૧૭. અર્થાત કુરઆને પાક સંભળાવે છે.

૨૧૮. અસત્ય માન્યતાઓ અને નીચ લક્ષણો અને અજ્ઞાનયુગની ઘૃણાસ્પદ બાબતો તેમ જ ખરાબ કર્મોથી.

૨૧૯. કિતાબનો મતલબ કુરઆન અને હિકમતનો મતલબ સુન્નત અને ફિક્હ અથવા શરીઅતના આદેશો અથવા તરીકતના ભેદો છે.

૨૨૦. અર્થાત હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પધરામણી પહેલાં.

૨૨૧. કે શિર્ક તેમ જ અસત્ય માન્યતાઓ અને ખરાબ કામોમાં સપડએલા હતા અને તેમને મુરશિદે કામિલની સખત જરૂર હતી.

૨૨૨. અર્થાત ઉમ્મી લોકોમાંથી.

૨૨૩. બીજાઓનો નિર્દેશ યા તો બિન અરબો પ્રતિ છે યા તે તમામ લોકો જેઓ હુઝૂર પછી કયામત સુધી ઇસ્લામમાં દાખલ થાય તેમને...

૨૨૪. તેમનો સમય જોયો નહિ તેમના પછી આવ્યા અથવા મરતબા અને દરજ્જામાં તેમના સુધી લાધ્યા નહિ કારણ કે સહાબા પછીના લોકો ભલે ગૌસ કે કુતુબ બની જાય પણ સહાબી હોવાની વિશેષતા મેળવી શકતા નથી.

૨૨૫. પોતાની મખ્લૂક પર કે તેણે તેમની હિદાયત માટે મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને મોકલ્યા.

૨૨૬. અને તેના હુક્મોનું પાલન તેમના માટે અનિર્વાય કરવામાં આવ્યું હતું તે લોકો યહૂદીઓ છે.

૨૨૭. અને તે મુજબ ચાલ્યા નહિ અને તેમાં હુઝૂરના વખાણ અને ગુણો જોયા છતાં આપની ઉપર ઇમાન લાવ્યા નહિ.

૨૨૮. અને વજન વેઠવા સિવાય તેનાથી કશો લાભ મેળવે નહિ અને જે વિદ્યાઓ તેમાં છે તેનાથી લેશ માત્ર પણ જાણકાર બને નહિ, એવી જ હાલત તે યહૂદીઓની છે જેઓ તવરાત ઊંચકીને ફરે છે તેના શબ્દો

**જ જાણે છે. પછી જે તમે કર્યું હતું તે તમને કહી આપશે (૮) અય ઇમાનવાળાઓ ! જ્યારે નમાઝની અઝાન થાય જુમ્અહના દિવસે[૨૩૪] તો અલ્લાહની યાદ તરફ દોડો[૨૩૫] અને ખરીદ વેચાણ છોડી દો[૨૩૬] જો તમે જાણો તો એ તમારા માટે ઉત્તમ છે (૯) પછી જ્યારે નમાઝ પુરી થાય તો ધરતીમાં ફેલાય જાવ અને અલ્લાહની કૃપા ઢુંઢો અને અલ્લાહને ખૂબ યાદ કરો એ આશાએ કે સફળતા મેળવો[૨૩૭] (૧૦) અને જ્યારે એમણે કોઇ વેપાર કે ખેલ ભાળ્યો (ત્યારે) તેની તરફ ચાલી નીકળ્યા[૨૩૮] અને તમને ખુત્બામાં ઉભા મૂકી ગયા.[૨૩૯] તમે ફરમાવો ; જે અલ્લાહ પાસે છે[૨૪૦] (તે) ખેલ અને વેપારથી સારૂં છે. અને અલ્લાહની રોજી સર્વોત્તમ (છે) (૧૧)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૪૧]**

**જ્યારે મુનાફિકો તમારી સમક્ષ હાજર થાય છે[૨૪૨] (ત્યારે) કહે છે ; 'અમે સાક્ષી આપીએ છીએ કે હુઝૂર બેશક !**

قد سمع الله ٢٨ المنفقون ٦٣

الشَّهَادَةِ فَيُنَبِّئُكُم بِمَا كُنتُمْ تَعْمَلُونَ ﴿٨﴾ يَا أَيُّهَا
الَّذِينَ آمَنُوا إِذَا نُودِيَ لِلصَّلَوٰةِ مِن يَوْمِ الْجُمُعَةِ
فَاسْعَوْا إِلَىٰ ذِكْرِ اللَّهِ وَذَرُوا الْبَيْعَ ذَٰلِكُمْ خَيْرٌ لَّكُمْ
إِن كُنتُمْ تَعْلَمُونَ ﴿٩﴾ فَإِذَا قُضِيَتِ الصَّلَوٰةُ فَانتَشِرُوا
فِي الْأَرْضِ وَابْتَغُوا مِن فَضْلِ اللَّهِ وَاذْكُرُوا اللَّهَ
كَثِيرًا لَّعَلَّكُمْ تُفْلِحُونَ ﴿١٠﴾ وَإِذَا رَأَوْا تِجَارَةً أَوْ لَهْوًا انفَضُّوا
إِلَيْهَا وَتَرَكُوكَ قَائِمًا قُلْ مَا عِندَ اللَّهِ خَيْرٌ مِّنَ
اللَّهْوِ وَمِنَ التِّجَارَةِ وَاللَّهُ خَيْرُ الرَّازِقِينَ ﴿١١﴾
سُورَةُ الْمُنٰفِقُونَ مَدَنِيَّةٌ وَهِيَ إِحْدَىٰ عَشْرَةَ آيَةً وَفِيهَا رُكُوعَانِ
بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
إِذَا جَاءَكَ الْمُنَافِقُونَ قَالُوا نَشْهَدُ إِنَّكَ لَرَسُولُ اللَّهِ

રટી લે છે અને તેનાથી લાભ મેળવતા નથી તેના મુજબ અમલ કરતા નથી. અને એ જ દ્રષ્ટાંત તેમની ઉપર (પણ) લાગુ પડે છે જેઓ કુરઆન મજીદના અર્થો સમજે નહિ અને તેના પર અમલ કરે નહિ અને તેનાથી મોઢુ ફેરવે.

૨૨૯. જેવું કે તમે કહો છો; અમે અલ્લાહના દીકરાઓ અને તેના વ્હાલા છીએ.

૨૩૦. કે જેથી તમને મૃત્યુ તેના સુધી પહોંચાડી આપે.

૨૩૧. પોતાના એ દાવામાં.

૨૩૨. અર્થાત તે કુફ્ર અને જૂઠાડવાના કારણે જે એમણે કર્યું છે.

૨૩૩. કોઇ રીતે પણ તેનાથી બચી શકતા નથી.

૨૩૪. જુમ્અહના દિવસનું નામ (પહેલાં) અરબીમાં અરૂબા હતું એને જુમ્અહ એટલા માટે કહેવાય છે કે તે દિવસે નમાઝ માટે જમાઅતો (સંખ્યાબંધ લોકો) નું સંમેલન થાય છે. જુમ્અહ નામ પાડવાના કારણો દર્શાવતાં બીજાં પણ અમુક કથનો છે. સહુ પ્રથમ આ દિવસનું નામ જેણે જુમ્અહ પાડયું તે કઅબ બિન લુવૈ છે. પ્રથમ જુમ્અહની નમાઝ જે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પઢયા તે બાબત અસ્હાબે સિયર (જીવન ચરિત્રો આલેખનારાઓ)નું કહેવું છે કે; હુઝૂર હિજરત કરીને જ્યારે મદીના તય્યેબા પધાર્યા ત્યારે ૧૨ રબીઉલ અવ્વલ સોમવારના દિવસે સવાર પછી થોડી વારે કુબા મુકામે ઉતર્યા સોમવાર મંગળવાર બુધવાર અને જુમેરાત સુધી ત્યાં રહ્યા અને મસ્જિદનો પાયો નાંખ્યો, જુમ્અહના દિવસે મદીના તય્યેબા નો ઇરાદો ફરમાવ્યો, બની સાલિમ બિન ઔફના મેદાનમાં જુમ્અહનો સમય થયો તે જગાને

ખરેખર અલ્લાહના રસૂલ છે' અને અલ્લાહ જાણે છે કે તમે તેના રસૂલ છો. અને અલ્લાહ સાક્ષી આપે છે કે મુનાફિકો જરૂર જૂઠા છે[૨૪૩] (૧) અને તેમણે પોતાની કસમોને ઢાલ બનાવી લીધી[૨૪૪] તો (એ રીતે લોકોને) અલ્લાહના માર્ગથી રોક્યા[૨૪૫] બેશક ! તેઓ ખૂબ જ ખરાબ કામો કરે છે[૨૪૬] (૨) આ એટલા માટે કે તેઓ જબાનથી ઇમાન લાવ્યા, પછી દિલથી કાફિર બન્યા તો તેમના હૃદયો પર મહોર મારી દેવામાં આવી તેથી હવે તેઓ કશું સમજતા નથી (૩) અને જ્યારે તુ તેમને જુએ[૨૪૭] (તો) તેમનાં શરીરો તને રૂડાં લાગે અને જો વાત કરે તો તુ તેમની વાત ધ્યાન પુર્વક સાંભળે[૨૪૮] જાણે કે તે ભીંત સાથે ટીંગાડેલી કડીઓ છે[૨૪૯] દરેક ઊંચા અવાજ પોતાની ઉપર લઇ લે છે,[૨૫૦] તેઓ દુશ્મન છે[૨૫૧] તો તેમનાથી બચેલા રહો[૨૫૨], અલ્લાહ તેમને મારે ! ક્યાં ઊંધા જાય છે ?[૨૫૩] (૪) અને જ્યારે તેમને કહેવામાં આવે કે; 'આવો ![૨૫૪] રસૂલુલ્લાહ તમારા માટે મગફેરત માંગે' ત્યારે પોતાનાં માથાંઓ હલાવે છે અને તમે તેમને જુઓ કે ધ્યાન કરતાં મોઢું ફેરવી લે છે[૨૫૫] (૫) તેમના માટે સરખું છે તમે તેમના માટે માફી માંગો કે ન માંગો, અલ્લાહ તેમને

قد سمع الله ۲۸ — المنٰفقون ۶۳

وَاللّٰهُ يَعْلَمُ اِنَّكَ لَرَسُوْلُهٗ ؕ وَاللّٰهُ يَشْهَدُ اِنَّ الْمُنٰفِقِيْنَ
لَكٰذِبُوْنَ ۚ ﴿۱﴾ اِتَّخَذُوْۤا اَيْمَانَهُمْ جُنَّةً فَصَدُّوْا عَنْ
سَبِيْلِ اللّٰهِ ؕ اِنَّهُمْ سَآءَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۲﴾ ذٰلِكَ بِاَنَّهُمْ
اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا فَطُبِعَ عَلٰى قُلُوْبِهِمْ فَهُمْ لَا يَفْقَهُوْنَ ﴿۳﴾
وَاِذَا رَاَيْتَهُمْ تُعْجِبُكَ اَجْسَامُهُمْ ؕ وَاِنْ يَّقُوْلُوْا تَسْمَعْ
لِقَوْلِهِمْ ؕ كَاَنَّهُمْ خُشُبٌ مُّسَنَّدَةٌ ؕ يَحْسَبُوْنَ كُلَّ صَيْحَةٍ
عَلَيْهِمْ ؕ هُمُ الْعَدُوُّ فَاحْذَرْهُمْ ؕ قٰتَلَهُمُ اللّٰهُ ۫ اَنّٰى
يُؤْفَكُوْنَ ﴿۴﴾ وَاِذَا قِيْلَ لَهُمْ تَعَالَوْا يَسْتَغْفِرْ لَكُمْ
رَسُوْلُ اللّٰهِ لَوَّوْا رُءُوْسَهُمْ وَرَاَيْتَهُمْ يَصُدُّوْنَ
وَهُمْ مُّسْتَكْبِرُوْنَ ﴿۵﴾ سَوَآءٌ عَلَيْهِمْ اَسْتَغْفَرْتَ
لَهُمْ اَمْ لَمْ تَسْتَغْفِرْ لَهُمْ ؕ لَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ ؕ

લોકોએ મસ્જિદ બનાવી, સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ત્યાં જુમ્અહની નમાઝ પઢાવી અને ખુત્બો પઢયા.

જુમ્અહનો દિવસ બધા દિવસોનો સરદાર છે જે મુઅમિન આ દિવસે મરે છે હદીષ શરીફમાં છે કે તેને અલ્લાહ તઆલા શહીદનો સવાબ આપે છે અને કબરના ફિત્નાથી બચાવે છે.

આયતમાં અઝાનનો ઇશારો પહેલી અઝાન તરફ છે નહિ કે બીજી અઝાન જે ખુત્બાના સમયે (ખુત્બા અગાઉ) થાય છે. જો કે પહેલી અઝાનનો વધારો હઝરત ઉસ્માન રદીયલ્લાહુ અન્હુના સમયમાં થયો છતાં નમાઝ માટે ઉતાવળ કરવાનું અને ખરીદ વેચાણ છોડવાનું એની સાથે જ સંધાએલું છે (દુર્રે મુખ્તાર)

૨૩૫. દોડવાનો મતલબ નાસવાનો નથી પણ હેતુ એ છે કે નમાઝ માટે તૈયારી શરૂ કરી દો અને ઝિકરૂલ્લાહ (અલ્લાહની યાદ)નો ઇશારો વધુ પડતા આલિમોના મંતવ્યાનુસાર ''ખુત્બા'' તરફ છે.

૨૩૬. **મસઅલો** :- આથી જણાયું કે જુમ્અહની અઝાન થતાંની સાથે જ ખરીદ વેચાણ હરામ થઇ જાય છે અને એમાં દુનિયાનાં તે તમામ કામો આવી જાય છે જે અલ્લાહની યાદથી ગફલતમાં નાખનારાં હોય, અઝાન થયા પછી (એ) તમામને છોડવાં જરૂરી છે.

**મસઅલો** :- આ આયતથી જુમ્અહનું ફર્ઝ હોવું અને વેપાર વિગેરે દુનિયવી કામોનું (તે સમયે) હરામ હોવું અને નમાઝની તૈયારી કરવી વિગેરેનું વાજિબ હોવું સાબિત થયું અને ખુત્બો પણ સાબિત થયો.

**મસઅલો** :- જુમ્અહ દરેક મુસલમાન પુરૂષ મુકલ્લફ (જેના પર શરીઅતના હુકમ લાગુ થતા હોય તે) સ્વતંત્ર (બિન ગુલામ) તંદુરૂસ્ત સ્થાઇ (બિન મુસાફર) પર શહેરમાં વાજિબ થાય છે અંધ અને લંગડા પર

વાજિબ થતો નથી જુમ્અહ સહીહ થવા માટે સાત શરતો છે;

(૧) શહેર હોવું જ્યાં કેસોનો ફેંસલો કરવાની સત્તા ધરાવતો કોઇ હાકેમ રહેતો હોય.

(૨) ઝોહરની નમાઝનો સમય હોવો.

(૩) સમયની અંદર ખુત્બાનું હોવું.

(૪) ખુત્બાનું નમાઝ પહેલાં હોવું એટલા લોકો સ્હામે જે જુમ્અહ માટે જરૂરી છે.

(૫) જમાઅત અને એની ઓછામાં ઓછી સંખ્યા ત્રણ પુરૂષો ઇમામ સિવાય હોવા જોઇએ.

(૬) હાકેમનું હોવું.

(૭) આમ પરવાનગીકે નમાઝીઓને નમાઝની જગ્યાએ આવતા અટકાવવામાં આવે નહિ.

૨૩૭. અર્થાત હવે તમારા માટે જાઇઝ છે કે રોજી રોજગારના કામોમાં મશગુલ થાવ. અથવા ઇલ્મ પ્રાપ્તિ કરો અથવા બીમારની ખબર લેવા જાવ અથવા જનાઝામાં જાવ અથવા ઉલમાની ઝિયારત (દર્શન) માટે જાવ બધું જાઇઝ છે.

૨૩૮. **શાને નુઝૂલ** :- નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ જુમ્અહના દિવસે મદીના શરીફમાં ઉભા રહીને ખુત્બો પઢી રહ્યા હતા એવા સમયે વેપારીઓનો એક કાફલો આવ્યો અને રૂઢી મુજબ તેના એલાન માટે નગારૂં વગાડવામાં આવ્યું, સમય ઘણો તંગી અને મોંઘવારીનો હતો લોકો એવા વિચારથી તેના તરફ દોડી ગયા કે જો ક્યાંક મોડું થશે તો વસ્તુઓ ખલાસ થઇ જશે અને આપણને મળશે નહિ અને મસ્જિદ શરીફમાં માત્ર બાર માણસો રહ્યા. ત્યારે આ આયતે કરીમા ઉતરી.

૨૩૯. **મસઅલો** :- આનાથી સાબિત થયું કે ખતીબે ઉભા થઇને ખુત્બો પઢવો જોઇએ.

૨૪૦. અર્થાત નમાઝનો અજર અને સવાબ તેમ જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની સેવામાં હાજર રહેવું.

૨૪૧. સૂરએ મુનાફિકૂન મદીનામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૧૧ આયતો ૧૮૦ શબ્દો અને ૯૭૬ અક્ષરો છે.

૨૪૨. ત્યારે પોતાના દિલમાં જે છે તેની વિરૂધ્ધ.

૨૪૩. તેમનું અંતર બાહય અનુસાર નથી, જે કહે છે તેનાથી વિરૂધ્ધ માન્યતા ધરાવે છે.

૨૪૪. કે એના કારણે કતલ અને કેદથી બચેલા રહે.

૨૪૫. અર્થાત લોકોને જિહાદથી અટકાવ્યા અથવા સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલ-યહિ વસલ્લમ પર ઇમાન લાવવાથી જાત જાતની શંકાઓ અને વસવસા નાખી ને.

૨૪૬. કે ઇમાન સ્હામે કુફ્રને અંગિકાર કરે છે.

૨૪૭. અર્થાત મુનાફિકોને જેમકે અબ્દુલ્લાહ બિન ઉબૈ વિગેરેને.

૨૪૮. ઇબ્ને ઉબૈ ખૂબસૂરત કદનો રૂપાળો અને વક્તા માણસ હતો અને તેના સાથીદાર મુનાફિકો લગભગ બધા જ એવા હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મજલિસ શરીફમાં જ્યારે એ લોકો આવતા ત્યારે ખૂબ સારી સારી વાતો કરતા જે સાંભળનારને બહું સરસ લાગતી.

૨૪૯. જેમનામાં નિર્જીવ છબીની જેમ ન તો ઇમાનની રૂહ ન પરિણામનો વિચાર કરનાર બુધ્ધિ.

૨૫૦. કોઇ કોઇને સાદ આપતું હોય અથવા પોતાની ખોવાએલી વસ્તુ ઢુંઢતું હોય અથવા લશ્કરમાં કોઇ વાત કોઇ હેતુસર ઊંચા અવાજે કહેવામાં આવે તો તેઓ પોતાની આંતરિક ખબાસત અને શંકાશિલ મનોદશાના કારણે એવું જ સમજે છે કે તેમને કશું કહેવાયું અને તેમને એ ભય લાગેલો રહે છે કે (ક્યાંક)

**કદાપી માફ નહિ કરે[૨૫૬]. બેશક અલ્લાહ ફાસિકોને માર્ગ આપતો નથી (૬) તેઓ જ છે જેઓ કહે છે કે; જેઓ રસૂલુલ્લાહની નિકટમાં છે તેમની પાછળ ખર્ચ કરો નહિ એટલે સુધી કે (તેઓ) ગભરાય ઉઠે. અને આકાશો તેમ જ પૃથ્વીના ભંડારો[૨૫૭] તો અલ્લાહના જ છે પણ મુનાફિકોને સમજ નથી (૭) કહે છે; જો અમે મદીના પાછા પહોંચ્યા[૨૫૮] તો અવશ્ય જે મહા આબરૂદાર છે તે તેમાંથી (મદીનામાંથી) તેને કાઢી મૂકશે જે ખૂબ હલકો છે.[૨૫૯] અને આબરૂ તો અલ્લાહ અને તેના રસૂલ અને મુસલમાનો માટે જ છે પરંતુ મુનાફિકોને ખબર નથી[૨૬૦] (૮) અય ઇમાનવાળાઓ! તમારા માલ કે તમારી ઔલાદ કોઇ (પણ) વસ્તુ તમને (ક્યાંક) અલ્લાહની યાદ વિસરાવી દે નહિ,[૨૬૧] અને જે એવું કરે[૨૬૨] તો તે લોકો જ ખોટમાં છે[૨૬૩] (૯) અને અમારા આપેલામાંથી કંઇક અમારા માર્ગમાં વાપરો[૨૬૪] તમારામાં કોઇને મૃત્યુ આવી લાગતાં પહેલાં પછી (તે) કહેવા માંડે કે; અય મારા પરવરદિગાર ! તેં મને થોડી મુદત સુધી મહેતલ કેમ આપી નહીં કે (જેથી) હું સદકો આપત અને નેક લોકોમાં થાત ? (૧૦) અને અલ્લાહ**



إِنَّ اللّٰهَ لَا يَهْدِي الْقَوْمَ الْفٰسِقِينَ ⑥ هُمُ الَّذِينَ
يَقُولُونَ لَا تُنْفِقُوا عَلٰى مَنْ عِنْدَ رَسُولِ اللّٰهِ
حَتّٰى يَنْفَضُّوا ۗ وَلِلّٰهِ خَزَآئِنُ السَّمٰوٰتِ وَالْأَرْضِ
وَلٰكِنَّ الْمُنٰفِقِينَ لَا يَفْقَهُونَ ⑦ يَقُولُونَ لَئِنْ رَّجَعْنَآ
إِلَى الْمَدِينَةِ لَيُخْرِجَنَّ الْأَعَزُّ مِنْهَا الْأَذَلَّ ۚ وَلِلّٰهِ الْعِزَّةُ
وَلِرَسُولِهٖ وَلِلْمُؤْمِنِينَ وَلٰكِنَّ الْمُنٰفِقِينَ لَا يَعْلَمُونَ ⑧
يٰٓأَيُّهَا الَّذِينَ اٰمَنُوا لَا تُلْهِكُمْ أَمْوَالُكُمْ وَلَآ أَوْلَادُكُمْ
عَنْ ذِكْرِ اللّٰهِ ۚ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ فَأُولٰٓئِكَ هُمُ الْخٰسِرُونَ ⑨
وَأَنْفِقُوا مِنْ مَّا رَزَقْنٰكُمْ مِّنْ قَبْلِ أَنْ يَّأْتِيَ
أَحَدَكُمُ الْمَوْتُ فَيَقُولَ رَبِّ لَوْلَآ أَخَّرْتَنِيٓ إِلٰٓى أَجَلٍ
قَرِيبٍ ۙ فَأَصَّدَّقَ وَأَكُنْ مِّنَ الصّٰلِحِينَ ⑩ وَلَنْ يُّؤَخِّرَ اللّٰهُ

તેમના વિષે કોઇ એવું બયાન ઉતરે જેનાથી તેમનું પોલ ફાટી જાય.

૨૫૧. દિલમાં સખત અદાવત રાખે છે અને અહીંની બાતમી કાફિરોને પહોંચાડે છે તેઓ તેમના જાસૂસો છે.

૨૫૨. અને તેમની જાહેરી હાલતથી છેતરાશો નહિ.

૨૫૩. અને સ્પષ્ટ દલીલો રજુ થયા છતાં સત્યથી મોઢું ઠેરવે છે.

૨૫૪. માફી માંગવા માટે.

૨૫૫. **શાને નુઝૂલ** :- મરીસીઅની લડાઇથી પરવાર્યા પછી જ્યારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કૂવા પાસે ઉતરાણ કર્યું ત્યારે ત્યાં એવો બનાવ બન્યો કે હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુ ના હલીફ જહજાહ ગિફારી અને ઇબ્ને ઉબૈ (મુનાફિક)ના હલીફ સનાન બિન દબર જહની વચ્ચે ઝગડો થયો, જહજાહે મુહાજિરીનને અને સનાને અન્સારને (મદદ માટે) પોકાર્યા. તે સમયે ઇબ્ને ઉબૈ મુનાફિક હુઝૂરની શાનમાં ઘણાં ગુસ્તાખી ભરેલા અને બેહુદા શબ્દો બક્યો અને એવું કહ્યું કે; મદીના તૈયબા પહોંચ્યા પછી અમારામાંથી ઇજ્જતવાળાઓ હલકા લોકોને કાઢી મૂકશે. અને પોતાની કોમને કહેવા માંડયો કે; જો તમે એમને પોતાનું એઠું ખાવા આપો નહિ તો એ લોકો તમારી ગરદનો પર ચઢી બેસે નહિ, હવે એમની પાછળ જરા પણ વાપરો નહિ જેથી એ લોકો મદીનામાંથી નાસી જાય.

તેની આવી અયોગ્ય વાતો સાંભળીને ઝૈદ બિન અરકમથી રહેવાયું નહિ તેમણે તેને કહ્યું કે; ખુદાની કસમ ! તું જ હલકો છે પોતાની કોમમાં અદેખાઇ ઘુસાડનાર અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ




**કદાપી કોઇ જીવને મહેતલ નહિ આપે જ્યારે કે તેનો વાયદો આવી લાગે.[૨૬૫] અને અલ્લાહને તમારાં કામોની ખબર છે (૧૧)**

### અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૬૬]

**જે કંઇ આકાશોમાં છે અને જે કંઇ પૃથ્વીમાં છે તે (સર્વે) અલ્લાહની પવિત્રતા બોલે છે તેનું જ રાજ્ય છે તેના જ વખાણ[૨૬૭] અને તે દરેક વસ્તુ પર શક્તિમાન છે[૨૬૮] (૧) તે જ છે જેણે તમને બનાવ્યા તો તમારામાં કોઇ કાફિર અને તમારામાં કોઇ મુસલમાન (છે) (૨) તેણે આકાશો અને પૃથ્વી સત્ય સાથે બનાવ્યાં અને તમારી આકૃતિ બનાવી તો તમારી શિકલ સારી બનાવી[૨૬૯] અને તેની તરફ જ પાછુ જવાનું છે[૨૭૦] (૩) જે કંઇ આકાશો અને પૃથ્વીમાં છે તે જાણે છે અને જે કંઇ તમે સંતાડો છો અને જાહેર કરો છો તે (પણ) જાણે છે અને અલ્લાહ દિલોની વાત જાણે છે (૪) શું તમને[૨૭૧] નથી પહોંચી તેમની ખબર જેમણે તમારાથી પહેલાં કુફ્ર કર્યું[૨૭૨] અને**

વસલ્લમના માથા મુબારક પર તો મેઅરાજનો તાજ છે, અલ્લાહ તઆલાએ આપને ઇજ્જત અને કુવ્વત આપેલી છે. ઇબ્ને ઉબૈ ત્યારે તેમને કહેવા લાગ્યો કે; ચુપ રહે ! હું તો આમ જ મશ્કરીમાં કહેતો હતો. પણ ઝૈદ બિન અરકમે આ વાત હુઝૂર સુધી પહોંચાડી દીધી. હઝરત ઉમરે ઇબ્ને ઉબૈને કતલ કરવાની પરવાનગી માંગી પણ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ના પાડી અને ફરમાવ્યું કે; લોકો કહેશે કે મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) પોતાના સાથીદારોને કતલ કરે છે.

હુઝૂરે ઇબ્ને ઉબૈને પૂછ્યું કે, તેં આવી વાતો કહી હતી ? ત્યારે તે ફરી ગયો અને કસમ ખાઇ ગયો કે મેં તો કશું કહ્યું નથી. તેના સાથીદારો જે મજલિસ શરીફમાં હાજર હતા તેઓ કહેવા માંડયા કે; ઇબ્ને ઉબૈ વૃધ્ધ અને આગેવાન માણસ છે, એ જે કંઇ કહે છે તે બરાબર છે, કદાચ ઝૈદ બિન અરકમની સમજફેર થઇ હશે અને તેમને વાત બરાબર યાદ રહી નહિ હોય. પણ પછી જ્યારે ઉપરની આયતો ઉતરી અને ઇબ્ને ઉબૈ નું જૂઠ પકડાઇ ગયું ત્યારે તેને કહેવામાં આવ્યું કે; જા અને હુઝૂરને વિનંતી કર કે તેઓ તારા માટે અલ્લાહના દરબારમાં માફી માંગે ત્યારે તેણે માથું ધુણાવ્યું અને કહેવા માંડયો કે; તમે કહ્યું કે ઇમાન લાવ તો હું ઇમાન લાવ્યો, તમે કહ્યું કે ઝકાત આપ તો મેં ઝકાત આપી, હવે તો એટલું જ બાકી રહ્યું છે કે હું મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ને સિજદો કરૂં. ત્યારે આ આયત ઉતરી.

૨૫૬. એટલા માટે કે તેઓ મુનાફિકપણામાં પાકા અને અડગ થઇ ચૂક્યા છે.

૨૫૭. તે જ સર્વેને રોજી આપનાર છે.

૨૫૮. આ લડાઇમાંથી પરત થઇને.

**પોતાના કર્મનો વબાલ ચાખ્યો ?[૨૭૩] અને તેમના માટે દુખ:દાયક અઝાબ છે[૨૭૪] (૫) આ એટલા માટે કે તેમની પાસે તેમના રસૂલો સ્પષ્ટ દલીલો લઇને આવ્યા[૨૭૫] તો (કાફિરો) બોલ્યા; 'શું માનવી અમને માર્ગદર્શન આપશે ?'[૨૭૬] તો કાફિર બન્યા[૨૭૭] અને ફરી બેઠા,[૨૭૮] અને અલ્લાહે બેનિયાઝીથી કામ લીધું. અને અલ્લાહ બેનિયાઝ છે બધા વખાણથી વખણાએલો (૬) કાફિરોએ બકવાટ કર્યો કે; 'તેઓ કદાપી (કયામતમાં) ઉઠાડવામાં આવશે નહિ' તમે ફરમાવો; 'કેમ નહીં ? મારા રબની કસમ ! જરૂર ઉઠાડવામાં આવશે પછી તમારા કરતુતો તમને જણાવવામાં આવશે અને આ અલ્લાહ માટે સરળ છે' (૭) તો ઇમાન લાવો અલ્લાહ અને તેના રસૂલ અને તે નૂર[૨૭૯] પર જે અમે ઉતાર્યું અને અલ્લાહ તમારાં કામોનો જાણકાર છે (૮) જે દિવસે બધાંના એકત્ર થવાના દિવસે[૨૮૦] તમને ભેગા કરશે, તે દિવસે છે હારી જનારાઓની હાર જાહેર થવાનો[૨૮૧] અને જેઓ અલ્લાહ પર ઇમાન લાવે અને સદકર્મો કરે અલ્લાહ તેની બુરાઇઓ ઉતારી દેશે અને તેને લઇ જશે (એવા) બગીચાઓમાં જેમની નીચે નહેરો વહે કે તેઓ હમેશાં તેમાં રહે. એજ મહાન સફળતા છે (૯) અને જેમણે કુફ્ર કર્યું**



عَذَابٌ أَلِيمٌ ۝ ذَٰلِكَ بِأَنَّهُ كَانَت تَّأْتِيهِمْ
رُسُلُهُم بِالْبَيِّنَاتِ فَقَالُوا أَبَشَرٌ يَهْدُونَنَا فَكَفَرُوا
وَتَوَلَّوا وَّاسْتَغْنَى اللَّهُ ۚ وَاللَّهُ غَنِيٌّ حَمِيدٌ ۝ زَعَمَ
الَّذِينَ كَفَرُوا أَن لَّن يُبْعَثُوا ۚ قُلْ بَلَىٰ وَرَبِّي
لَتُبْعَثُنَّ ثُمَّ لَتُنَبَّؤُنَّ بِمَا عَمِلْتُمْ ۚ وَذَٰلِكَ
عَلَى اللَّهِ يَسِيرٌ ۝ فَآمِنُوا بِاللَّهِ وَرَسُولِهِ وَالنُّورِ
الَّذِي أَنزَلْنَا ۚ وَاللَّهُ بِمَا تَعْمَلُونَ خَبِيرٌ ۝ يَوْمَ
يَجْمَعُكُمْ لِيَوْمِ الْجَمْعِ ۖ ذَٰلِكَ يَوْمُ التَّغَابُنِ ۗ وَمَن
يُؤْمِن بِاللَّهِ وَيَعْمَلْ صَالِحًا يُكَفِّرْ عَنْهُ سَيِّئَاتِهِ
وَيُدْخِلْهُ جَنَّاتٍ تَجْرِي مِن تَحْتِهَا الْأَنْهَارُ خَالِدِينَ
فِيهَا أَبَدًا ۚ ذَٰلِكَ الْفَوْزُ الْعَظِيمُ ۝ وَالَّذِينَ كَفَرُوا

૨૫૯. મુનાફિકોએ પોતાને આબરૂદાર અને મુઅમિનોને હલકા કહ્યા. અલ્લાહ તઆલા ફરમાવે છે.....

૨૬૦. આ આયત ઉતર્યા પછી અમુક દિવસોમાં જ ઇબ્ને ઉબૈ પોતાના નિફાકની હાલતમાં મરી ગયો.

૨૬૧. પાંચ સમયની નમાઝો અથવા કુરઆન શરીફ.

૨૬૨. કે દુનિયામાં મગ્ન બનીને દીનને વિસારે પાડી દે અને ધનના પ્રેમમાં પોતાની હાલતની પરવાહ કરે નહિ અને ઔલાદની ખુશી ખાતર આખેરતની રાહતને ભૂલી જાય.

૨૬૩. કે તેમણે નાશવંત જગત પાછળ આખેરતની કાયમ રહેનાર નેઅમતોની પરવા કરી નહિ.

૨૬૪. અર્થાત જે સદકાઓ (ઝકાત વિગેરે) વાજિબ છે તે આપો.

૨૬૫. જે લવહે મહફૂઝમાં આલેખાએલો છે.

૨૬૬. સૂરએ તગાબુન વધુ આલિમોના કહેવા અનુસાર મદીનામાં ઉતરેલી છે અને અમુક તફસીરકારોના મંતવ્યનુસાર મક્કા શરીફમાં ઉતરેલી છે સિવાય કે ત્રણ આયતો જે ''યા અય્યુહલ્લઝીન આમનૂ ઇન્ન મિન અઝવાજેકુમ'' થી શરૂ થાય છે. આ સૂરતમાં ૨ રૂકૂઅ ૧૮ આયતો ૨૪૧ શબ્દો અને ૧૦૭૦ અક્ષરો છે.

૨૬૭. પોતાના રાજ્યમાં સત્તા વાપરે છે જે ઇચ્છે છે જેવું ઇચ્છે છે તે કરે છે (તેનો) કોઇ ભાગીદાર કે શરીક નથી બધી જ નેઅમતો તેની જ છે.

وَكَذَّبُوا بِآيَاتِنَا أُولَٰئِكَ أَصْحَابُ النَّارِ خَالِدِينَ فِيهَا
وَبِئْسَ الْمَصِيرُ ﴿١٠﴾ مَا أَصَابَ مِن مُّصِيبَةٍ إِلَّا
بِإِذْنِ اللَّهِ ۗ وَمَن يُؤْمِن بِاللَّهِ يَهْدِ قَلْبَهُ ۚ وَاللَّهُ
بِكُلِّ شَيْءٍ عَلِيمٌ ﴿١١﴾ وَأَطِيعُوا اللَّهَ وَأَطِيعُوا الرَّسُولَ ۚ
فَإِن تَوَلَّيْتُمْ فَإِنَّمَا عَلَىٰ رَسُولِنَا الْبَلَاغُ الْمُبِينُ ﴿١٢﴾
اللَّهُ لَا إِلَٰهَ إِلَّا هُوَ ۚ وَعَلَى اللَّهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُونَ ﴿١٣﴾
يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِنَّ مِنْ أَزْوَاجِكُمْ وَأَوْلَادِكُمْ
عَدُوًّا لَّكُمْ فَاحْذَرُوهُمْ ۚ وَإِن تَعْفُوا وَتَصْفَحُوا
وَتَغْفِرُوا فَإِنَّ اللَّهَ غَفُورٌ رَّحِيمٌ ﴿١٤﴾ إِنَّمَا أَمْوَالُكُمْ
وَأَوْلَادُكُمْ فِتْنَةٌ ۚ وَاللَّهُ عِندَهُ أَجْرٌ عَظِيمٌ ﴿١٥﴾
فَاتَّقُوا اللَّهَ مَا اسْتَطَعْتُمْ وَاسْمَعُوا وَأَطِيعُوا

**અને અમારી આયતો જૂઠાડી તેઓ આગવાળા છે હમેશાં તેમાં રહે, અને કેવું ખરાબ પરિણામ (૧૦) કોઇ (પણ) મુસીબત અલ્લાહના હુકમ વગર પહોંચતી નથી.[૨૮૨] અને જે અલ્લાહ પર ઇમાન લાવે[૨૮૩] અલ્લાહ તેના દિલને માર્ગદર્શન આપશે.[૨૮૪] અને અલ્લાહ સર્વકંઇ જાણે છે (૧૧) અને અલ્લાહનો હુકમ માનો અને રસૂલનો હુકમ માનો, પછી જો તમે મોઢું ફેરવો[૨૮૫] તો જાણી લો કે અમારા રસૂલ પર તો માત્ર ચોખ્ખે ચોખ્ખું પહોંચાડી આપવાનું (જ) છે[૨૮૬] (૧૨) અલ્લાહ છે જેના સિવાય કોઇની બંદગી નથી અને ઇમાનવાળાઓ અલ્લાહ પર જ વિશ્વાસ કરે (૧૩) અય ઇમાનવાળાઓ ! તમારી અમુક પત્નીઓ અને બાળકો તમારા શત્રુ છે[૨૮૭] તો એમનાથી સાવચેત રહો[૨૮૮] અને જો માફ કરો અને દરગુજર કરો અને ક્ષમા આપી દો તો બેશક અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૪) તમારી દોલત અને તમારાં બાળકો કસોટી જ છે[૨૮૯] અને અલ્લાહ પાસે મહાન સવાબ છે[૨૯૦] (૧૫) તો જ્યાં સુધી બની શકે[૨૯૧] અલ્લાહથી ડરો અને આદેશ સાંભળો અને હુકમ માનો[૨૯૨] અને અલ્લાહ**

૨૬૮. હદીષ શરીફમાં છે કે માણસનું સદભાગ્ય (સઆદત) અને કુભાગ્ય (શકાવત) ફરિશ્તો અલ્લાહના હુકમથી તે સમયે જ લખી નાખે છે જ્યારે કે તે (માણસ) પોતાની માં ના પેટમાં હોય છે.

૨૬૯. તેથી અનિર્વાય છે કે તમે તમારૂં ચારિત્ર્ય પણ સારૂં રાખો.

૨૭૦. આખેરતમાં.

૨૭૧. અય મક્કાના કાફિરો !

૨૭૨. અર્થાત શું તમને પસાર થઇ ગએલી ઉમ્મતોની હાલતની જાણકારી નથી જેમણે નબીઓને જૂઠાડયા ?

૨૭૩. દુનિયામાં પોતાના કુફ્રની સજા પામ્યા.

૨૭૪. આખેરતમાં.

૨૭૫. મુઅજિઝાઓ દેખાડતા.

૨૭૬. અર્થાત તેમણે માનવી રસૂલ બની શકે એ વાતનો ઇન્કાર કર્યો. પણ એ વાત ખૂબ જ બુધ્ધિ વિહોણી અને નાસમજીની છે. પછી માનવીનું રસૂલ હોવું તો માન્યું નહિ અને પથ્થર ખુદા છે એવું માની લીધું.

૨૭૭. રસૂલોનો ઇન્કાર કરીને.

૨૭૮. ઇમાન તરફથી.

૨૭૯. નૂરનો ઇશારો કુરઆન શરીફ તરફ છે કારણ કે એના લીધે ગુમરાહીનો અંધકાર દૂર થાય

**ના માર્ગમાં વાપરો પોતાના હિત ખાતર. અને જે પોતાના જીવની લાલચથી બચાવવામાં આવ્યો[૨૯૩] તો તે લોકો જ સફળતા મેળવનાર છે (૧૬) જો તમે અલ્લાહને સારૂં કરજ આપશો[૨૯૪] (તો) તે તમારા માટે તેને ડબલ કરી આપશે અને તમને માફ કરી આપશે અને અલ્લાહ કદર કરનાર બરદાસ્ત કરનાર છે (૧૭) દરેક છૂપા અને જાહેર ને જાણકાર ઇજ્જતવાળો હિકમતવાળો (૧૮)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૯૫]**

**અય નબી ![૨૯૬] જ્યારે તમે લોકો સ્ત્રીઓને તલાક આપો તો તેણીઓની ઇદ્દતના સમય પર તલાક આપો અને ઇદ્દતની ગણત્રી કરો[૨૯૭] અને પોતાના રબ અલ્લાહથી ડરો, તેણીઓને ઇદ્દત દરમ્યાન તેણીઓનાં ઘરોમાંથી કાઢો નહિ. અને તેણીઓ પોતે નીકળે નહિ[૨૯૮] પરંતુ જ્યારે કે તેણીઓ કોઇ સ્પષ્ટ નિર્લજ્જતાની વાત આચરે,[૨૯૯] અને આ અલ્લાહની સીમાઓ છે અને જે અલ્લાહની હદો ફલાંગશે બેશક તેણે પોતાના જીવ પર જુલમ કર્યો. તમને જાણ નથી, કદાચ આ પછી અલ્લાહ કોઇ નવો આદેશ મોકલે[૩૦૦] (૧) તો જ્યારે તેણીઓ**

قد سمع الله ٢٨ الطلاق ٦٥

وَأَنفِقُوا خَيْرًا لِّأَنفُسِكُمْ ۗ وَمَن يُوقَ شُحَّ نَفْسِهِ
فَأُولَٰئِكَ هُمُ الْمُفْلِحُونَ ﴿١٦﴾ إِن تُقْرِضُوا اللَّهَ قَرْضًا
حَسَنًا يُضَاعِفْهُ لَكُمْ وَيَغْفِرْ لَكُمْ ۚ وَاللَّهُ شَكُورٌ حَلِيمٌ ﴿١٧﴾
عَالِمُ الْغَيْبِ وَالشَّهَادَةِ الْعَزِيزُ الْحَكِيمُ ﴿١٨﴾
سورة الطلاق بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
يَا أَيُّهَا النَّبِيُّ إِذَا طَلَّقْتُمُ النِّسَاءَ فَطَلِّقُوهُنَّ لِعِدَّتِهِنَّ
وَأَحْصُوا الْعِدَّةَ ۖ وَاتَّقُوا اللَّهَ رَبَّكُمْ ۖ لَا تُخْرِجُوهُنَّ
مِن بُيُوتِهِنَّ وَلَا يَخْرُجْنَ إِلَّا أَن يَأْتِينَ
بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ ۚ وَتِلْكَ حُدُودُ اللَّهِ ۚ وَمَن يَتَعَدَّ
حُدُودَ اللَّهِ فَقَدْ ظَلَمَ نَفْسَهُ ۚ لَا تَدْرِي لَعَلَّ اللَّهَ
يُحْدِثُ بَعْدَ ذَٰلِكَ أَمْرًا ﴿١﴾ فَإِذَا بَلَغْنَ أَجَلَهُنَّ

છે અને દરેક વસ્તુની અસલ હકીકત દેખાય આવે છે.

૨૮૦. અર્થાત કયામતના દિવસે જ્યારે બધા જ આગલા પાછલાઓ એકત્ર થશે.

૨૮૧. અર્થાત કાફિરોની મેહરૂમી (વંચિતતા) જાહેર થવાનો.

૨૮૨. મૃત્યુની અથવા રોગની અથવા માલ દૌલતના નુકસાનની અથવા બીજી કોઇ.

૨૮૩. અને જાણે કે જે કંઇ થાય છે તે અલ્લાહની મરજીથી જ થાય છે અને મુસીબત પડે ત્યારે ''ઇન્ના લિલ્લાહે વઇન્ના ઇલૈહિ રાજિઊન'' પઢે અને અલ્લાહ તઆલાની દેણ બદલ તેનો આભાર (શુકર) કરે અને મુસીબત પડે ત્યારે ધીરજ (સબર) કરે.

૨૮૪. કે તે હજુ વધારે નેકીઓ અને ઇબાદતોમાં મગ્ન બને.

૨૮૫. અલ્લાહ તઆલા અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ફરમાંબરદારીથી.

૨૮૬. અને તેમણે પોતાનો ફર્ઝ બજાવી દીધો.

૨૮૭. કે તમને નેકીઓથી અટકાવે છે.

૨૮૮. અને તેમના કહેવાથી નેકીઓ ત્યજો નહિ.

**શાને નુઝૂલ** :- અમુક મુસલમાનોએ મક્કા મુકર્રમાથી હિજરત કરવાનો ઇરાદો કર્યો ત્યારે તેમની પત્નીઓ અને બાળકોએ તેમને અટકાવ્યા અને કહ્યું કે; તમારો વિયોગ અમારાથી સહેવાશે નહિ તમે ચાલ્યા જશો તો અમે તમારી પાછળ હલાક થઈ જઈશું. આ વાતે તેમની ઉપર અસર ઉપજાવી અને તેઓ રોકાઈ ગયા. અમુક મુદ્દત પછી જ્યારે તેમણે હિજરત કરી ત્યારે તેમણે હુઝૂરના સહાબાને જોયા કે દીનમાં ખૂબ નિષ્ણાત અને પાવરધા બની ગયા છે એવું દેખીને તેમણે પોતાની પત્નીઓ અને બાળકોને સજા કરવાનો

ઇરાદો કર્યો અને એવો ઇરાદો કર્યો કે તેમની ખાધા ખોરાકી બંધ કરી દે કારણ કે તે લોકોએ જ એમને હિજરતથી અટકાવ્યા હતા જેનું પરિણામ એ આવ્યું કે હુઝૂરની સાથે હિજરત કરનાર સહાબીઓ ઇલ્મ અને દીનની સમજદારીમાં એમનાથી ઘણા આગળ નીકળી ગયા. તે બાબતે આ આયતે કરીમા ઉતરી અને તેમને પોતાની પત્નીઓ અને બાળકો તરફથી દરગુજર કરવા અને માફ કરી દેવાની પ્રેરણા આપવામાં આવી. જેમકે ફરમાવવામાં આવે છે...

૨૮૯. કે કદીક એમના કારણે માનવી ગુન્હાઓ અને નાફરમાની કરવા માંડે છે અને તેમાં મશ્ગૂલ બનીને આખેરતમાં કામો કરવાથી ગાફેલ બની બેસે છે.

૨૯૦. તેથી ખ્યાલ રાખો ક્યાંક એવું બને નહિ કે માલદોલત અને ઔલાદમાં મગ્ન બનીને મહાન સવાબ ગુમાવી બેસો.

૨૯૧. અર્થાત પોતાની શક્તિ અનુસાર ઇબાદત અને બંદગી બજાવી લાવો.

૨૯૨. અલ્લાહ તઆલાનો અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો.

૨૯૩. અને તેણે પોતાની દોલતને શાંતિપૂર્વક શરીઅતના હુક્મ મુજબ વાપરી.

૨૯૪. અર્થાત હૃદયપૂર્વક નેક નિય્યત સાથે હલાલ માલમાંથી સદકો આપશો.....

સદકો આપવાને મહેરબાનીની રાહે કરજ કહ્યું. એમાં સદકો આપવાની પ્રેરણા છે કે સદકો આપનાર નુકસાનમાં નથી બલ્કે તેનો બદલો મેળવશે.

૨૯૫. સૂરએ તલાક મદીનમાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૧૨ આયતો ૨૪૯ શબ્દો અને ૧૦૬૦ અક્ષરો છે.

૨૯૬. પોતાની ઉમ્મતને કહી દો કે.....

૨૯૭. **શાને નુઝૂલ** :- આ આયત હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદીયલ્લાહુ અન્હુ વિષે ઉતરી તેમણે પોતાની પત્નીને સ્ત્રીઓના ખાસ દિવસોમાં તલાક આપી હતી, સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમને રજઅત કરવાનો (પાછી ખેંચી લેવાનો) હુક્મ આપ્યો અને ફરમાવ્યું કે; પછી જો તમારે તલાક આપવી જ હોય તો પાકીના સમયમાં આપજો.

આ આયતમાં સ્ત્રીઓનો મતલબ એવી સ્ત્રીઓ છે જેમની સાથે તેમના પતિઓ સંભોગ કરી ચૂક્યા હોય અને સગીરવયની ગર્ભવતી કે માસિક વૃધ્ધાવસ્થાના કારણે બંધ થઇ ગયું હોય તેવી ન હોય.

**મસઅલો** :- જેની સાથે પતિએ સંભોગ કર્યો ન હોય તેવી સ્ત્રી માટે ઇદ્દત નથી. અને ઉપર વર્ણવા-એલી ત્રણ પ્રકારની સ્ત્રીઓ જેમને હેઝ આવતું નથી તેમની ઇદ્દત હેઝથી ગણાશે નહિ.

**મસઅલો** :- બિન સંભોગાએલી પત્નીને હેઝ દરમ્યાન તલાક આપવી જાઇઝ છે આયતમાં જે હુક્મ આપવામાં આવ્યો છે તે એવી સંભોગાએલી પત્નીને હેઝ દરમ્યાન તલાક આપવી જાઇઝ છે. આયતમાં જે હુક્મ આપવામાં આવ્યો છે તે એવી સંભોગાએલી પત્નીઓ માટે છે જેમની ઇદ્દતની ગણત્રી હેઝથી થતી હોય. એવી સ્ત્રીઓને તલાક આપવી હોય તો એવા પાકીના દિવસોમાં આપે જે દિવસોમાં તેણી સાથે સોહબત કરી ન હોય અને પછી ઇદ્દત પુરી થતાં સુધી તેણી પાસે જાય નહિ, એને ''તલાકે અહસન'' કહે છે. જે સ્ત્રી સાથે તેણીના પતિએ સોહબત કરી ન હોય તેને એક તલાક આપવાને ''તલાક હસન'' કહે છે ભલે એ તલાક હેઝમાં આપવામાં આવી હોય. અને સંભોગાએલી પત્નીને ત્રણ એવી પાકીના દિવસોમાં કે જે દરમ્યાન તેણી પાસે ગયો ન હોય (એક એક કરીને) ત્રણ તલાકો આપવાને પણ ''તલાકે હસન'' કહે છે. અને સંભોગાએલી

قد سمع الله ٢٨ — الطلاق ٦٥

فَأَمْسِكُوهُنَّ بِمَعْرُوفٍ أَوْ فَارِقُوهُنَّ بِمَعْرُوفٍ
وَأَشْهِدُوا ذَوَيْ عَدْلٍ مِّنكُمْ وَأَقِيمُوا الشَّهَادَةَ لِلَّهِ
ذَٰلِكُمْ يُوعَظُ بِهِ مَن كَانَ يُؤْمِنُ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ
وَمَن يَتَّقِ اللَّهَ يَجْعَل لَّهُ مَخْرَجًا ۝ وَيَرْزُقْهُ
مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ وَمَن يَتَوَكَّلْ عَلَى اللَّهِ
فَهُوَ حَسْبُهُ إِنَّ اللَّهَ بَالِغُ أَمْرِهِ قَدْ جَعَلَ اللَّهُ لِكُلِّ
شَيْءٍ قَدْرًا ۝ وَاللَّائِي يَئِسْنَ مِنَ الْمَحِيضِ مِن
نِّسَائِكُمْ إِنِ ارْتَبْتُمْ فَعِدَّتُهُنَّ ثَلَاثَةُ أَشْهُرٍ وَاللَّائِي لَمْ
يَحِضْنَ وَأُولَاتُ الْأَحْمَالِ أَجَلُهُنَّ أَن يَضَعْنَ
حَمْلَهُنَّ وَمَن يَتَّقِ اللَّهَ يَجْعَل لَّهُ مِنْ أَمْرِهِ يُسْرًا ۝
ذَٰلِكَ أَمْرُ اللَّهِ أَنزَلَهُ إِلَيْكُمْ وَمَن يَتَّقِ اللَّهَ يُكَفِّرْ عَنْهُ سَيِّئَاتِهِ

**પોતાની મુદ્દત સુધી પહોંચવા આવે[૩૦૧] ત્યારે તેણીઓને ભલાઇ સાથે અટકાવી લો અથવા ભલાઇ સાથે અલગ કરી દો,[૩૦૨] અને પોતાનામાંથી બે પરહેઝગારોને ગવાહ બનાવી લો. અને અલ્લાહ માટે ગવાહી કાયમ કરો.[૩૦૩] આનાથી તેને નસીહત કરવામાં આવે છે જે અલ્લાહ અને પાછલા દિવસ પર ઇમાન ધરાવતો હોય.[૩૦૪] અને જે અલ્લાહથી ડરે[૩૦૫] અલ્લાહ તેના માટે છુટકારાનો માર્ગ કાઢી દેશે[૩૦૬] (૨) અને તેને ત્યાંથી રોજી આપશે જ્યાં તેનું અનુમાન (પણ) ન હોય. અને જે અલ્લાહ પર ભરોસો કરે તો તે તેને પુરતો છે.[૩૦૭] બેશક અલ્લાહ પોતાનું કામ સંપૂર્ણ કરનાર છે. બેશક અલ્લાહે દરેક વસ્તુનો એક અંદાજો રાખ્યો છે (૩) અને તમારી સ્ત્રીઓ માં જેને હેઝની આશા રહી ન હોય,[૩૦૮] જો તમને કંઇક શંકા હોય[૩૦૯] તો તેવીઓની ઇદ્દત ત્રણ મહીના છે અને તેવીઓની (પણ) જેમને હજુ હેઝ શરૂ થયું નથી.[૩૧૦] અને ગર્ભવતીઓની ઇદ્દત એ છે કે તેણીઓ પોતાનો ગર્ભ પ્રસવ કરે.[૩૧૧] અને જે અલ્લાહથી ડરે અલ્લાહ તેના કામમાં સરળતા કરી દેશે (૪) આ[૩૧૨] અલ્લાહનો હુકમ છે કે (જે) તેણે તમારી તરફ ઉતાર્યો. અને જે અલ્લાહથી**

પત્નીને હેઝ ન આવતું હોય તો તેણીને ત્રણ તલાકો ત્રણ મહીનાઓમાં દેવી એ પણ ''તલાકે હસન'' છે. હેઝના દિવસો દરમ્યાન તલાક આપવી અથવા એવા પાકીના દિવસોમાં તલાક આપવી જે દરમ્યાન તેણી સાથે સોહબત કરી હોય તો એ ''તલાકે બિદઇ'' કહેવાય છે. એવી જ રીતે એક પાકીના દિવસોમાં ત્રણ તલાકો અથવા બે તલાકો એક સામટી અથવા બે વાર આપી દેવી પણ ''તલાકે બિદઇ'' છે ભલે ને પાકીના દિવસોમાં સોહબત કરી ન હોય.

**મસઅલો** :- ''તલાકે બિદઇ'' મકરૂહ છે પણ લાગુ પડી જાય છે અને એવી તલાક આપનાર ગુન્હેગાર થાય છે.

૨૯૮. સ્ત્રી માટે ઇદ્દત પતિના ઘરમાં પુરી કરવી જરૂરી છે. પતિને જાઇઝ નથી કે તલાક આપેલી સ્ત્રીને ઘરમાંથી કાઢી મૂકે. અને સ્ત્રીઓને પણ જાઇઝ નથી કે પોતે ઘરમાંથી નીકળી જાય.

૨૯૯. તેણીઓથી કોઇ ગુન્હાનું કામ થઇ જાય જે બદલ સજા મળતી હોય જેમકે ઝિના અને ચોરી કે તેના માટે (ન્યાયાલય અથવા સજા માટે) તેણીઓને નીકળવું જ પડશે.

૩૦૦. રજઅત (પલ્ટાવી લેવું) નો.

૩૦૧. એટલે કે ઇદ્દત પુરી થવા આવે.

૩૦૨. અર્થાત તમને અખત્યાર છે, જો તમે તેણીઓ સાથે સારી રીતે સપ્રેમ રહેવા ઇચ્છો તો રજઅત કરી લો અને ફરી બીજીવાર તલાક આપવાનો ઇરાદો દિલમાં રાખો નહિ અને જો તમને તેણીઓ સાથે સારી રીતે જીવન વ્યતિત થવાની આશા ન હોય તો મહેર વિગેરે તેણીઓના હક્કો આપીને તેમને અલગ કરી દો




**ડરે[૩૧૩] અલ્લાહ તેની બુરાઇઓ ઉતારી આપશે અને તેને મહાન સવાબ આપશે (૫) સ્ત્રીઓને ત્યાં રાખો જ્યાં પોતે રહો છો પોતાની મગદૂર મુજબ.[૩૧૪] અને તેણીઓને કષ્ટ આપો નહિ કે તેણીઓ પર તંગી કરો.[૩૧૫] અને જો[૩૧૬] ગર્ભવતી હોય તો તેણીઓને ખાધાખોરાકી આપો ત્યાં સુધી કે તેમને પ્રસુતિ થાય.[૩૧૭] પછી જો તેણીઓ તમારા માટે બાળકને દૂધ પીવાડે તો તેણીઓને એનું વળતર આપો[૩૧૮] અને પરસ્પર સારી રીતે મશ્વરો કરો,[૩૧૯] પછી જો અંદરોઅંદર વાંધા ઉઠાવો[૩૨૦] તો નજીક છે કે તેને બીજી દૂધ પાનારી મળી આવશે (૬) મગદૂરવાળો[૩૨૧] પોતાની મગદૂર મુજબ ખાધા ખોરાકી આપે, અને જેના પર તેની રોજી તંગ કરવામાં આવી તે તેમાંથી ખાધા ખોરાકી આપે જે અલ્લાહે તેને આપ્યું. અલ્લાહ કોઇ પર બોજો લાદતો નથી પણ તેટલા પ્રમાણમાં જ કે જેટલું તેને આપ્યું છે. નજીક છે કે અલ્લાહ તકલીફ પછી સરળતા કરી આપશે[૩૨૨] (૭) અને કેટલાંએ શહેરો હતાં જેમણે પોતાના રબના હુકમ અને તેના રસૂલો સાથે બંડખોરી કરી તો અમે તેમની પાસેથી સખત હિસાબ લીધો[૩૨૩] અને તેમને ખરાબ માર માર્યો[૩૨૪] (૮) તો તેમણે પોતાનાં કર્મોનો વબાલ ચાખ્યો અને તેમના કામનું પરિણામ ખોટ નીકળ્યું (૯) અલ્લાહે તેમના માટે સખત**

અને તેણીઓને તકલીફ ન આપો એ રીતે કે ઇદ્દત પુરી થવા આવે ત્યારે પલ્ટાવી લો પાછા તલાક આપો અને એ રીતે તેણીઓની ઇદ્દત લંબાવ્યા કરીને તેણીઓને દુ:ખ આપો એવું ન કરો. અને રજઅત કરો કે અલગ કરો બન્ને પરિસ્થિતિઓમાં આક્ષેપબાજીથી બચવા અને ઝગડો દફે કરવા બે મુસલમાનોને ગવાહ બનાવી લેવા મુસ્તહબ છે. જેમકે ફરમાવાઇ છે......

૩૦૩. એનો હેતુ તેને ખુશ રાખવાનો હોવો જોઇએ અને સત્ય વાત સાબિત કરવા તેમ જ અલ્લાહના હુક્મનું પાલન કરવા સિવાય પોતાની કોઇ મેલી મુરાદ તેમાં હોવી જોઇએ નહિ.

૩૦૪. **મસઅલો** :- આનાથી દલીલ કરવામાં આવે છે કે (કુરઆન) જ્યારે શરીઅતના હુક્મો અને મસાઇલને લાગતી બાબતોનું બયાન કરે છે ત્યારે તેમાં કાફિરોને સંબોધન કરતું નથી.

૩૦૫. અને તલાક આપે તો તલાકે સુન્ની આપે અને ઇદ્દતવાળીને તકલીફ ન આપે અને તેણીને ઘરમાંથી કાઢે નહિ તેમ જ અલ્લાહના હુક્મ અનુસાર મુસલમાનોને ગવાહ બનાવી લે.

૩૦૬. જેનાથી તે દુનિયા અને આખેરતની ચિંતાઓ માંથી છુટકારો મેળવશે અને દરેક તંગી અને પરેશાનીથી મુક્ત રહેશે. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું છે કે; જે કોઇ આ આયત ને પઢશે અલ્લાહ તઆલા તેના માટે દુનિયાની શંકાશિલ બાબતો મૃત્યુની સખ્તાઇ અને કયામતના દિવસની તકલીફોથી મુક્તિનો માર્ગ કાઢી આપશે. અને આ આયત વિષે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસ-લ્લમે એવું પણ ફરમાવ્યું છે કે; મારી જાણમાં એક એવી આયત છે કે જો લોકો તેને યાદ રાખે તો તે તેમની પ્રત્યેક જરૂરિયાત અને હાજત માટે પુરતી છે.

**શાને નુઝૂલ** :- ઔફ બિન માલિકના ફરઝંદને મુશરિકોએ કેદ પકડી લીધા ત્યારે ઔફ હુઝૂરની સેવા માં હાજર થયા અને કહ્યું કે; મારા દીકરાને મુશરિકોએ કેદ પકડી લીધો છે. અને સાથે સાથે પોતાની નાદારી અને મોહતાજીની ફરિયાદ પણ કરી. હુઝૂરે ફરમાવ્યું કે; અલ્લાહનો ડર રાખો અને સબર કરો અને ''લાહવલ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહિલ અલીય્યિલ અઝીમ'' ખૂબ વધારે પઢતા રહો. ઔફ ઘેર આવીને પોતાની પત્નીને એ કહી સંભળાવ્યું અને બન્નેએ પઢવાનું શરૂ કર્યું. તેઓ હજુ પઢી જ રહ્યાં હતાં કે દીકરાએ દરવાજો ખખડાવ્યો. દુશ્મન ગફલતમાં પડી જવાથી તેઓ લાગ જોઇને કેદમાંથી છટકી નાઠા અને આવતાં આવતાં દુશ્મનની ચાર હજાર બકરીઓ પણ સાથે લાવ્યા. ઔફે હુઝૂરની સેવામાં હાજર થઇને પૂછ્યું કે; શું આ બકરીઓ તેમના માટે હલાલ છે ? હુઝૂરે રજા આપી અને આ આયત ઉતરી.

૩૦૭. ઉભય જગતમાં.

૩૦૮. વૃધ્ધા થઇ જવાના કારણે કે તેણીઓ નિરાશાની વયે પહોંચી ચૂકી હોય. ''સન્ને અયાસ'' (નિરાશાની વય એક કથન અનુસાર ૫૫ વરસની ઉંમર છે અને એક કથન મુજબ ૬૦ વરસની. અને ખરૂં એ છે કે જે ઉંમરે હેઝ આવવું બંધ પડી જાય તે સન્ને અયાસ છે.

૩૦૯. એ બાબતમાં કે તેવીઓ માટે શું હુક્મ છે ?

**શાને નુઝૂલ** :- સહાબાએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને પૂછયું કે; હેઝવાળી સ્ત્રીઓની ઇદ્દત તો અમે જાણી લીધી પણ જે હેઝવાળી ન હોય તેવીઓની ઇદ્દત શું છે ? તે બાબતે આ આયત ઉતરી.

૩૧૦. અર્થાત તેણીઓ સગીરવયની છે અથવા ઉંમર લાયક તો થઇ ગઇ છે પણ હજુ હેઝ શરૂ થયું નથી તેવીઓની ઇદ્દત પણ ત્રણ મહીના છે.

૩૧૧. ગર્ભવતી સ્ત્રીઓની ઇદ્દત પ્રસુતિ સુધીની છે તે તલાકની ઇદ્દત હોય કે વફાત(મરણ)ની.

૩૧૨. હુક્મો જે વર્ણવાયા.

૩૧૩. અને અલ્લાહના ઉતારેલા હુક્મો મુજબ વર્તે અને પોતાની ઉપર જે હક્કો નીકળે તેને સાવચેતી પૂર્વક અદા કરે.

૩૧૪. **મસઅલો** :- તલાક આપી હોય તેવી સ્ત્રીને ઇદ્દત સુધી રહેવા માટે હેસિયત મુજબ મકાન આપવું પતિ પર વાજિબ છે અને તેટલો સમય ખાધા ખોરાકી આપવી પણ વાજિબ છે.

૩૧૫. જગ્યા ફાળવવામાં કે તેણીઓના મકાનને ઘેરી લઇને અથવા કોઇ બનત ન થાય તેવાને તેમના ઘરમાં રાખીને અથવા બીજું કોઇ એવું કષ્ટ આપીને કે જેનાથી ત્યાંથી નિકળી જવા લાચાર બને.

૩૧૬. તે તલાક આપેલી સ્ત્રીઓ.

૩૧૭. કારણ કે ત્યારે જ તેણીઓની ઇદ્દત પુરી થશે.

**મસઅલો** :- ખાધા ખોરાકી જે રીતે ગર્ભવતીને આપવી જરૂરી છે તેવી જ રીતે બિનગર્ભવતીને પણ આપવી વાજિબ છે ભલે પછી તેણીને તલાકે રજઇ આપી હોય કે બાઇન.

૩૧૮. **મસઅલો** :- બાળકને દૂધ પાવું માં પર વાજિબ નથી એ બાપના માથે છે કે વળતર આપીને દૂધ પીવાડે પણ જો બાળક માં સિવાય બીજી સ્ત્રીનું દૂધ ન પીએ અથવા બાપ નાદાર હોય તો એવી પરિસ્થિતિમાં માં પર દૂધ પીવાડવું વાજિબ થઇ જાય છે. બાળકની માં જ્યાં સુધી બાળકના પિતાના નિકાહમાં હોય અથવા તલાકે રજઇની ઇદ્દતમાં હોય ત્યાં સુધી દૂધ પીવાડવાનું વળતર લેવું જાઇઝ નથી ઇદ્દત પછી જાઇઝ છે.

**અઝાબ તૈયાર કરી રાખ્યો છે. તો અય બુધ્ધિમાનો ! અલ્લાહથી ડરો તેઓ જે ઇમાન લાવ્યા છો. બેશક અલ્લાહે તમારા માટે ઇજ્જત ઉતારી છે (૧૦) તે રસૂલ[૩૨૫] કે (જે) તિલાવત કરે છે તમારી સમક્ષ અલ્લાહની સ્પષ્ટ આયતો જેથી તેમને જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યા[૩૨૬] અંધારાઓમાંથી[૩૨૭] અજવાળા તરફ લઇ જાય. અને જેઓ અલ્લાહ પર ઇમાન લાવે અને સારાં કામો કરે તે તેમને બગીચાઓમાં લઇ જશે જેમની નીચે નહેરો વહે જેમની અંદર હમેશાં હંમેશ રહે. બેશક અલ્લાહે તેના માટે સારી રોજી રાખી[૩૨૮] (૧૧) અલ્લાહ છે જેણે સાત આકાશો બનાવ્યાં[૩૨૯] અને તેટલી જ જમીનો,[૩૩૦] હુકમ એમની વચમાં ઉતરે છે[૩૩૧] જેથી તમે જાણી લો કે અલ્લાહ સર્વ કંઇ કરી શકે છે. અલ્લાહનું ઇલ્મ દરેક વસ્તુને ઘેરી વળેલું છે (૧૨)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૩૨]**

**અય ગૈબ કહી આપનાર (નબી) ! તમે પોતાની ઉપર શા માટે હરામ કરી લો છો તે વસ્તુ જે અલ્લાહે તમારા માટે**

التحريم ٦٦ — قد سمع الله ٢٨

عَذَابًا شَدِيدًا ۙ فَاتَّقُوا اللّٰهَ يٰٓاُولِي الْاَلْبَابِ ۚ الَّذِينَ
اٰمَنُوا ۛ قَدْ اَنْزَلَ اللّٰهُ اِلَيْكُمْ ذِكْرًا ﴿١٠﴾ رَّسُولًا يَّتْلُوا عَلَيْكُمْ
اٰيٰتِ اللّٰهِ مُبَيِّنٰتٍ لِّيُخْرِجَ الَّذِينَ اٰمَنُوا وَعَمِلُوا الصّٰلِحٰتِ
مِنَ الظُّلُمٰتِ اِلَى النُّورِ ۭ وَمَنْ يُّؤْمِنْ بِاللّٰهِ وَيَعْمَلْ
صَالِحًا يُّدْخِلْهُ جَنّٰتٍ تَجْرِي مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ
خٰلِدِينَ فِيهَآ اَبَدًا ۭ قَدْ اَحْسَنَ اللّٰهُ لَهٗ رِزْقًا ﴿١١﴾ اَللّٰهُ
الَّذِي خَلَقَ سَبْعَ سَمٰوٰتٍ وَّمِنَ الْاَرْضِ مِثْلَهُنَّ ۭ
يَتَنَزَّلُ الْاَمْرُ بَيْنَهُنَّ لِتَعْلَمُوٓا اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ
قَدِيرٌ ۙ وَّاَنَّ اللّٰهَ قَدْ اَحَاطَ بِكُلِّ شَيْءٍ عِلْمًا ﴿١٢﴾

سورة التحريم مدنية — بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيمِ — عشرة آيات ركوعان

يٰٓاَيُّهَا النَّبِيُّ لِمَ تُحَرِّمُ مَآ اَحَلَّ اللّٰهُ لَكَ ۚ تَبْتَغِيْ مَرْضَاتَ

**મસઅલો** :- કોઇ સ્ત્રીને નક્કી કરેલા વળતર બદલ દૂધ પીવાડવા નિયુક્ત કરવી જાઇઝ છે.

**મસઅલો** :- બીજી સ્ત્રી કરતાં વળતર લઇને દૂધ પાવાનો માંને વધારે હક્ક છે.

**મસઅલો** :- જો માં વધારે વળતર માંગતી હોય તો પછી બીજી સ્ત્રી બહેતર છે.

**મસઅલો** :- દુધ પીવાડવાના વળતરમાં (દૂધ પીવાડવા સિવાય) બાળકને નવડાવવું તેનાં કપડાં ધોવાં, તેને તેલ લગાડવું, તેના ખોરાકની વ્યવસ્થા કરવી (પણ) જરૂરી બને છે, પણ આ બધી વસ્તુઓની કિંમત બાપના માથે છે.

**મસઅલો** :- દૂધ પીવાડનારીએ બાળકને પોતાનું નહિ પણ બકરીનું દૂધ પાયું અથવા ખોરાક પર રાખ્યું તો તેણી વળતરની હકદાર નથી.

૩૧૯. ન તો પુરૂષ સ્ત્રીના હક્કમાં લાપરવાઇ કરે ન સ્ત્રી પુરૂષના મામલામાં સખ્તાઇ કરે.

૩૨૦. દા. ત. માં બીજી સ્ત્રીને મળતા વળતરથી રાજી થાય નહિ અને બાપ વધારે આપવા માંગે નહિ.

૩૨૧. તલાકવાળી અને દૂધ પાનારી સ્ત્રીઓને...

૩૨૨. રોજીની તંગી પછી.

૩૨૩. હિસાબ એટલે આખેરત જેનું આગમન નિશ્ચિત છે તેથી જ તેને ભૂતકાળના શબ્દ વડે વર્ણવ્યું.

૩૨૪. જહન્નમના અઝાબનો અથવા દુનિયામાં દુકાળ, કતલ વિગેરે મુસીબતોમાં સપડાવીને.

૩૨૫. અર્થાત આ રસૂલે કરીમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૩૨૬. કુફ્ર અને જહાલતના.....

قد سمع الله ٢٨ — التحريم ٦٦

أَزْوَاجِكَ ۚ وَاللَّهُ غَفُورٌ رَّحِيمٌ ① قَدْ فَرَضَ اللَّهُ لَكُمْ
تَحِلَّةَ أَيْمَانِكُمْ ۚ وَاللَّهُ مَوْلَاكُمْ ۖ وَهُوَ الْعَلِيمُ الْحَكِيمُ ②
وَإِذْ أَسَرَّ النَّبِيُّ إِلَىٰ بَعْضِ أَزْوَاجِهِ حَدِيثًا فَلَمَّا
نَبَّأَتْ بِهِ وَأَظْهَرَهُ اللَّهُ عَلَيْهِ عَرَّفَ بَعْضَهُ وَأَعْرَضَ
عَن بَعْضٍ ۖ فَلَمَّا نَبَّأَهَا بِهِ قَالَتْ مَنْ أَنبَأَكَ هَٰذَا ۖ
قَالَ نَبَّأَنِيَ الْعَلِيمُ الْخَبِيرُ ③ إِن تَتُوبَا إِلَى اللَّهِ فَقَدْ
صَغَتْ قُلُوبُكُمَا ۖ وَإِن تَظَاهَرَا عَلَيْهِ فَإِنَّ اللَّهَ هُوَ مَوْلَاهُ
وَجِبْرِيلُ وَصَالِحُ الْمُؤْمِنِينَ ۖ وَالْمَلَائِكَةُ بَعْدَ ذَٰلِكَ
ظَهِيرٌ ④ عَسَىٰ رَبُّهُ إِن طَلَّقَكُنَّ أَن يُبْدِلَهُ
أَزْوَاجًا خَيْرًا مِّنكُنَّ مُسْلِمَاتٍ مُّؤْمِنَاتٍ قَانِتَاتٍ تَائِبَاتٍ
عَابِدَاتٍ سَائِحَاتٍ ثَيِّبَاتٍ وَأَبْكَارًا ⑤ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا

**હલાલ કરી ?[૩૩૩] પોતાની બીબીઓની ખુશી ઇચ્છો છો. અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧) બેશક ! અલ્લાહે તમારા માટે નક્કી કરી દીધું તમારી કસમોનો ઉતાર.[૩૩૪] અને અલ્લાહ તમારો માલિક છે અને અલ્લાહ ઇલ્મવાળો હિકમતવાળો છે (૨) અને જ્યારે નબીએ પોતાની એક બીબીને[૩૩૫] એક ભેદની વાત કહી[૩૩૬] પછી જ્યારે તેણીએ[૩૩૭] એની ખબર આપી દીધી અને અલ્લાહે એ નબી પર જાહેર કરી દીધું તો નબીએ તેને થોડું કહ્યું અને અમુકથી ચશ્મ પોશી કરી.[૩૩૮] પછી જ્યારે નબીએ તેણીને એની ખબર આપી (ત્યારે તેણીએ)કહ્યું ;[૩૩૯] 'હુઝૂરને કોણે કહ્યું ?' ફરમાવ્યું ; 'મને ઇલ્મવાળા ખબરવાળાએ કહ્યું'[૩૪૦] (૩) નબીની બન્ને બીબીઓ ! જો તમે અલ્લાહ તરફ ધ્યાન કરો તો[૩૪૧] જરૂર તમારાં હૃદયો માર્ગથી જરાક હટી ગયાં છે[૩૪૨] અને જો એમની ઉપર જોર નાંખો[૩૪૩] તો બેશક અલ્લાહ એમનો મદદગાર છે અને જિબ્રીલ અને ઇમાનવાળાઓ અને ત્યાર પછી ફરિશ્તાઓ સહાયક છે (૪) જો તેઓ (હુઝૂર) તમને તલાક આપી દે તો નજીક છે કે તેમનો રબ તેમને તમારાથી ઉત્તમ બીબીઓ બદલી આપે કહયાગરી ઇમાનવાળી વિનયી[૩૪૪] તવબહવાળી બંદગીવાળી[૩૪૫] રોઝા રાખનારી પરણી ચૂકેલી અને કુંવારીઓ[૩૪૬] (૫) અય**

૩૨૭. ઇમાન અને ઇલ્મના.

૩૨૮. જન્નત જેની નેઅમતો હમેશાં બાકી રહેશે કદી સમાપ્ત નહિ થાય.

૩૨૯. એકની ઉપર એક, દરેકનું પડ (ઘટ્ટ) પાંચસો વરસનો રસ્તો અને એકનું બીજા વચ્ચે ૫૦૦ વરસના માર્ગનું અંતર.

૩૩૦. અર્થાત જમીનો પણ સાત.

૩૩૧. અર્થાત અલ્લાહ તઆલાનો હુક્મ એ બધામાં લાગુ થાય છે. અથવા એ અર્થ છે કે જિબ્રઇલ અમીન આકાશમાંથી વહી લઇને જમીન તરફ ઉતરે છે.

૩૩૨. સૂરએ તહરીમ મદીનામાં ઉતરેલી છે. એમાં ૨ રૂકૂઅ ૧૨ આયતો ૨૪૭ શબ્દો અને ૧૦૬૦ અક્ષરો છે.

૩૩૩. **શાને નુઝૂલ** :- હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ હઝરત ઉમ્મુલ મુઅમિનીન હફસા રદીયલ્લાહુ અન્હાના ઘરમાં પધાર્યા. તેણી હુઝૂરની પરવાનગીથી પોતાના વાલિદ હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હુની ખબર પૂછવા (બીમાર પુર્સી) ગયાં. હુઝૂરે હઝરત મારિયહ કિબ્તીયહને સેવાની તક આપી, હઝરત હફસાને એ ગમ્યું નહિ. હુઝૂરે તેમને રાજી કરવા ફરમાવ્યું કે, મેં મારિયહને પોતાની ઉપર હરામ કરી લીધી અને હું તમને ખુશખબર આપુ છું કે મારા પછી ઉમ્મતનાં કામોની વ્યવસ્થા અબૂબક્ર અને ઉમરના હાથમાં હશે (રદીયલ્લાહુ તઆલા અન્હુમ). તેણી એનાથી રાજી થઇ ગયાં અને અતિ હર્ષાવેશમાં તેમણે આ આખી વાતચીત હઝરત આઇશહ રદીયલ્લાહુ અન્હાને કહી સંભળાવી. તે બાબતે આ આયતે કરીમા ઉતરી, અને

ફરમાવવામાં આવ્યું કે જે વસ્તુ અલ્લાહ તઆલાએ તમારા માટે હલાલ કરી એટલે કે મારિયહ કિબ્તીયહ તમે તેમને પોતાની ઉપર શા માટે હરામ કરી લો છો ? પોતાની બીબીઓ હઝરત હફસા અને હઝરત આઇશહ રદીયલ્લાહુ અન્હુમાને રાજી કરવા ખાતર ?

અને આ આયતના શાને નુઝૂલ બાબત એક કથન એવું પણ છે કે; જ્યારે હુઝૂર ઉમ્મુલ મુઅમિનીન ઝેનબ બિન્તે જહશના ઘેર પધારતા ત્યારે તેણી આપને મધ ખવડાવતાં તેથી તેણીના ઘેર થોડી વધુ વાર સુધી રોકાતા. આ વાત હઝરત હફસા અને હઝરત આઇશહ રદીયલ્લાહુ અન્હુમાને ગમતી નહિ અને તેણીઓની ઇચ્છા થઇ કે હુઝૂર અમારે ત્યાં વધુ રોકાય, તેથી તેણીઓએ પરસ્પર મસ્લત કરી કે જ્યારે હુઝૂર તેણીઓ પાસે આવે ત્યારે એવું કહેવું કે; હુઝૂરના મોઢા મુબારકમાંથી 'મગાફીર'ની વાસ આવે છે. અને ''મગાફિર'' ની વાસ હુઝૂરને ગમતી ન હતી તેથી આવું કહેવામાં આવ્યું. હુઝૂરને તેમના હેતુની ખબર હતી તેથી ફરમાવ્યું કે; મગાફીર તો મારી નજીક આવ્યું નથી પણ બીબી ઝેનબને ઘર મધ લીધું હતું તેને હું મારી ઉપર હરામ કરૂ છું. આશય કહેવાનો એ હતો કે બીબી ઝેનબને ઘેર મધ લેતો હોવાથી તમને એ ગમતું નથી તેથી હું મધને જ છોડી દઉં છું. તે બાબત આ આયતે કરીમા ઉતરી.

૩૩૪. અર્થાત કફફારો, તો આપ મારિયહને સેવાથી પાવન કરો અથવા મધ પીઓ. અથવા કસમ ના ઉતારનો મતલબ એ છે કે કસમ પછી ઇન્શાઅલ્લાહ બોલવામાં આવે કે જેથી તેના વિરૂધ્ધ કરવાથી કસમ તુટે નહિ.

મકાતિલે કહ્યું છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મારિયહને હરામ કરવાના કફફારા રૂપે એક ગુલામ આઝાદ કર્યો. અને હસન રદીયલ્લાહુ અન્હુએ કહ્યું છે કે હુઝૂરે કફ્ફારો આપ્યો નથી કારણ કે આપતો બખ્શાએલા છે કફફારાનો હુક્મ ઉમ્મતની તાલીમ માટે છે.

**મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે હલાલ વસ્તુને પોતાની ઉપર હરામ કરી લેવી એ કસમમાં ગણાય છે.

૩૩૫. અર્થાત હઝરત હફસા રદીયલ્લાહુ અન્હા.

૩૩૬. મારિયહને પોતાની ઉપર હરામ કરી લેવાની અને એની સાથે એવું પણ ફરમાવ્યું હતું કે; આ વાત કોઇને કહેશો નહિ.

૩૩૭. અર્થાત હઝરત હફસાએ હઝરત આઇશાને.

૩૩૮. અર્થાત મારિયહને હરામ કરી લેવાની અને હઝરત અબૂબક્ર તેમજ હઝરત ઉમરની ખિલાફત બાબત, એમ બે વાતો કહી હતી તેમાંથી એક વાતનું જ વર્ણન કર્યું કે તમે આ વાત કહી દીધી છે અને બીજી વાતનું જાહેર કર્યું નહિ. આ આપની મહેરબાની હતી કે પૂછપરછ કરવામાં અમુક વાતને જતી કરી.

૩૩૯. હઝરત હફસા રદીયલ્લાહુ તઆલા અન્હા.

૩૪૦. જેનાથી કશું જ છુપું નથી. ત્યાર પછી અલ્લાહ તઆલા હઝરત હફસા અને હઝરત આઇશા રદીયલ્લાહુ અન્હુમાને સંબોધન કરે છે.

૩૪૧. એ તમારા પર વાજિબ છે.

૩૪૨. કે તમને તે વાત ગમી જે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ગમતી નથી એટલે કે મારિયહને હરામ કરી લેવાં.

૩૪૩. અને પરસ્પર સમજુતી કરીને એવો તરીકો અપનાવો જે હુઝૂરને ગમે નહિ.

قُوْٓا اَنْفُسَكُمْ وَاَهْلِيْكُمْ نَارًا وَّقُوْدُهَا النَّاسُ وَالْحِجَارَةُ
عَلَيْهَا مَلٰٓئِكَةٌ غِلَاظٌ شِدَادٌ لَّا يَعْصُوْنَ اللّٰهَ مَآ
اَمَرَهُمْ وَيَفْعَلُوْنَ مَا يُؤْمَرُوْنَ ۝٦ يٰٓاَيُّهَا الَّذِيْنَ
كَفَرُوْا لَا تَعْتَذِرُوا الْيَوْمَ اِنَّمَا تُجْزَوْنَ مَا كُنْتُمْ
تَعْمَلُوْنَ ۝٧ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا تُوْبُوْٓا اِلَى اللّٰهِ تَوْبَةً
نَّصُوْحًا عَسٰى رَبُّكُمْ اَنْ يُّكَفِّرَ عَنْكُمْ سَيِّاٰتِكُمْ وَيُدْخِلَكُمْ
جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ يَوْمَ لَا يُخْزِي اللّٰهُ
النَّبِيَّ وَالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ نُوْرُهُمْ يَسْعٰى بَيْنَ
اَيْدِيْهِمْ وَبِاَيْمَانِهِمْ يَقُوْلُوْنَ رَبَّنَآ اَتْمِمْ لَنَا
نُوْرَنَا وَاغْفِرْ لَنَا اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ۝٨
يٰٓاَيُّهَا النَّبِيُّ جَاهِدِ الْكُفَّارَ وَالْمُنٰفِقِيْنَ وَاغْلُظْ

**ઇમાનવાળાઓ ! પોતાના પ્રાણો અને પોતાનાં ઘરવાળાઓને તે આગથી બચાવો[૩૪૭] જેનું બળતણ માનવી[૩૪૮] અને પથ્થર છે[૩૪૯] તેના પર સખત અઘરા ફરિશાતઓ નિયુક્ત છે[૩૫૦] જેઓ અલ્લાહના હુકમનો અનાદર કરતા નથી અને જે હુકમ તેમને થાય તે જ કરે છે[૩૫૧] (૬) અય કાફિરો ! આજે બહાનાંઓ બનાવો નહિ[૩૫૨] તમને તે જ બદલો મળશે જે તમે કરતા હતા (૭) અય ઇમાનવાળાઓ ! અલ્લાહ સમક્ષ એવી તવબહ કરો જે આગળ માટે નસીહત બની જાય.[૩૫૩] નજીક છે કે તમારો રબ[૩૫૪] તમારી બુરાઇઓ તમારી ઉપરથી ઉતારી દે અને તમને બગીચાઓમાં લઇ જાય જેની નીચે નહેરો વહે જે દિવસે અલ્લાહ નબીને અને એમની સાથેના ઇમાનવાળા-ઓને[૩૫૫] ફજેત નહિ કરે. તેમનું નૂર તેમની આગળ અને તેમની જમણે દોડતું હશે.[૩૫૬] કહેશે; 'અય અમારા રબ ! અમને અમારૂં નૂર સંપૂર્ણપણે આપ[૩૫૭] અને અમને માફ કરી દે બેશક તને દરેક વસ્તુ પર સત્તા છે' (૮) અય ગૈબ કહેનાર (નબી) ![૩૫૮] કાફિરો અને મુનાફિકો સ્હામે[૩૫૯]**

૩૪૪. જેઓ અલ્લાહ તઆલા અને તેના રસૂલની ફરમાંબરદાર અને તેમની ખુશી ઇચ્છનારી હોય.

૩૪૫. અર્થાત ખૂબ ઇબાદત ગુજાર.

૩૪૬. આ દ્વારા હુઝૂરની બીબીઓને ખોફ દેખાડવામાં આવ્યો છે કે જો તેણીઓએ હુઝૂરને નારાઝ કર્યા અને હુઝૂરે તેણીઓને તલાક આપી દીધી તો હુઝૂરને અલ્લાહ તઆલા પોતાની મહેરબાનીથી બીજી ઉત્તમ પત્નીઓ આપશે. આ ખોફ દેખાડવાનો અસર આપની બીબીઓને થયો અને તેણીઓએ હુઝૂરની સેવાને દરેક નેઅમત કરતાં બેહતર સમજી અને હુઝૂરની ખુશી દરેક વસ્તુ કરતાં વધારે જરૂરી ગણી તેથી આપે તેણીઓને તલાક આપી નહિ.

૩૪૭. અલ્લાહ અને તેના રસૂલની આજ્ઞાઓનું પાલન કરીને ઇબાદતો કરીને ગુન્હાઓ ત્યજીને અને ઘરવાળાંઓને નેકીનો આદેશ આપીને તેમજ ગુન્હાઓથી મનાઇ કરીને તથા તેમને ઇલ્મ અને અદબ શિખ-વીને.

૩૪૮. અર્થાત કાફિર.

૩૪૯. અર્થાત મૂર્તિઓ વિગેરે. મતલબ એ છે કે જહન્નમની આગ ખૂબ ગરમીવાળી છે અને જે રીતે દુનિયાની આગ લાકડાં વિગેરેથી સળગે છે તે રીતે જહન્નમની આગ તેનાથી સળગે છે જેનું વર્ણન કરવામાં આવ્યું.

૩૫૦. જેઓ ખૂબ શક્તિશાળી અને જોરાવર છે અને તેમની પ્રકૃતિઓમાં દયા નથી.

૩૫૧. દોઝખમાં પ્રવેશતી વેળા કાફિરોને કહેવાશે જ્યારે કે તેઓ દોઝખની આગની સખ્તાઇ અને

**જેહાદ કરો અને તેમની ઉપર સખ્તાઇ કરો. અને તેમનું સ્થાન જહન્નમ છે અને કેટલું ખરાબ ઠેકાણું ? (૯) અલ્લાહ કાફિરોનો દાખલો આપે છે ;[૩૬૦] નૂહની સ્ત્રી અને લૂતની સ્ત્રી, તેણીઓ અમારા બંદાઓમાંથી નિકટતાને પાત્ર બે બંદાઓના નિકાહમાં હતી પછી તેણીઓ એ તેમની સાથે દગો કર્યો[૩૬૧] તો તેઓ અલ્લાહ સ્હામે તેણીઓને કશા કામ લાગ્યા નહિ અને કહી દેવામાં આવ્યું કે ;[૩૬૨] 'તમે બન્ને સ્ત્રીઓ જનારાઓ સાથે[૩૬૩] જહન્નમ માં જાવ' (૧૦) અને અલ્લાહ મુસલમાનોનો દાખલો આપે છે ;[૩૬૪] ફિરઔનની પત્ની,[૩૬૫] જ્યારે તેણીએ વિનંતી કરી; 'અય મારા રબ ! મારા માટે પોતાની પાસે જન્નતમાં ઘર બનાવ[૩૬૬] અને મને ફિરઔન તેમજ તેના કામથી છુટકારો આપ[૩૬૭] અને મને જાલિમ લોકોથી છુટકારો આપ'[૩૬૮] (૧૧) અને ઇમરાનની પુત્રી મરયમ, જેણે પોતાના શિયળનું રક્ષણ કર્યું તો અમે તેમાં પોતાના તરફ ની રૂહ ફૂંકી અને તેણીએ પોતાના રબની વાતો[૩૬૯] અને તેની કિતાબો[૩૭૦] ની સત્યતાને ટેકો આપ્યો અને કહયાગરાઓમાં થઇ (૧૨)**



عليهم وماواهم جهنم وبئس المصير ﴿٩﴾ ضرب
الله مثلا للذين كفروا امرات نوح وامرات
لوط كانتا تحت عبدين من عبادنا صالحين
فخانتاهما فلم يغنيا عنهما من الله شيئا وقيل
ادخلا النار مع الداخلين ﴿١٠﴾ وضرب الله مثلا
للذين امنوا امرات فرعون اذ قالت رب
ابن لي عندك بيتا في الجنة ونجني من
فرعون وعمله ونجني من القوم الظالمين ﴿١١﴾
ومريم ابنت عمران التي احصنت فرجها
فنفخنا فيه من روحنا وصدقت بكلمات
ربها وكتبه وكانت من القانتين ﴿١٢﴾

તેનો અઝાબ જોશે કે.....

૩૫૨. કારણ કે હવે તમારા માટે બહાનાની કશી ગુંજાઇશ રહી નથી અને આજે કોઇ બહાનું સ્વીકારાશે નહિ.

૩૫૩. અર્થાત સાચી તવબહ જેનો અસર તવબહ કરનારાઓના કામોમાં પ્રગટ થાય અને તેનું જીવન ફરમાંબરદારી અને ઇબાદતોથી ઉભરાઇ ઉઠે અને તે ગુન્હાઓથી વેગળો રહે. હઝરત ઉમર અને બીજા સહાબીઓએ ફરમાવ્યું છે કે; ''તવબતુન્નસૂહ'' તે તવબહ છે કે ત્યાર પછી તવબહ કરનાર પાછો ગુન્હાઓ તરફ પલ્ટે નહિ જેમકે દોહેલુ દૂધ પાછું આંચળમાં જતુ નથી.

૩૫૪. તવબહ સ્વીકાર્યા પછી.....

૩૫૫. આમાં કાફિરોને કહી સંભળાવવામાં આવ્યું છે કે તે દિવસ તેમના માટે ફજેતીનો હશે અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને આપના સાથીદારો માટે ઇજ્જતનો હશે.

૩૫૬. પુલ સિરાત પર. અને જ્યારે ઇમાનવાળાઓ દેખશે કે મુનાફિકનું નૂર હોલવાઇ ગયું ત્યારે....

૩૫૭. અર્થાત તેને બાકી રાખ કે જન્નતમાં પ્રવેશતાં સુધી બાકી રહે.

૩૫૮. તલ્વાર વડે...

૩૫૯. કડક વાત સારી નસીહત તેમજ મજબૂત દલીલ વડે.

૩૬૦. એ બાબતમાં કે તેમને તેમના કુફ્ર અને મુઅમિનો સાથે અદાવત રાખવા બદલ અઝાબ કરવામાં આવશે અને એ કુફ્ર તેમજ અદાવતના કારણે તેમને તેમની ખાનદાની અને ઇમાનવાળાઓ સાથેનાં એમનાં

સગપણો અને સંબંધો કશો લાભ આપશે નહિ.

૩૬૧. દીનમાં કુફ્ર કર્યું. હઝરત નૂહ અલયહિસ્સલામની પત્ની વાહેલા પોતાની કોમને હઝરત નૂહ વિષે કહેતી હતી કે; તેઓ તો પાગલ છે અને હઝરત લૂત અલયહિસ્સલામની પત્ની વાએલા પોતાનો નિફાક સંતાડતી હતી અને જે મહેમાનો આપના ઘેર આવતા હતા આગ સળગાવીને કોમને તેમના આગમનના સમાચાર આપી દેતી હતી.

૩૬૨. તેમને મૃત્યુ સમયે અથવા કયામતના દિવસે. અને ભૂતકાળના શબ્દ દ્વારા એટલા માટે વર્ણવાયું છે કે એવું ખાત્રીપુર્વક થવાનું જ છે.

૩૬૩. અર્થાત પોતાની કોમોના કાફિરો સાથે કારણ કે તમારી અને એ નબીઓની વચ્ચે તમારા કુફ્રના કારણે કશો સંબંધ રહ્યો નહિ.

૩૬૪. કે તેમને બીજાઓના ગુન્હા નુકસાન કરતા નથી.

૩૬૫. જેમનું નામ આસિયહ બિન્તે મઝાહિમ હતું. જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે જાદુગરોને હરાવ્યા ત્યારે એ આસિયહ આપની ઉપર ઇમાન લાવ્યાં હતાં. ફિરઔનને ખબર પડી ત્યારે તેણે આપને સખત શિક્ષાઓ આપી આપના હાથ પગ ખુંટીઓ સાથે બંધાવી છાતી પર ભારે શિલા મૂકાવી અને તડ-કામાં મૂકી રાખ્યાં. જ્યારે ફિરઔનના લોકો આપની પાસેથી હટી જતા ત્યારે ફરિશ્તાઓ આપની ઉપર છાંયડો કરતા હતા.

૩૬૬. અલ્લાહ તઆલાએ તેમનું જે મકાન જન્નતમાં છે તે તેમને દેખાડયું અને તેની ખુશીમાં ફિરઔનના અત્યાચારોની સખ્તાઇ તેમના માટે (વેઠવાની) સહેલી બની ગઇ.

૩૬૭. ફિરઔનના કામનો મતલબ યા તો તેનું કુફ્ર શિર્ક અને જુલ્મ છે અથવા તેની નિકટતા.

૩૬૮. અર્થાત ફિરઔનના સહધર્મીઓથી. જેમકે તેમની એ દુઆ કબૂલ થઇ અને અલ્લાહ તઆલાએ તેમની રૂહ કાઢી લીધી. અને ઇબ્ને કીસાને કહ્યું છે કે; તેમને જીવતાં ઉપાડીને જન્નતમાં લઇ જવામાં આવ્યાં.

૩૬૯. 'રબની વાતો' એટલે શરીઅતના આદેશો અને (લાગુ પડતા) હુક્મો.

૩૭૦. કિતાબો એટલે કે કિતાબો જે પૈગમ્બરો (અલયહિમુસ્સલામ) પર ઉતરી હતી.